શનિવાર
તા. ૨૭-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૧૪
અંક : ૧૨૨
કુલ પાના : ૪

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....








● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪


# પશ્ચિમ બંગાળ સહિત ૪ રાજ્યોની ચૂંટણીનો શંખનાદ

## પંચ દ્વારા ૪ રાજ્યો તથ કેન્દ્ર સાશીત પ્રદેશનો લાંબો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો : બીજી મેના રોજ મત ગણતરી



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૬

પાંચ રાજ્યમાં ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી વડા સુનીલ અરોડાએ શુક્રવારે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ પ્રમાણે મતદાનની શરૂઆત પશ્ચિમ બંગાળ અને આસામથી થશે. આ બન્ને રાજ્યમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચના રોજ યોજાશે. પાંચ રાજ્યોમાં મતગણતરી ૨ મેના રોજ થશે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે ૮ તબક્કામાં ચૂંટણી યોજાશે. આસામમાં ૩ તબક્કામાં અને અન્ય ત્રણ રાજ્યોમાં એક તબક્કામાં ચૂંટણી યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, આસામમાં ૩ તબક્કામાં વિધાનસભા ચૂંટણી થશે. પહેલા તબક્કામાં ૪૭ સીટો પર ૨૭ માર્ચથી વોટિંગ થશે. બીજા તબક્કાની ૪૯ સીટો પર ૧ એપ્રિલના વોટિંગ થશે. ત્રીજા તબક્કાની ૪૦ સીટો પર ૬ એપ્રિલના વોટિંગ થશે અને તમામ જગ્યાઓ પર ૨ મેના પરિણામો જાહેર થશે. તો કેરળમાં ૧૪ જિલ્લાની ૧૪૦ વિધાનસભા સીટો પર એક જ તબક્કામાં ૬ એપ્રિલના ચૂંટણી થશે.

પોન્ડિચેરીમાં ૬ એપ્રિલના વોટિંગ થશે અને ૨ મેના પરિણામો આવશે. તમિલનાડુ અને કેરળમાં ફક્ત એક જ તબક્કામાં મતદાન થશે. અહીં મતદાન ૬ એપ્રિલના થશે. આ જ રીતે કેરળમાં પણ ૬ એપ્રિલના જ મતદાન થશે. પોંડિચેરીમાં એક તબક્કામાં જ મતદાન થશે અને ૨ મેના પરિણામો આવશે. તો પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં મતદાન થશે. બંગાળમાં ૨૭ માર્ચના પહેલા તબક્કાનું મતદાન થશે. બીજા તબક્કામાં ૧ એપ્રિલના મતદાન થશે.

ઉલ્લેખનીય છે કે ૪ 'મે'થી બૉર્ડની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. આને જોતા ચૂંટણી પંચે ૫ રાજ્યોમાં ૧લી 'મે'થી પહેલા ચૂંટણી કાર્યક્રમ પૂર્ણ કરવાનો પ્લાન બનાવ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, તમામ ચૂંટણી અધિકારીઓનું રસીકરણ થશે. આસામમાં આ વખતે૩૩ હજારથી વધારે પોલિંગ સ્ટેશનો હશે, તમિલનાડુંમાં ૮૮ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. પશ્ચિમ બંગાળમાં ૧ લાખ ૧ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. કેરળમાં ૪૦ હજારથી વધારે પોલિંગ બૂત હશે. પોંડિચેરીમાં ૧૫૦૦થી વધારે પોલિંગ બૂથ હશે.

આ વિધાનસભા ચૂંટણીમાં ૧૮ કરોડથી વધારે મતદારો વોટિંગ કરશે. કુલ ૮૨૪ વિધાનસભા સીટો પર મતદાન થશે. દરેક જગ્યાએ મતદાન કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. આનાથી કોઈ સમજૂતી કરવામાં નહીં આવે. ઉમેદવારોને ફક્ત ૫ લોકો સાથે જ ઘરેઘરે જઈને ચૂંટણી પ્રચાર કરવાની અનુમતિ હશે. વિધાનસભા ચૂંટણી દરમિયાન પર્યાપ્ત માત્રમાં કેન્દ્રીય સુરક્ષાદળોને આ ૫ રાજ્યોમાં તૈનાત કરવામાં આવશે. સંવેદનશીલ બૂથોની ઓળખ કરી લેવામાં આવી છે તેવું મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું. તમામ પોલિંગ સ્ટેશનો પર પીવાના પાણી, વીજળી, વેઈટિંગ એરિયા, સેનિટાઈઝર, માસ્ક, સાફ પાણી, વ્હિલ ચેર વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

ચૂંટણી પંચે કહ્યું કે, પોંડિચેરીમાં ઉમેદવારોને મહત્તમ ૨૨ લાખ રૂપિયા ખર્ચ કરવાની પરવાનગી હશે. બાકીના ૪ રાજ્યોમાં ૩૮ લાખ રૂપિયાની અધિકતમ સીમા હશે.ઉલ્લેખનીય છે કે ૨૪ મે ૨૦૨૧ના તમિલનાડુમાં વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ૩૦ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આસામમાં ૩૧ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે.

### બંગાળમાં ૮ તબક્કામાં ચૂંટણી

પ્રથમ તબક્કો: બેઠકો ૩૦ (પુરુલિયા, બાંકુડા, ઝાડગ્રામ, પશ્ચિમ મેદિનીપુર, પૂર્વી મેદિનીપુર)
મતદાન: ૨૭ માર્ચ
મતગણતરી ૨ મે
બીજો તબક્કો
બેઠકો: ૩૦ (બાંકુડા, પશ્ચિમી મેદિનીપુર, પૂર્વી મેદિનીપુર, દક્ષિણ-૨૪ પરગના)
મતદાન: ૧લી એપ્રિલ
ત્રીજો તબક્કો
બેઠક: ૩૧
મતદાન: ૬ એપ્રિલ
ચોથો તબક્કો
બેઠક: ૪૪
મતદાન: ૧૦ એપ્રિલ
પાંચમો તબક્કો
બેઠકો: ૪૫
વોટિંગ: ૧૭ એપ્રિલ
છઠ્ઠો તબક્કો
બેઠક: ૪૩
મતદાન: ૨૨ એપ્રિલ
સાતમો તબક્કો
બેઠક: ૩૬
મતદાન: ૨૬ એપ્રિલ
આઠમો તબક્કો
બેઠક: ૩૫
મતદાન: ૧૨ એપ્રિલ

**આસામમાં ૩ તબક્કામાં થશે મતદાન**

આસામમાં વિધાનસભા ચૂંટણી ૩ તબક્કામાં યોજાશે. મતગણતરી ૨ મેના રોજ થશે.
પ્રથમ તબક્કો-૪૭ બેઠક
બીજો તબક્કો
બેઠક: ૩૯
મતદાન: ૧લી એપ્રિલ
ત્રીજો તબક્કો
બેઠક:૪૦
મતદાન: ૬ એપ્રિલ

**કેરળમાં એક તબક્કામાં ચૂંટણી યોજાશે**

અધિસૂચના: ૧૨ માર્ચ
નામાંકન: ૧૯ માર્ચ
સ્ક્રૂટની: ૨૦ માર્ચ
નામ પાછું ખેંચવાની તારીખ: ૨૨ માર્ચ
મતદાન: ૬ એપ્રિલ

**તમિલનાડુમાં પણ એક તબક્કામાં**

અધિસૂચના: ૧૨ માર્ચ
નામાંકન: ૧૯ માર્ચ
સ્ક્રૂટની: ૨૦ માર્ચ
નામ પાછું ખેંચવાની તારીખ: ૨૨ માર્ચ
મતદાન: ૬ એપ્રિલ

## ૫ રાજ્યમાં ૮૨૪ વિધાનસભા બેઠક, આ વખતે ૧૮.૬૮ કરોડ મતદાતા: પોલિંગ સ્ટાફનું વેક્સિનેશન કરવામાં આવશે, ચૂંટણી પ્રચાર માટે પણ નિયમોનું પાલન કરવું પડશે અને ૨.૭ લાખ મતદાન કેન્દ્ર,મતદાનનો સમય ૧ કલાક વધારે રહેશે

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો અને GST મુદ્દે ભારત બંધ: ભરૂચમાં નહીંવત અસર દેખાઈ

(જી.એન.એસ.)ભરૂચ,તા.૨૬

પેટ્રોલ અને ડીઝલના ભડકે બળી રહેલાં ભાવોના પગલે મોંઘવારી વધી છે. ગરીબ અને મધ્યમવર્ગની હાલત એક સાંધતા તેર તુટે જેવી થઇ ચુકી છે. પેટ્રોલ અને ડીઝલના વધી રહેલાં ભાવો તથા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને લઈને ધ કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ શુક્રવારના રોજ ભારત બંધનું એલાન આપ્યું હતું.ભારતમાં છેલ્લા બે સપ્તાહથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહયો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાના કારણે મોંઘવારી વધી છે. શાકભાજીથી માંડી અન્ય ચીજવસ્તુઓની કિમંતો વધી જતાં ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી બની ચુકી છે. પેટ્રોલ અને ડીઝલના વધી રહેલાં ભાવો ટ્રાન્સપોર્ટરોને જયારે ગુડસ એન્ડ સર્વિસ ટેકસના નિયમોમાં કરાયેલાં






ફેરફારો વેપારીઓને દઝાડી રહયાં છે. દેશમાં હાલ જીએસટી અમલમાં છે પણ તેના નિયમોમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યાં છે. નવા નિયમોમાં અધિકારીઓને વધુ સત્તા આપવામાં આવી હતી.

હવે કોઈપણ અધિકારી કોઈપણ કારણોસર કોઈપણ વેપારી જીએસટી રજિસ્ટ્રેશન નંબર સસ્પેન્ડ અથવા કેન્સલ કરી શકે છે. બેંક ખાતાં અને સંપત્તિ પણ જપ્ત કરી શકે છે. ખાસ વાત એ છે કે આ કરતાં પહેલાં વેપારીને કોઈ નોટિસ આપવામાં આવશે નહીં. એ વેપારીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. નવા નિયમો સામે વેપારીઓ નારાજ છે.હવે વાત ટ્રાન્સપોર્ટરની કરીએ તો, ઈ-વે બિલની મર્યાદા ૧૦૦ કિ.મી.થી વધારીને ૨૦૦ કિ.મી. કરવામાં આવી છે. ૧ જાન્યુઆરીથી અમલમાં આવેલા નવા ઈ-વે બિલ નિયમથી ટ્રાન્સપોર્ટર્સ અને વેપારીઓ ચિંતિત છે. ખરેખર ૨૦૨૧-૨૨ના બજેટમાં ઈ-વે બિલની કલમ ૧૨૯માં બદલાવ કરવામાં આવ્યો છે. તદનુસાર, જો બિલમાં કોઈ ભૂલ થાય છે તો પછી ટેક્સ અને પેનલ્ટી બંને વસૂલવામાં આવશે,

સાથે જ જે ટેક્સ અગાઉ પરત કરવામાં આવતો હતો એ હવે થશે નહીં. જો અજાણતાં એક નાની ભૂલ થાય છે તો પેનલ્ટી અને દંડ બેગણો વસૂલવામાં આવશે. આ કારણોસર શુક્રવારના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું. ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતમાં બંધની નહિવત અસર જોવા મળી છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં બજારો રાબેતા મુજબ ખુલ્યાં હતાં. રાષ્ટ્રવ્યાપી બંધનું એલાન હોવાના કારણે ભરૂચમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર અન્ય દિવસોની સરખામણીએ શુક્રવારે વાહનોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રકો તથા બીજા વાહનોની અવરજવરથી ભરચક રહેતાં હાઈવે પણ ખુબ ઓછી સંખ્યામાં વાહનો જોવા મળ્યાં હતાં.






# શેરબજાર ધડામ: સેન્સેક્સમાં ૧૯૩૯ પોઈન્ટનો કડાકો

## દિવસના અંતે સેન્સેક્સ ૪૯,૦૯૯ના સ્તરે અને નિફ્ટી ૫૬૮ના ઘટાડા સાથે ૧૪,૫૨૯ની સપાટીએ બંધ

(જી.એન.એસ)મુંબઈ,તા.૨૬

શેરબજારમાં આજે બંધ થતાની સાથે કડાકો જોવા મળ્યો છે. જેમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સક્સ - ૧,૯૩૯.૩૨ પોઈન્ટ એટલે કે (૩.૮૦%) ના કડાકા સાથે ૪૯,૦૯૯.૯૯ ના સ્તર પર બંધ રહ્યો છે.

તેમજ નેશનલ સ્ટોક એક્સચેંજની નિફ્ટી -૫૬૮.૨૦ પોઈન્ટ્સ એટલે કે (૩.૭૬%) ટકા કડાકા સાથે ૧૪,૫૨૯.૧૫ ના સ્તર પર બંધ રહી છે. તેમજ આજે સેન્સેક્સે બંધ થતા ૫૦,૦૦૦ની સપાટી ગુમાવી છે.

શેરબજારમાં તીવ્ર વેચવાલીને પગલે ગણતરીના ત્રણ કલાકમાં જ રોકાણકારોની રૂ.૪.૬૫ લાખ કરોડની સંપત્તિ સ્વાહા થઈ ગઈ હતી. વોલેટાલિટી ઈન્ડેક્સ ૨૬ ટકા ઉછળીને ૨૮.૮૦ થયો હતો જેનો અર્થ એ થયો કે આગામી સમયમાં શેરબજારમાં ભારે અફરાતફરી જોવા મળી શકે છે.

શરૂઆતના કારોબારમાં ઈન્ડેક્સ ૧૧૦૦ અંક ઘટી દિવસના સૌથી નીચલા સ્તર ૪૯,૯૫૦.૭૫એ પહોંચ્યો હતો. એને પગલે બીએસઈની માર્કેટ કેપ લગભગ ૩ લાખ કરોડ ઘટી છે.

સેન્સેક્સ પર ઓએનજીસી, એમએન્ડએમ, બજાજ ફિનસર્વ, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ઓએનજીસી ૬.૬૦ ટકા ઘટીને ૧૧૧.૧૫ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ ૬.૩૫ ટકા ઘટીને ૮૦૪.૩૫ પર બંધ રહ્યો હતો.

શેરબજારના ઘટાડામાં અગ્રણી શેર સૌથી આગળ રહ્યાં છે. એચડીએફસી બેંક, એક્સિસ બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક સહિત અન્ય અગ્રણી બેંકિંગ શેરમાં ૫-૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ અને ભારતી એરટેલના શેરમાં પણ ૨-૨ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો. માર્કેટ કેપની રીતે જોઈએ તો ૧૦ સૌથી મોટી કંપનીઓમાંથી ૭ની માર્કેટ કેપ લગભગ એક લાખ કરોડ રૂપિયા ઘટી.

અમેરિકાનાં બજારોમાં ભારે વેચવાલીને કારણે શેરબજારોમાં ઘટાડો છે. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૭૩૭ અંક નીચે ૨૯૪૩૦ પર છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૭૭૧ અંક નીચે ૨૯૩૦૩ પર કારોબાર કરી રહ્યો છે. આ રીતે ચીનના શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ, કોરિયાના કોસ્પી અને ઓસ્ટ્રેલિયાના ઓલ ઓર્ડિનરીઝ ઈન્ડેક્સમાં ૨-૨ ટકાનો ઘટાડો છે.

# ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલની ઉપસ્થિતિમાં 'કાર્યકર્તા અભિવાદન સમારોહ








જામનગર તા.૨૬: જામનગર મહાનગર પાલિકામાં ભાજપના ૫૦ બેઠકો પર જ્વલંત વિજય સાથે બહુમતિ પ્રાપ્ત કરવા બદલ જામનગરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો અભિવાદન સમારોહ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સમારોહમાં રાજ્યના કેબિનેટ મંત્રી આર.સી.ફળદુ, રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા જાડેજા), સંસદ સભ્ય પૂનમબેન માડમ, શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મુંગરા, ચૂંટણી ઈન્ચાર્જ હસમુખભાઈ હિંડોચા, પૂર્વમંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી, પૂર્વ ધારાસભ્યો લાલજીભાઈ સોલંકી, મનહરભાઈ ઝાલા તેમજ શહેર ભાજપના પૂર્વ અધ્યક્ષો, પૂર્વ મેયરો, શહેર ભાજપના મહામંત્રીઓ, ચૂંટાયેલા તમામ કોર્પોરેટરો, શહેરભરમાંથી ઉમટી પડેલા કાર્યકર ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં ઉપસ્થિત નેતાઓએ ભાજપના વિજય માટે કાર્યકર્તાઓની અથાગ મહેનતને કારણભૂત ગણાવી કાર્યકરોને બિરદાવી તેમનું અભિવાદન કર્યું હતું. સંચાલન એડવોકેટ વિરલ રાચ્છ, વસંતભાઈ ગોરી, આશિષભાઈ કંટારીયા, ભાર્ગવભાઈ ભટ્ટ વગેરેએ કર્યું હતું. જામનગરમાં પધારેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનું વિવિધ સંસ્થા, સમાજના પ્રતિનિધિઓએ ફૂલહાર, સ્મૃતિભેટ, તલવાર વગેરેથી સન્માન કર્યું હતું.

# જામનગર-વડોદરા વચ્ચે તા. ૧ માર્ચથી દોડશે ઈન્ટરસિટી ટ્રેન




જામનગર તા. ૨૬: કોરોના કાળમાં બંધ થયેલ ઈન્ટરસિટી ટ્રેન હવે આગામી તા. ૧લી માર્ચથી પુનઃ શરૂ થઈ રહી છે. જો કે રૂટ ટૂંકાવી નાખવામાં આવ્યો છે.

જામનગર-સુરત વચ્ચે દોડતી ઈન્ટરસિટી ટ્રેન હવે ૧લી માર્ચથી પુનઃ શરૂ કરવામાં આવી રહી છે. જો કે તેને ટૂંકાવી દેવામાં આવી છે અને હવે આ ટ્રેન વડોદરા સુધી જ દોડાવવામાં આવશે.

સપ્તાહમાં પાંચ દિવસ ચાલનારી આ ટ્રેન જામનગરથી સવારે ૪:૪૫ કલાકે રવાના થશે અને બપોરે ૧૨:૩૦ કલાકે વડોદરા પહોંચશે અને વળતા આ ટ્રેન બપોરે ૩:૩૦ કલાકે વડોદરાથી રવાના થશે અને રાત્રે ૧૧:૩૫ કલાકે જામનગર પહોંચશે. બુધવાર અને રવિવારે આ ટ્રેન દોડશે નહીં.

કોરોના કાળમાં બંધ કરવામાં આવેલી આ ઈન્ટસિટી એક્ષપ્રેસ ટ્રેનના કારણે જામનગર, દેવભુમી દ્વારકા જિલ્લાના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન રેલ્વેતંત્ર દ્વારા આ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવતા મુસાફરોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

લાંબા સમયથી બંધ રહેલી આ ટ્રેન પુનઃ કાર્યરત કરવા માટે સાંસદ પૂનમબેન માડમ દ્વારા પણ રેલ્વે સ્ટેશનના ઉચ્ચ અધિકારી સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. રેલ્વે દ્વારા આ રજૂઆત સ્વીકારવામાં આવી છે.

# ભાણવડમાં જી.આર.ડી. મહિલાને ત્રાસ આપવા સબબ પતિ સહિત ચાર સાસરીયા સામે ફરિયાદ

ખંભાળિયા, તા.૨૬: ભાણવડમાં પદ્માવતી સોસાયટી ખાતે રહેતા અને ભાણવડ પોલીસ મથકમાં ગ્રામ રક્ષક દળ (જી.આર.ડી.)માં ફરજ બજાવતા તથા અરવિંદભાઈ મોહનભાઈ ચૌહાણના ૨૬ વર્ષીય પુત્રી વિભૂતિબેન યોગેશભાઈ રાઠોડને તેણીના આઠેક વર્ષ પૂર્વે થયેલા લગ્નજીવન બાદ તેણીના ભાણવડના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા પતિ યોગેશભાઈ દયાળજીભાઈ રાઠોડ, સસરા દયાળજીભાઈ ખીમજીભાઈ રાઠોડ તથા સાસુ નંદુબેન ઉપરાંત રાજકોટ ખાતે રહેતા નણંદ રેણુકાબેન હિરેનભાઈ કણજારીયા દ્વારા અવારનવાર શારિરીક તથા માનસિક ત્રાસ આપી, તેણીને મેણા- ટોણા મારી, બિભત્સ ગાળો કાઢી અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા આ સમગ્ર બનાવ અંગે અહીંના મહિલા પોલીસ મથકમાં ઉપરોક્ત ચારેય સાસરીયાઓ સામે આઈ.પી.સી. કલમ ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

### પોલીસની તાકીદ છતાં નાસી છૂટતા વાહનચાલકો સામે ફરિયાદ નોંધાઈ

ખંભાળિયા નજીક પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક પસાર થઈ રહેલા જી.જે. ૦૭ એ.આર. ૯૧૩૨ નંબરના એક ઈક્કો મોટરકારના ચાલકને પોલીસ અટકાવતા તે પોલીસની આ સૂચનાને અવગણીને નાસી છૂટતા પોલીસ સ્ટાફે તેનો પીછો કરી જામનગર રેલવે ફાટક પાસેના પોઈન્ટ ખાતેથી આ મોટરકારના ચાલક અને હંજરાપર ગામે રહેતા અશોક પીઠાભાઈ આંબલીયા નામના ૨૪ વર્ષીય શખ્સને પકડી પાડ્યો હતો.

આ જ રીતે ખંભાળિયામાં લુહાર શાળ વિસ્તારમાં રહેતા સોયલ હુસેનભાઈ ઘાવડા નામનો ૨૨ વર્ષનો યુવાન તેનું જી.જે. ૩૭ એ ૬૧૦૨ નંબરનું મોટરસાયકલ લઈને પૂર ઝડપે નીકળતા પોલીસે તેને અટકાવતા તે થોભ્યો ન હતો અને પોલીસે તેમનો પીછો કરી રેલવે ફાટક પાસેથી પકડી પાડયો હતો. ઉપરોક્ત બંને વાહન ચાલકો સામે પોલીસે આઈપીસી કલમ ૨૭૯ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં વિશ્વકર્મા જયંતિની કરાઈ આસ્થાભેર ઉજવણી



જામનગર તા.૨૬: જામનગરમાં વિશ્વકર્મા જયંતીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરના પંચેશ્વર ટાવર નજીક આવેલા વિશ્વકર્મા દાદાના મંદિરે વહેલી સવારે આરતી, પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જ્ઞાતિજનો દ્વારા વિશ્વકર્મા દાદાના પુરાણનું પઠન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનો દ્વારા સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર અને જિલ્લાના સર્વે જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કર્યું હતું. મંદિરને રંગબેરંગી લાઈટીંગથી સુશોભીત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય મંદિરોમાં પણ ઉમંગભેર પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયાના યુવાન ઉપર તલવાર વડે હુમલો

ખંભાળિયા, તા.૨૬: ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં રહેતા દિપકભાઈ જયંતીભાઈ નકુમ નામના ૨૨ વર્ષના યુવાન ઉપર રેલવે સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા અફઝલ નુરમામદ ભગાડ નામના શખ્સ દ્વારા તલવાર વડે હુમલો કરી ઈજાઓ કર્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

ફરિયાદી દીપકભાઈના માતા તથા સાહેદ ચંપાબેન તેમના ઘરનાની બહાર ગયા હતા ત્યારે આરોપીએ ફરિયાદીને દીપકભાઈના ઘરની બહારની ચાલુ રહેલી લાઈટ બંધ કરવાનું કહી, આ મુદ્દે બોલાચાલી થયા બાદ આરોપી અફઝલ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. અહીંની પોલીસે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪ તથા જી.પી. એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે.

### પીધેલા વાહનચાલકો સામે કાર્યવાહી

ખંભાળિયા-પોરબંદર રોડ ઉપર અત્રેથી આશરે બાવીસ કિલોમીટર દુર ભાડથર ગામના પાટિયા પાસેથી રાત્રિના અઢી વાગ્યાના સમયે કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા બે લાખની કિંમતની અલ્ટો મોટરકાર નંબર જી.જે. ૩૭ બી. ૬૯૮૫ લઈને નીકળેલા લાલુકા ગામના રહીશ રામ મેરામણ ચુડાસમા નામના ૩૧ વર્ષના શખ્સ સામે ખંભાળિયા પોલીસે આઈ.પી.સી. કલમ ૧૮૫ મુજબ જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે દ્વારકા તાલુકાના મુળવાસર ગામે રહેતા રાધેભા મોમાયાભા માણેક નામનો ૨૯ વર્ષનો હિન્દુ વાઘેર યુવાન રૂપિયા દોઢ લાખની કિંમતની સ્વીફ્ટ કાર નંબર જી.જે. ૩૭ બી. ૩૭૧૪ લઈને ભદ્રકાળી ચોક પાસેથી નીકળતા પોલીસે તેને ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત ખંભાળિયા તાલુકાના પારોડિયા ગામેથી જી.જે. ૧૦ ડી.સી. ૦૩૮૭ સ્પ્લેન્ડર મોટરસાયકલને લઈ, મધ્યરાત્રીના સમયે કેફી પીણું પીધેલી હાલતમાં નીકળતા જામનગર તાલુકાના સિક્કા ગામના રહીશ અકબર કાસમભાઈ સુંભણીયા નામના ૩૦ વર્ષના મુસ્લિમ શખ્સની ધરપકડ કરી, સલાયા મરીન પોલીસે કલમ ૧૮૫ મુજબ જરૂરી કાર્યવાહી કરી હતી.

## સંક્ષીપ્ત સમાચાર

### સંકલ્પ વેવિશાળ કેન્દ્ર અને સરકારી સહાય અંગેનું માહિતી કેન્દ્ર પૂનઃ કાર્યરત

જામનગર તા. ૨૬: જામનગર લોહાણા મહાજન વાડીમાં લોહાણા જ્ઞાતિજનો માટે સંકલ્પ વેવિકાળ કેન્દ્ર દ્વારા ચલાવવામાં આવતી મેરેજ બ્યૂરોની પ્રવૃત્તિઓ કોરોના મહામારીના કારણે હંગામી ધોરણે બંધ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ હવે પ્રાથમિક તબક્કે દર રવિવારે સવારે ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી આગામી રવિવાર તા. ૨૮-૨-૨૦૨૧ થી ફરીથી સોસિયલ ડિસ્ટન્સિંગના જરૂરી પગલાંઓ સાથે શરૂ કરવાનું નક્કી કરેલ છે. આ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ જેવી કે, વિવિધ સરકારી સહાય માટેના ફોર્મનું માહિતી કેન્દ્ર પણ ફરીથી શરૂ કરવામાં આવશે જેની નોંધ લેવા સમગ્ર લોહાણા સમાજને જાણ કરવામાં આવે છે. વિશેષ માહિતી માટે સામાણીભાઈ (૯૪૨૮૮ ૬૩૩૮૬) નો સંપર્ક કરવા લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલએ જણાવ્યું છે.

### દ્વારકાના જગતમંદિરે આજે સુકામેવા તથા કુંડલા ભોગના દર્શન

દ્વારકા તા. ૨૬: સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના જગતમંદિરમાં આવતીકાલે મહા માસની પૂજા નિમિત્તે શ્રી કૃષ્ણ ભગવાન સન્મુખ સુકામેવા તથા કુંડલા ભોગના દર્શન યોજાયા છે. આવતીકાલે સવારે છ વાગ્યાની મંગલા આરતીના દર્શનમાં ઠાકોરજીના ચરણોમાં સુકામેવાનો મનોરથ યજમાન પરિવાર દ્વારા પૂજારી જયેશભાઈ ઠાકર તથા નલીનભાઈ ઠાકરના સહકારથી યોજવામાં આવ્યો છે. જ્યારે સાંજે પાંચ વાગ્યે ભગવાન દ્વારકાધીશજીના ઉત્થાપન દર્શનમાં પણ કુંડલા ભોગ અન્નકુટ દર્શનનો લાભ શ્રદ્ધાળુઓને મળશે.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સ્ત્રી રોગોના નિદાન કેમ્પનું આયોજન

જામનગર તા.૨૬: જામનગર સ્થિત આયુષ વિભાગ, ભારત સરકાર દ્વારા સંચાલિત આઈ.ટી.આર.એ.ના પ્રસુતિ તંત્ર અને સ્ત્રીરોગ વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે મહિલા સ્વાસ્થ્યની જાળવણી અંગે માર્ગદર્શન અને સ્ત્રી સંબંધિત રોગો, કિશોરીઓમાં જાડાપણું, માસિકની સમસ્યાઓ, રજોનિવૃત્તિથી થતી સમસ્યાઓ માટે વિશેષ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન તા. ૧-૩-૨૦૨૧થી ૬-૩-૨૦૨૧ દરમિયાન સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી પ્રસુતિ તંત્ર અને સ્ત્રીરોગ વિભાગના ઓપીડી રૂમ નં.-૭માં પી.જી.આયુર્વેદ હોસ્પિટલ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, રિલાયન્સ મોલની સામે, જામનગર ખાતે યોજાશે. આ નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા જામનગરની કિશોરીઓ તથા બહેનોને આર.એમ.ઓ. આઈ.ટી.આર.એ.ની યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જોડીયા ખાતે શપથ કાર્યક્રમ યોજાયો





જામનગર તા.૨૬: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૧અન્વયે નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોમાં મતદાન તા.૨૮-૨ના રોજ યોજાનાર છે. જે અન્વયે નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ નાગરિકો મતદાન કરે તેવા આશયથી તા.૨૩-૨ના રોજ જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલ યુ.પી.વી. કન્યા વિદ્યાલય ખાતેવિદ્યાર્થીઓનો શપથ કાર્યક્રમ યોજાયો હતો.વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વાલીઓને મતદાન કરવાની જાણ કરશે અને ફરજિયાત મતદાન કરવા વિશેના સંકલ્પ લેવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં મતદાન જાગૃતિ અભિયાન નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ડોડીયા, નોડલ અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના શિક્ષક નિરીક્ષક બીનાબેન દવે,મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા રમત-ગમત કચેરીના પ્રાંત યુવા વિકાસ અધિકારી ભગીરથસિંહ જાડેજા,સંસ્થાના ટ્રસ્ટી અશોક વર્મા તેમજ યુ.પી.વી. કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી બુમતારીયા તેમજ શાળાનો સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મમતાબેન જોષી દ્વારા કરવામાં આવેલ હતું.

આ મતદાન જાગૃતિ કાર્યક્રમ સરકારની કોરોના ગાઈડલાઈન્સને ધ્યાને રાખીને સોશિયલ ડિસ્ટન્સીંગ તથા માસ્કના ઉપયોગ સાથે યોજવામાં આવેલ હતો તેમ નોડલ ઓફીસર(સ્વીપ) અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, જામનગરની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જાંબુડામાં શપથ કાર્યક્રમ યોજાયો






જામનગર તા.૨૬: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૧ અન્વયે નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોમાં મતદાન તા.૨૮-૨ના રોજ યોજાનાર છે. જે અન્વયે નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ નાગરિકો મતદાન કરે તેવા આશયથી તા.૨૩-૨ના રોજ બી.ડી. કાલરીયા હાઈસ્કુલ, જાંબુડા ખાતે વિદ્યાર્થીઓનો શપથ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વાલીઓને મતદાન કરવાની જાણ કરશે અને ફરજિયાત મતદાન કરવા વિશેના સંકલ્પ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મતદાન જાગૃતિ અભિયાન નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી ડોડીયા, નોડલ અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના શિક્ષક નિરીક્ષક બીનાબેન દવે, સંસ્થાના ટ્રસ્ટી ગીરધરભાઈ પટેલ, આચાર્ય તેમજ શાળાનો સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.આ મતદાન જાગૃતિ કાર્યક્રમ સરકારની કોરોના ગાઈડલાઈન્સને ધ્યાને રાખીને સોશિયલ ડિસ્ટન્સીંગ તથા માસ્કના ઉપયોગ સાથે યોજવામાં આવેલ હતો, તેમ નોડલ ઓફીસર(સ્વીપ) અને જિલ્લા યુવા વિકાસ અધિકારી,જામનગરની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ



ખંભાળિયા, તા. ૨૬: ખંભાળિયાના જુના અને જાણીતા વેપારી સ્વ. મથુરાદાસ ગોરધનદાસ પંચમતીયાની પૌત્રી અંજનીબેન પંકજભાઈ પંચમતિયાએ તાજેતરમાં લેવામાં આવેલી સી.એસ. (કંપની સેક્રેટરી) ની પરીક્ષામાં નોંધપાત્ર ટકાવારી સાથે ગુણ પ્રાપ્ત કરી, ઉતીર્ણ થઈને ખંભાળિયા શહેર તથા સમગ્ર રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઈવીએમ સાથે વીવી પેટ મશીનનો ઉપયોગ કરવા માંગણી

જામનગર તા. ૨૬: જામનગર જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં મતદાન મશીન સાથે વીવીપેટ મશીન જોડીને મતદાન કરાવવું જોઈએ.

જામનગરના ભૂપતસિંહ ચૌહાણએ જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરતા જણાવ્યું છે કે, માત્ર ઈવીએમ મશીનનો ઉપયોગ મતદાન માટે વિશ્વાસપાત્ર નથી. આથી ઈવીએમ સાથે વીવીપેટ મશીનનો પણ ઉપયોગ કરવો જોઈએ અને અગાઉ આવો પ્રયોગ થયો પણ છે.

આથી આગામી જિલ્લા, તાલુકા પંચાયતની ચૂંટણીમાં વીવીપેટ મશીનનો પણ ઉપયોગ થાય તે જરૂરી છે. આ અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરવી જોઈએ.

# ખંભાળિયા શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે લુહાર સમાજના અગ્રણી કાર્યકરની નિમણુંક



ખંભાળિયા, તા. ૨૬: દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે કારૂભાઈ માવદીયા દ્વારા રાજીનામું અપાતા આ મહત્વની બેઠક પર ભારતીય જનતા પાર્ટી દ્વારા લુહાર સમાજને પ્રાધાન્ય આપી, અગ્રણી યુવા કાર્યકર હિમાચલ મકવાણાની શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. હિમાચલ મકવાણાની આ વરણીને સર્વજ્ઞાતિજનોએ આવકારી અને શુભેચ્છા સાથે આગામી દિવસોમાં સમગ્ર સમાજ દ્વારા ભાજપની પડખે રહી અને ટેકો જાહેર કર્યો છે.

# દ્વારકા જિલ્લામાં ચૂંટણી સંદર્ભે પોલીસ દ્વારા સજ્જડ બંદોબસ્ત ગોઠવાયો

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી રવિવાર તા.૨૮ મીના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી સંદર્ભે જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ચૂંટણી કાર્ય સુચારુ રીતે સંપન્ન થાય તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા પંચાયત તેમજ ખંભાળિયા, ભાણવડ, દ્વારકા અને કલ્યાણપુર તાલુકા પંચાયત ઉપરાંત ખંભાળિયા અને ભાણવડ નગરપાલિકા મળી કુલ સાત સામાન્ય ચૂંટણી ઉપરાંત સલાયા નગરપાલિકામાં પેટા ચૂંટણી અંગેનું મતદાન આગામી રવિવાર તારીખ ૨૮ના રોજ યોજાનાર છે. આ માટે પોલીસ તંત્ર દ્વારા પણ સક્રિય અને સજાગ રીતે તમામ આખરી પગલાઓ લેવામાં આવ્યા છે. જિલ્લામાં ચૂંટણી કાર્ય શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા પોલીસ વડાની રાહબરી હેઠળ પોલીસ, એસ.આર.પી. તથા હોમગાર્ડઝનો વિશાળ કાફલો મેદાનમાં આવી ગયો છે.નન૩૨ અધિકારીઓ, ૧૫૯૦ જવાનો ચૂંટણી ફરજ પર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી સંદર્ભે હાલ ૬૫૦ પોલીસ કર્મચારીઓને જુદા જુદા વિસ્તારોમાં ફરજ સોંપવામાં આવી છે. જેમાં ૧૦૦ તાલીમાર્થી મહિલાઓ તથા ભચાઉથી ખાસ આવેલા ૧૧ તાલીમાર્થી રિક્રુમેન્ટના એસ.આર.પી. જવાનોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જિલ્લામાં એસ.આર.પી. ના ભચાઉના ૨૪ તથા વાવ એસઆરપી ગ્રુપના ૨૪ જવાનોનું પણ અત્રે આગમન થયું છે. જિલ્લા અમદાવાદ સિટીમાંથી ૧૭૬





હોમગાર્ડના જવાનો સહિત કુલ ૮૭૨ જી. આર.ડી., એસ.આર.ડી. તથા હોમગાર્ડઝના જવાનોને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી ફરજ પર મૂકવામાં આવ્યા છે. આમ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીની સંપૂર્ણ નીગેહબાની હેઠળ ડી.વાય.એસ.પી. હિરેન્દ્ર ચૌધરી, સમીર સારડા, સી.સી. ખટાણા, સાથે ૭ પી.આઈ. અને ૨૩ પી.એસ. આઈ. મળી કુલ ૩૨ અધિકારીઓના સુપરવિઝન હેઠળ અન્ય ૧૫૯૦ પોલીસ જવાનોનો કાફલો ચૂંટણી ફરજ પર રહેશે.નનપોલીસ અધિકારીઓ દ્વારા વિવિધ જરૂરી કાર્યવાહી કરાઈ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં જિલ્લા પોલીસ વડા દ્વારા જુદા જુદા અધિકારીઓને ફરજ પર મૂકી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો તાગ મેળવી અને આજરોજ જિલ્લાના સુપીરીયર અધિકારીઓએ અન્ય પોલીસ કર્મચારીઓ તથા જવાનોનો રોલકોલ લીધો હતો. પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા દિવસો દરમિયાન અવિરત રીતે પેટ્રોલિંગ ઉપરાંત ગ્રુપ ફ્લેગ માર્ચ અને સંવેદનશીલ તથા અતિ સંવેદનશીલ વિસ્તારોમાં વધુ સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પકડ વધુ મજબૂત બની રહે તે માટે ડી.વાય. એસ.પી. દ્વારા તેમની હેઠળના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને ફરજ વહેંચણી કરી અને આ અધિકારીઓ-કર્મચારીઓ તટસ્થ રીતે જાગૃતિ સાથે ચૂંટણી ફરજ નિભાવે તે માટેની તાકીદ કરી હતી.

મતદાન અંગે પોલીસ દ્વારા જરૂરી પગલા લેવાયા જિલ્લાની સાત સામાન્ય ચૂંટણીમાં આશરે સાડા ચાર લાખ મતદારો નિર્ભીક રીતે મતદાન કરી શકે તે માટે પોલીસ દ્વારા જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને હાલ કોરોનાની મહામારીમાં ફરજ પરના જવાનોને કોવીડને લગતી સામગ્રી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત મતદારોને સહાયભૂત થવા, પોતપોતાના વિસ્તારમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે જરૂરી વ્યવસ્થા જાળવવા, મતદાતાઓને જાનમાલની નુકસાની ન થાય તથા મતદાન સમયે અવ્યવસ્થા ન સર્જાય તે માટેની તાકીદ સાથે મતદાન સ્થળના ૧૦૦ મીટરમાં મતદાર સિવાયની કોઈ વ્યક્તિ પ્રવેશે નહીં તથા મતદાન વિસ્તારમાં મોબાઈલ સહિતની અન્ય સાધન સામગ્રી રાખવા પર પ્રતિબંધ અંગેનો કડક અમલ કરવાની તાકીદ પણ કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અન્ય વિસ્તારોમાંથી આવેલા પોલીસના જવાનો માટે રહેવા તથા જમવા સહિતની પાયાની સુવિધાઓ પ્રાપ્ય બને તે માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. ખંભાળિયા તાલુકામાં ૫૦૦ પોલીસ ચૂંટણી ફરજ પર દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા કે જેમાં સૌથી વધુ મતદારો તથા મતદાન મથકો આવેલા છે, ત્યાં ચૂંટણી કાર્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ મજબૂત રીતે જળવાઈ રહે તે માટે ડી. વાય. એસ. પી. હીરેન્દ્ર ચૌધરીના માર્ગદર્શન હેઠળ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં તાલુકામાં કુલ બે પી.આઈ., સાત પી. એસ.આઈ. તથા જી.આર.ડી. અને એસ.આર.પી.ના જવાનો મળી ૫૦૦ જેટલો પોલીસ સ્ટાફ ખડે પગે રહ્યો છે.

# વેતન-પેન્શનમાં વિલંબ બદલ સરકારે વ્યાજ આપવું પડશે : સુપ્રિમ કોર્ટ

### સરકાર કોઇ પણ કર્મચારીના પગાર અને પેન્શનને રોકી શકે નહીં: સુપ્રિમ કોર્ટ

(જી.એન.એસ.) ન્યુ દિલ્હી, તા.૨૬

દેશની સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે, સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્વપૂર્ણ નિર્ણયમાં જણાવ્યું છે કે સરકાર યોગ્ય કામના બદલામાં કોઈ પણ કર્મચારીના પગાર અને પેન્શનને રોકી શકે નહી. પગાર અને પેન્શનની ચુકવણીમાં વિલંબ થતાં સરકારે વ્યાજબી વ્યાજ ચૂકવવું જોઈએ. કોર્ટે આંધ્રપ્રદેશ સરકારને થોડા સમય માટે ટાળી દીધેલા પગાર અને પેન્શન પર ૬ ટકાના દરે વ્યાજ ચૂકવવાનો આદેશ આપ્યો છે. જોકે, આ કેસમાં હાઈકોર્ટે ૧૨ ટકા વ્યાજ દર નક્કી કર્યો હતો.

આંધ્રપ્રદેશ સરકારે કોરોના મહામારીને કારણે આવેલા આર્થિક સંકટને ધ્યાનમાં રાખીને માર્ચ-એપ્રિલ ૨૦૨૦માં સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શનને કેટલાક સમય માટે મુલતવી રાખ્યું હતું. સરકારે આ સંદર્ભે એક આદેશ પણ બહાર પાડ્યો હતો. જો કે પાછળથી એપ્રિલમાં, સરકારે ત્રણ વિભાગ સ્વાસ્થ્ય આરોગ્ય, પોલીસ અને સફાઈ કામદારોના ત્રણ વિભાગના સંપૂર્ણ પગારને પુનસ્થાપિત કર્યો હતો.

બીજી તરફ અને ૨૬ એપ્રિલના રોજ પેન્શનરોની સંપૂર્ણ પેન્શન પણ પુન સ્થાપિત કરી હતી. પરંતુ તે દરમિયાન પૂર્વ જિલ્લા અને સેશન્સ જજે હાઈકોર્ટમાં એક મહત્વની અરજી દાખલ કરી હતી. તેમાં તેમણે જણાવ્યું હતું કે તેમણે કર્મચારીને પગાર અને પેન્શન મેળવવાનો અધિકાર છે, અને રોકેલા પગાર અને પેન્શનની ચુકવણીની માંગ કરી હતી.

હાઈકોર્ટે કહ્યું કે વેતન મેળવવું વ્યકિતના બંધારણ ધારા ૨૧માં મળેલ અધિકાર અને ધારા ૩૦૦એમાં મળેલ સંપત્તિના અધિકારમાં આવે છે. હાઈકોર્ટે આંધ્ર પ્રદેશ સરકારને ૧૨% વ્યાજ સાથે રોકેલ વેતન પાને પેન્શન આપવા આદેશ જારી કર્યો છે. આ નિર્ણયને અંદર પ્રદેશ સરકારે સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે રાજય સરકારે માત્ર વ્યાજ આપવાના પહેલુંને જ પડકાર્યો હતો.

**ભાજપના મોટા નેતાના કહ્યા પ્રમાણે સોનાની થાળીમાં ખીલી ઠોકી છે : કેજરીવાલ**

# પાટીલના ગઢમાં કેજરીવાલના રોડશો માં માનવ મેદની ઉમટી

### કેજરીવાલે પોતાના કોર્પોરેટર્સને કહ્યું, કોઈ રજૂઆત કરવા આવે તો ચા પીવડાવજો

(જી.એન.એસ.)સુરત,તા.૨૬

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૨૭ સીટ પર ભવ્ય વિજય બાદ આપના દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ભવ્ય શોનું આયોજન કરવામાં આવ્યું છે. વરાછાના માનગઢ ચોકથી શરૂ થયેલા આ રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. પોતાના વિજય થયેલા કોર્પોરેટરો સાથે કેવું મળશે અને સાથે વર્ષ ૨૦૨૨માં કેવી રીતે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ટક્કર આપવામાં આવશે? તેની વ્યૂહરચના પણ તૈયાર કરવામાં આવશે. કેજરીવાલે પોતાના મંતવ્યમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નો પણ ઉલ્લેખ કરતા જણાવ્યું હતુ કે, મોટા ભાજપના નેતાના કહ્યા પ્રમાણે સોનાની થાળીમાં ખીલી ઠોકી છે. તમારે સમજવું પડશે કે એ લોકો તમારાથી નથી ડરતા, આમ આદમી પાર્ટીથી પણ નથી ડરતા. એ લોકો તેનાથી ભયભીત છે, જેમણે તેમને મત આપ્યા છે. અરવિંદ કેજરીવાલે પોતાના કોર્પોરેટર્સને સૂચના આપતા કહ્યું કે, પ્રજાલક્ષી કાર્ય કરજો. કોઈ રજૂઆત કરવા આવે તો ચોક્કસથી તેમને એક કપ ચા પીવડાવજો. કોઈ પણ ખોટું કામ ભાજપને કરવા દેશો નહિ.

કેજરીવાલે રોડ-શોમાં કહ્યું હતું કે, હું સુરતના લોકોનો આભાર માનવા આવ્યો છું. મનપાના ચૂંટણી દરમિયાન



કાઠિયાવાડી એટલે કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના લોકોએ ખોબે ખોબા ભરીને મત આપીને મત આપી આમ આદમી પાર્ટીને ગુજરાતમાં ધમાકેદાર પ્રવેશ કરાવ્યો છે. કેજરીવાલ ૮:૧૫ કલાકે સુરત એરપોર્ટ પર પહોંચ્યા હતા. ત્યારબાદ સર્કિટ હાઉસમાં સામાજિક અને રાજકીય આગેવાનો સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ સંગઠન મંત્રીના ઘરે ભોજન કર્યુ હતું. ત્યાર બાદ સુરતના (વરાછા) મીનીબઝાર માનગઢ ચોકથી રોડ-શોમાં જોડાયા છે. રોડ શોની શરૂઆત મીનીબજાર (માનગઢ ચોક) સરદાર પ્રતિમાને પુષ્પાંજલિ આપી કરી હતી.

ત્યારબાદ હિરાબાગ, રચના સર્કલ, કારગીલ ચોક, કિરણ ચોક, યોગી ચોક, સીમાડા નાકા, સરથાણા જકાતનાકા રોડ-શો પૂર્ણાહુતિ અને જનસભા સંબોધન કરશે. સાંજે ૭:૦૦ વાગે સુરત એરપોર્ટ પરથી દિલ્હી જવા નિકળી જશે. પાટીદારોના ગઢ ગણાતા વિસ્તારમાં આપે ૨૭ જટેલી સીટ મેળવી સુરત મહાનગરપાલિકામાં વિપક્ષનું સ્થાન મેળવી લીધું છે. ત્યારે આપના દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ લોકોનો આભાર વ્યક્ત કરવા સુરત પહોંચ્યા છે. સુરત એરપોર્ટ પર ભવ્ય સ્વાગત બાદ સર્કિટ હાઉસ ખાતે હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. ત્યારબાદ નવા ચૂંટાયેલા કોર્પોરેટર અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો. જેમાં ભાજપના નેતાઓને નાની યાદ અપાવી દેવાનું સૂચન કર્યું હતું. આ સાથે કેજરીવાલે કાઠિયાવાડી અને સુરતી ભોજનનો સ્વાદ માણ્યો હતો. સુરતની મુલાકાતે આવેલા આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મોટા વરાછા ખાતે આમ આદમી પાર્ટીના વિજય થયેલા કોર્પોરેટર તેમજ જેટલા પણ ઉમેદવારો આપ પક્ષ તરફથી ઉમેદવારી કરી હતી તેમની સાથે બેઠક કરી હતી. જેમાં તેમણે કોર્પોરેશનમાં ચૂંટાયેલા કોર્પોરેટરોએ કયા પ્રકારની ભૂમિકા ભજવવાની છે તેની વિસ્તૃત ચર્ચા કરી હતી.

# રાજકોટ રામમંદિર નિર્માણકાર્યમાં રૂા. ૭૫૦૦૦નો ઈન્દુભાઈ આર્કિટેક્ચર સ્કૂલ પરિવારનો ફાળો



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૬

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ પર ભવ્ય અને દિવ્ય મંદીર નિર્માણ માટે સમગ્ર ભારતમાં નીધી એકત્ર કરવામાં આવી રહી છે ત્યારે "રાષ્ટ્રાય સ્વાહા ઈદમ ન મમ" દેશભકિત સાથે ઉચ્ચ ટેકનોલોજીનું શિક્ષણ આપણી ભારતની સર્વશ્રેષ્ઠ એન્જીનીયરીંગ કોલેજ વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ સંચાલીત વી.વી.પી. ઈજનેરી કોલેજ અને ઈન્દુભાઈ સ્કુલ ઓફ આર્કિટેક્ચર કર્મચારી પરીવાર તરફથી રૂા. ૭૫૦૦૦/- (પંચોતેર હજાર રૂપિયા) આજરોજ વિશ્વ હિન્દુ પરિષદનાં મહામંત્રી શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રે રાજકોટનાં સંયોજક એડવોકેટ નીતેષભાઈ કથીરીયા અને સહસંયોજક મૂકેશભાઈ કામદારને સંસ્થાનાં આચાર્ય ડો. જયેશભાઈ દેશકરે અર્પણ કરેલ હતી. આટલી સારી પ્રવૃતિ કરવા બદલ વી.વી.પી. કર્મચારી પરિવારને સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર અને સંસ્થાનાં આચાર્ય ડો. જયેશ દેશકરે અભિનંદન પાઠવેલ હતા.

# ગુજરાત રાજ્ય સેવા સમિતિ મહિલાઓને રોજગારી માટેની ટ્રેનિંગ ચાલુ કરવામાં આવી



ચક્રવાત ટીમ આણંદ, તા.૨૬

ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા આણંદ અને ખેડા બે જિલ્લાની તાલુકામાં રૂ ની દિવેટ આડી વાટ અને ઉભી વાટની રોજગારી ટ્રેનિંગ ચાલુ કરવામાં આવે છે જે મહિલા ટ્રેનિંગ દરમિયાન પાસ થાય છે તેને રેગ્યુલર રોજગારી પેટે વળતર ચૂકવવામાં આવશે અને વળતળ પેટે ૧ કિલો એ રૂપિયા સો (રૂ.૧૦૦) ચૂકવવામાં આવશે વધુમાં સંસ્થાના રાષ્ટ્રીય સંગઠન મંત્રી હિમાંશુ દેસાઈએ જણાવ્યું કે આણંદ અને ખેડા જીલ્લો રોજગારી મેળવવા ઈચ્છતો તમામ મહિલાઓએ આ સંસ્થા થકી રોજગારી મેળાનો લાભ લેવો.

# ધરારનગરમાં મહિલાને પતિ સહિત ત્રણ શખ્સોએ કોઈતા-ધોકો ફટકાર્યો

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૬

જામનગરના ધરારનગરમાં એક મહિલા પર પતિ સહિત ત્રણ શખ્સે કોયતા, ધોકા વડે હુમલો કર્યો હતો, જયારે ખંભાળિયાના ધરમપુરમાં લાઈટ બંધ કરવાનું કહી એક મહિલાને ગાળો ભાડવામાં આવતા તેમના પરિવારના યુવાને ગાળો બોલતા શખ્સને વાર્યો હતો. તેથી તેના પર તલવાર વડે હુમલો કરાયો હતો.

જામનગરના ધરારનગર- એક વિસ્તારમાં રહેતા સિરીયનબેન હુશેનભાઈ કકલ નામના વાઘેર પરિણીતા ગઈકાલે બપોરે પોતાના ઘર પાસે હતા ત્યારે તેણી પર પતિ હુશેન મામદ કકલ તથા જાફર અને અબ્દુલ નામના ત્રણ શખ્સે કોયતા તેમજ ધોકા વડે હુમલો કરી લાતો ફટકારી હતી. જાફરે આ મહિલાને માથામાં કોયતો માર્યો હતો જયારે અબ્દુલે ધોકો ફટકાર્યો હતો. પોલીસે સિરીયનબેનની ફરિયાદ પરથી આઈપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, જીપીએક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ગુન્હો નોંધ્યો છે. ખંભાળિયા નજીકના ધરમપુરમાં વસવાટ કરતા દિપકભાઈ જેન્તીભાઈ નકુમના પરિવારના ચંપાબેન તથા દિપકભાઈના માતા મંગળવારે રાત્રે પોતાના ઘરની બહાર લઘુશંકા માટે ગયા ત્યારે ઘર પાસે આવેલા અફઝલ નુરમામદ ભગાડ નામના શખ્સે ઘરની બહાર મુકવામાં આવેલી લાઈટ બંધ કરવાનું કહી ચંપાબેનને ગાળો ભાંડી હતી. દિપકભાઈએ ગાળો બોલવાની ના પાડતા અફઝલે તલવાર વડે હુમલો કર્યો હતો.

# રામ પટેલના મુવાડા ગામે કોતર પાસે જાહેર માર્ગ પર મરેલા પશુઓની હારમાળાઓ છતાં આરોગ્ય તંત્ર જાગતુ નથી

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૬

મહીસાગર જીલ્લામા આવેલ લુણાવાડા તાલુકામાં રામ પટેલના મુવાડા ગામના સીમાડે જાહેર માર્ગ પર અસંખ્ય નાના વાછરડાઓ પ્લાસ્ટિકની મોટી બેગમાં નાખી દેતા રોગચાળાનો ભય વધી જવા પામ્યો છે છતાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ કુંભ કર્ણની નિદ્રામાં હોય તેમ લાગી રહયુ છે જગતના તાતને શિયાળુ પાક લણવાની પરિસ્થિતિમાં આ એક કોરોના કાળના સમયમાં બીજા રોગના મુખમાં ધકેલાઈ જાય એવી પરિસ્થિતિ રામ પટેલના મુવાડાના સિમાડે જોવા મળે પરંતુ કુતરાઓ ના ડરથી રાહદારીઓ ને પણ અકસ્માત ના ભોગ બનવું પડ્યું હતુ પહેલા અને હમણાં પણ આજ પરિસ્થિતિમાં રાહદારીઓ અકસ્માતના ભોગ બને છે અને આ સીમાડે જો તપાસ કરવામા આવે



તેવી સમગ્ર ગ્રામજનોની તથા જગતના તાત ઈચ્છી રહ્યાં છે જો આરોગ્ય વિભાગ દ્વારા તપાસ નહી કરવામા આવે તો ટુંક સમયમાં આરોગ્ય વિભાગ ગાંધીનગર સુધી જાણ કરવામાં આવશે તેવી પણ લોક ચર્ચાઓ અમારા પ્રતિનિધિ દિલીપભાઈ બારીઆ પાસેથી જાણવા મળે પરંતુ આરોગ્ય વિભાગ વહેલી કોઈ યોગ્ય તપાસ કરી ઘટતુ કરવામાં આવે તેવી લોક માંગ છે.

# જામનગરના ખોડિયાર મંદિરનું તાળુ તોડી ઘુસ્યા તસ્કર : ભાવિકોમાં રોષ




ચક્રવાત ટીમ જામનગર, તા.૨૬

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા ખોડિયાર મંદિરમાં ગઈરાત્રે ચોરી થઈ છે. મંદિરની ઝાળીનું તાળુ તોડી ઘુસેલા તસ્કરોએ દાનપેટીમાંથી રોકડ ઉપરાંત અન્ય કેટલોક સામાન પણ ચોર્યો છે. તસ્કરોએ મંદિરને નિશાન બનાવ્યાની અને ભગવાનને પણ ન છોડ્યાની બાબતથી ભાવિકોમાં રોષ પ્રસર્યો છે. પોલીસે ગુન્હો નોંધવાની તજવીજ કરી છે.

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા ખોડિયાર મંદિરમાં ગઈરાત્રે કેટલાક તસ્કરોએ ઝાળીનું તાળુ તોડી પ્રવેશ કર્યો હતો. તેઓએ અંદર પડેલી દાનપેટીનું પણ તાળુ તોડી નાખ્યું હતું.

દાનપેટીમાંથી કેટલીક રોકડ રકમ ઉઠાવવા ઉપરાંત તસ્કરો અન્ય કેટલોક સામાન પણ ચોરી કરી ગયા છે. આ બાબતની આજે વહેલી સવારે દર્શનાર્થે આવેલા ભાવિકોને જાણ થતાં પૂજારીને પણ વાકેફ કરાયા હતાં તે પછી પોલીસને જાણ કરવામાં આવતા સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો. મંદિરમાંથી કેટલી રોકડ વગેરે વસ્તુઓ ગઈ છે તેની ગણત્રી કરવામાં આવી રહી છે. પોલીસે બનાવની વિધીવત ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. તસ્કરોએ ભગવાનને પણ નહી છોડતા ભાવિકોમાં ભારે રોષ પ્રસરી ગયો છે.

# ખંભાળિયાના ચકચારી નિર્વસ્ત્ર સરઘસ પ્રકરણમાં બે આરોપીના પાસાનો હુકમ રદ્

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૨૬

ખંભાળિયાના યુવાનને નિર્વસ્ત્ર બનાવી સરઘસ કાઢવાના ચકચારી પ્રકરણમાં સંડોવાયેલા બે આરોપી સામે પાસા કરવામાં આવ્યા હતાં. તે રદ્ કરવા બંન્ને આરોપીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. અદાલતે તે અરજી માન્ય રાખી બંન્ને સામે કરાયેલો પાસાનો હુકમ રદ્ કરવાનો આદેશ કર્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ઉપરાંત સમગ્ર રાજયમાં ચકચાર જગાવનાર ખંભાળિયાના ચંદુ રૂડાચ નામના શખ્સને નિર્વસ્ત્ર બનાવી તેનું સરઘસ કાઢવાના બનાવમાં પોલીસે તાત્કાલીક પગલાં ભરી આરોપીઓને પકડી પાડ્યા હતાં.

ક્રિકેટના જુગારના મુળ ધરાવતા આ પ્રકરણમાં પોલીસે આરોપીઓ પૈકીના વિનુ ડાડુભાઈ લોહાણા, ધના જોધાભાઈ ગઢવી સામે પાસા હેઠળ કાર્યવાહી કરી અમદાવાદ જેલમાં મોકલી આપ્યા હતાં. આ પ્રકરણે પોલીસ અધિકારીઓની બદલી કરાવી હતી. ત્યારપછી પાસા હેઠળ ઝડપાયેલા ધનાભાઈ તથા વિનુભાઈએ રાજયની વડી અદાલતમાં અરજી કરી હતી અને તેમાં જણાવ્યું હતું કે તેઓની સામે કરાયેલી પાસાની કામગીરી અયોગ્ય છે. તે બાબતે બન્ને પક્ષ તરફથી કરવામાં આવેલી દલીલો સાંભળ્યા પછી ગુજરાત હાઈકોર્ટે ધનાભાઈ તથા વિનુભાઈ સામેનો પાસાનો હુકમ રદ કર્યો છે. તેથી બંન્ને આરોપીઓનો જેલમાંથી છુટકારો થયો છે.

# જામનગરમાં ગાઢ ધુમ્મસ લઘુત્તમ તાપમાન ૧૮.૫

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૬

જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન સાત ટકા વધીને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા થઈ જતાં આજે સવારે નગર ગાઢ ધુમ્મસની બાહુપાસમાં સપડાય ગયું હતું. લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડીગ્રી નોંધાયું હતું.

જામનગરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સાત ટકાના વધારા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા થઈ ગયું હતું. જેના પગલે સંપૂર્ણ નગર ગાઢ ધુમ્મસની બાહુપાસમાં સપડાઈ ગયું હતું. આજે સવારે ધુમ્મસનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. ગાઢ ધુમ્મસના પગલે વિઝિબિલિટી ઘણી જ ઘટી જતાં અકસ્માત ન સર્જાય તે માટે વાહનચાલકોને તેમના વાહનની ગતિ ધીમી રાખવાની સાથે હેડલાઈટ ચાલુ કરી દેવાની ફરજ પડી હતી. જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન દોઢ ડીગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડીગ્રી અને અડધા ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૨૦ થી ૨૫ કિ.મી.ની રહેવા પામી હતી. જેના પગલે નગરમાં સાંજે ગુલાબી ઠંડીનો દોર યથાવત્ રહ્યો હતો.

# જોડીયાના વાવડીના ખેતરમાંથી મળી આવી શરાબની દસ બોટલ : પરપ્રાંતિયની ધરપકડ

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૬

જોડીયાના વાવડી ગામ એક ખેતરમાંથી પોલીસે શરાબની દસ બોટલ પકડી પાડી છે. બોટલ મંગાવનાર પરપ્રાંતિય શખ્સની ધરપકડ કરાઈ છે. જયારે નગરમાંથી બે શખ્સ બોટલ સાથે પકડાયા છે અને ઈશ્વરીયામાંથી નશાની હાલતમાં બાઈક ચલાવતા શખ્સની અટકાયત કરવામાં આવી છે.

જોડીયા તાલુકાના વાવડી ગામમાં આવેલા એક ખેતરમાં અંગ્રેજી શરાબનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી ગઈકાલે બપોરે જોડીયા પોલીસે વાવડીના પ્રભાતભાઈ રામાભાઈ મકવાણાના ખેતરમાં દરોડો પાડતા તે સ્થળે મજૂરીકામ માટે આવીને રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ફલીયા ગામના ખેલસીંગ કેશરસીંગ ભુરીયાના કબ્જાવાળી ઓરડીમાંથી અંગ્રેજી શરાબની પ્લાસ્ટીકની દસ બોટલ મળી આવી હતી. અંદાજે રૂા. પાંચ હજારની કિંમતનો શરાબનો જથ્થો કબ્જે કરી પોલીસે ખેલસીંગની ધરપકડ કરી છે. આરોપીને રિમાન્ડ પર લેવાની તજવીજ કરાઈ છે. જામનગરના ગુલાબનગર નજીક આવેલી શ્યામ ટાઉનશીપ પાસેથી નિર્મલ દિપકભાઈ સોલંકી નામના શખ્સને પોલીસે શરાબની એક બોટલ સાથે પકડી લીધો છે. દિગ્જામ સર્કલ નજીકના અન્ડરબ્રીજ પાસેથી ડિફેન્સ કોલોનીમાં રહેતો પંડ્યા દિવ્યેશ અમરકાંત નામનો વિપ્ર શખ્સ શરાબની બોટલ સાથે પકડાઈ ગયો હતો. જયારે જામજોધપુરમાં ઈશ્વરીયા ગામમાંથી નાનજી હિરાભાઈ બગડા નામનો શખ્સ નશાની હાલતમાં બાઈક ચલાવતો ઝડપાઈ ગયો હતો. પોલીસે તેનું જીજે-૧૦-એસ-૬૦૧ નંબરનું બાઈક ઝબ્બે લીધું છે.

તંત્રી સ્થાનેથી......

# સુરતમાં આમ આદમી પાર્ટીના ઉદય પાછળ પાછળનું રહસ્ય...

મંગળવારે ગુજરાતની છ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ચૂંટણીપરિણામ જાહેર થયા, જેમાં ભાજપનો વિજય થયો હતો, જ્યારે કૉંગ્રેસ પાર્ટીનું ધોવાણ થયું હતું. આ બધાની વચ્ચે સુરતના ચૂંટણી પરિણામોએ જનતાનું અને રાજકીય વિશ્લેષકોનું ધ્યાન ખેંચ્યું હતું, જ્યાં આમ આદમી પાર્ટીનો વિજય થયો છે અને તે કૉંગ્રેસને હટાવીને બીજા ક્રમાંકની સૌથી મોટી પાર્ટી બની હતી. જીપીપી અને કૉંગ્રેસના માધ્યમથી ભાજપને પાઠ ભણાવવામાં નિષ્ફળ રહેલા પાટીદારોના એક તબક્કાએ આ વખતે આપ તરફ નજર દોડાવી હોય તેમ જણાય છે. આપનું માનવું છે કે આગામી સમયમાં સુરત શહેર સમગ્ર ગુજરાતને રાહ ચીંધશે અને કૉંગ્રેસના વિકલ્પ તરીકે તેનો ઉદય થશે. કૉંગ્રેસ સ્વીકારે છે કે ટિકિટ ફાળવણી અને જનતા સુધી પોતાનો સંદેશ પહોંચાડવામાં ક્યાશ રહેવા પામી છે. સુરત સહિત છ મહાનગરપાલિકા માટે રવિવારે ચૂંટણી યોજાઈ હતી. જેના પરિણામની અસર આગામી ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત તથા ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ઉપર જોવા મળી શકે છે, જેના પરિણામ બીજી માર્ચે જાહેર થશે. નવેમ્બર-૨૦૧૫માં સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી દરમિયાન પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ની ચળવળ ચરમ ઉપર હતી. જેનો લાભ કૉંગ્રેસને થયો હતો. પાટીદારોના પ્રભુત્વવાળા કાપોદ્રા, પુણા-પૂર્વ, પુણા-પશ્ચિમ, કોસાડ, અમરોલી, ફુલપાડા-અશ્વિનીકુમાર વૉર્ડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના જોરે કૉંગ્રેસને ૩૬ બેઠક મળી હતી. જેમાંથી ૨૦થી વધુ બેઠક ઉપર પાટીદાર ઉમેદવાર હતા અથવા પાટીદારોના પ્રભુત્વવાળા વિસ્તાર હતા. ૨૦૨૧માં પણ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી વેળાએ પાસ દ્વારા તેના નેતા ધાર્મિક માલવિયા સહિત ચોક્કસ ઉમેદવારો માટે ટિકિટની માગ કરવામાં આવી હતી. પરંતુ તેમને અપેક્ષા મુજબ પ્રતિનિધિત્વ મળ્યું ન હતું. જેથી ગુજરાતમાં ભાજપ અને કૉંગ્રેસથી નારાજ પાટીદાર યુવાનો આપ તરફ વળ્યા હતા. આવી જ રીતે આમ આદમી પાર્ટીના ઉદયનો શ્રેય ગોપાલ ઈટાલિયાને પણ આપી શકાય. તેઓ પાટીદાર અનામત આંદોલન સમયથી જ સુરતમાં પોતાનું નેટવર્ક ધરાવતા હતા. સમિતિના નેતા તરીકે તેઓ 'વિઝિબલ' હતા અને પાટીદારો તથા સ્થાનિકો તેમને ઓળખતા હતા. જ્યારે કૉંગ્રેસમાં ટિકિટની વહેંચણીમાં ડખ્ખો થયો, ત્યારે પાટીદારોમાં કૉંગ્રેસ પ્રત્યે રોષ જાગ્યો અને વિકલ્પ તરીકે આપને આવકારી. માર્ચ-૨૦૧૭માં ગુજરાત સરકારના પ્રધાન પ્રદીપસિંહ જાડેજા વિધાનસભામાં પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે ઈટાલિયાએ તેમની ઉપર જૂતું ફેંક્યું હતું. આ ઘટના બાદ સરકારી નોકરી કરનાર ઈટાલિયાને બરખાસ્ત કરી દેવામાં આવ્યા હતા. એ પહેલાં નીતિન પટેલ સાથેની વાતચીતનો તેમનો ઓડિયો વાઈરલ થયો હતો, જેમાં તેમણે ગુજરાતમા દારુબંધી ઉપર સવાલ ઉઠાવ્યા હતા. ૨૦૨૦ના મધ્યભાગમાં તેઓ આપમાં ગુજરાતના ઉપાધ્યક્ષ તરીકે જોડાયા અને વર્ષાંત સુધીમાં તેમને પ્રદેશાધ્યક્ષ પણ બનાવી દેવાયા. સુરતમાં આમ આદમી પાર્ટીના ઉદય પાછળ મુખ્ય બે કારણો ગણી શકાય જેમાં એક યુવા નેતા તરીકે સફળ ગોપાલ ઈટાલીયાની મહેનત અને બીજું કોંગ્રેસની નિષ્ક્રિયતા....

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૭-૦૨-૨૦૨૧, શનિવાર, મહા સુદ-અક્ષર પૂર્ણિમા, સૂર્યોદય-૬-૪૮, સૂર્યાસ્ત-૬-૧૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ માઘ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૨૭-૦૨-૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- જાહેર ક્ષેત્રે સફળતા મેળવવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં પ્રમોશન બદલીના ચન્સ રહે. ઉશ્કેરાટથી દૂર રહેજો.
વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ-બહેનો સાથે ધાર્મિક યાત્રા પ્રવાસનું આયોજન થાય નોકરીમાં અધિકારીઓ સાથે મહત્વની ચર્ચા થાય.
મિથુન(ક.છ.ઘ.) :- અનુભવોનો લાભ સંસ્થાને મલે. લગ્ન જીવનમાં ગેર સમજો હશે તો તે દૂર થાય સતત વ્યસ્ત રહેશો.
કર્ક(ડ.હ.) :- રાજકીય વ્યકિતનો સહકાર મલવાનો મહત્વના કાર્યોમાં અંગત ધ્યાન દેજો પરિવારના સભ્યો સાથે પ્રવાસ થાય.
સિંહ(મ.ટ.) :- નજીકની વ્યકિત સાથે ગેરસમજો ટાળજો ધંધામાં નવું આયોજન કરવાની ઈચ્છા ફળે લાલચથી દૂર રહેજો.
કન્યા(પ.ઠ.ણ.) :- તમારી કામગીરી અદ્ભૂત છે જેનો લાભ તમારી સંસ્થાને મલે વિજાતીય વ્યકિતનો સાથ મલવાનો.
તુલા(ર.ત.) :- પ્રિયપાત્રની મુલાકાત સફળ થવાની છે. મહત્વના કાર્યમાં સફળતા મલવાની સાહિત્ય ક્ષેત્રે સફળતા મલવાની.
વૃશ્ચિક(ન.ય.) :- દિવસ દરમ્યાન નવા સંકલ્પોની ઈચ્છા ફળવાની કોમ્પ્યુટર લાઈનમાં સફળતા માટે વાંચન પ્રવૃતિને વધારવાની છે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- આળસ વૃત્તિ તમારી પ્રગતિને અવરોધશે જેથી તમારે આળસ વૃત્તિ ટાળવાની છે. રાજકારણમાં કોઈનો સાથે મલવાનો.
મકર(ખ.જ.) :- અંગત ઉપયોગ માટે નાણાનો વ્યર્થ ઉપયોગ ન થાય તેનું ધ્યાન રાખજો ગેબી શકિતની મદદ મલવાની છે વિદેશ જવાની ઈચ્છા ફળે.
કુંભ(ગ.શ.સ.) :- પ્રણય બાબત કોઈ ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખવું તમો થોડા વધુ રોમાન્ટીક બનવાના છો. વ્યવસાયમાં લાભ રહે.
મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય મિત્ર વર્તુળમાં વધારો થવાનો સફળતા માટે શોર્ટકટ અપનાવવાથી દૂર રહેજો.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૭૯

મધુ માસી, પ્રો, પવન દેસાઈ કે પછી કાકા? હું જબરો ગોટે ચડ્યો. સફળતા પ્રોફેસર અને કાકાની છાપરે ચડીને પોકારતી હતી પરંતુ દરેક બાબતમાં મધુમાસીનું પલ્લું કર્મોના વજન સાથે નમી જતું હતું. આખરે મેં મધુમાસીનો ઈન્ટરવ્યૂ લેવાનું નક્કી કર્યું. જો કે ગઈકાલે પ્રેમ ઉપર થયેલી ચર્ચા બાદ મને અનાયાસે આ વિચાર આવેલો. પરંતુ હું મધુમાસીને પૂછવાની હિંમત ના કરી શક્યો. આજે સવારે સાગર આવી ગયેલો. હું બપોરે એને મળ્યો. સ્કૂલમાં સાતમ - આઠમની રજા પડી ગઈ હતી.

મેં સાગરને સ્કૂલના ટાસ્ક વિશે વાત કરી. અને મધુમાસીના ઈન્ટરવ્યૂ માટે પણ પૂછ્યું. એ એટલું જ બોલ્યો. "તું એમનો ઈન્ટરવ્યૂ લઈ શકીશ ?"

મને કંઈ ન સમજાતાં પૂછ્યું. " એટલે એ ઈન્ટરવ્યૂ નહી આપે ?"

"એને પૈસા અને પ્રસિદ્ધિની ભૂખ નથી. એતને ઈન્ટરવ્યૂ શા માટે આપે ? તારી પાસે કોઈ સ્ટ્રોંગ કારણ છે એમને ઈન્ટરવ્યૂ માટે કન્વીસ કરવાનું ?" સાગર બોલ્યો.

" એવું તો મેં કશું વિચાર્યું પણ નથી ? એ ના પાડશે કે બહુ પ્રોબ્લેમ થશે તો હું કાકા કે પ્રો. પવન દેસાઈનો ઈન્ટરવ્યૂ કરી લઈશ. " મેં સહજતાથી કહ્યું.

"તને શું લાગે છે એ બંને તું કહીશ એટલે ઈન્ટરવ્યૂ આપી દેશે ? એન્ડ એ પણ સ્કૂલના પ્રોજેક્ટ માટે ? તને હજુ દુનિયદારીનું કંઈ ભાન હોય એવું લાગતું નથી. ?" સાગર મેઈન હોલમાં બુક્સના ઢગલામાંથી કશુંક શોધતાં બોલ્યો.

"અરે યાર, જસ્ટ ઈન્ટરવ્યૂ તો લેવું છે કંઈ એની પ્રોપર્ટીમાં ભાગ થોડો માંગુ છું. તે ના પાડે ?" મેં આખરે કંટાળીને કહ્યું.

"તને ઈન્ટરવ્યૂ આપવાથી એ બંનેને શો ફાયદો ? એનાથી એ બંનેને શું મળે ? પૈસા....પબ્લિસિટી... ન્યુ બિઝનેસ......ઓડિયન્સ કે બીજું કાંઈ પણ...? મને જવાબ આપ. ઉલટાની એમની વેલ્યુ ડાઉન થાય. એક સ્કૂલના છોકરાને આટલી સરળતાથી ઈન્ટરવ્યૂ આપવા માટે ?"

"વોટ ? તું શું બોલે છે સાગર ? એ બંને તો સમાજસેવા કરે છે. એમને લોકો કેટલા સન્માનથી જુએ છે ? મારો આ ઈન્ટરવ્યૂ મારા સ્વાર્થ માટે તો નથી ને ? એક પ્રોજેક્ટના ભાગરૂપે છે. એ બંન્ને આટલા અનુભવી અને વિદ્વાન છે. મારી વાત સરળતાથી સમજી શકશે ..! " મેં દલીલ કરી જવાબ આપતાં કહ્યું.

"મી. કાનજી પટેલ, આ દુનિયામાં કોઈ સમાજસેવા નથી કરતું. એ સેવા પાછળ કરનારનો પોતાનો અંગત સ્વાર્થ હોય છે. ઘણીવાર ખુદને કોઈ જખમ મળે તો સમસ્યા નિવારવાના ભાગરૂપે આવું કામ ચાલુ કરે છે. જેને આગળ જતાં લોકચાહના મળતાં પ્રોફેશનલ ધંધો બનતાં વાર નથી લાગતી. હા, અમુક સેવાભવી હોય છે. એને ફક્ત એ કામ સિવાય બીજા કશાની પડી નથી હોતી. એ મોટેભાગે પૈસા અને પ્રસિદ્ધિથી દૂર રહે છે." સાગર પોતને ગમતી બૂક શોધવા માટે આખો ઢગલો ફેંદી રહ્યો હતો.

"મિન્સ, તું કહે છે એમ કાકા કે પ્રોફેસર સાહેબે સેવા નથી કરી રહ્યા કે પછી સેવાના નામે......?" હું મનમાં કહેવા લાગ્યો..કાશ હું વિચારું છે એ વાત ખોટી પડે.

"જી કાનજી તું બિલકુલ સાચું વિચારે છે. આ બંને મહાનુભવો સેવાના નામે ધંધો કરે છે. તું વિચારી ના શકે એ રીતે.....અને આ ધંધા સાથે પોલિટીશિયન, બિઝનેસમેન અને કેટલાંક સમાજસેવકો પણ જોડાયેલાં છે. આપણી પબ્લિક સાવ ભોળી છે એના કરતાં એમ કહીશ જેવી છે. એ સેવાના નામે વિશ્વાસ રાખી ગમે તેને મેવા ખાવાની છૂટ આપી દેશે. પણ આ બંને ના કિસ્સામાં લોકોને કશું ગુમાવવાનું નથી એટલે બહુ પ્રોબ્લેમ નથી આવતો. ચાલ્યા રાખે છે." સાગરને જોઈતી બૂક મળી ગઈ હતી.

"પણ આ બધી વાતોને મારા ઈન્ટરવ્યૂ સાથે શું લેવા - દેવા ?" મને આવાત સાંભળી આંચકો લાગ્યો. મારે આ વાતનું ઈન્ટરવ્યૂ સાથેનું કનેક્શન જાણવું હતું.

"આપણે ત્યાં કોઈ વ્યકતી થોડીક ફેમસ સેલિબ્રિટી બની જાય પછી એ જાતે કશું નક્કી નથી કરી શકતો. એમાં પણ આવા સેવાના ક્ષેત્રમાં તો ખાસ. એમના દરેક જાહેર કામોની ચોટલી બીજાના હાથોમાં હોય છે. એમના કહેવાતાં ઈન્ટરવ્યૂ સ્ક્રિપ્ટ મુજબ લેવાતાં હોય છે. તમને લાગતી કોઈ કોન્ટ્રાવર્સી જેવું જજમેન્ટ કે ઈવેન્ટ પ્રિ - પ્લાન્ડ હોય છે. તેઓ સમાજ સામે ફક્ત એક ચહેરો હોય છે. ઘણીવાર તો પડદા પાછળ તેના નામે કેવા કરતૂતો ચાલી રહ્યા હોય એની તેને ખુદને ખબર નથી હોતી. આવા લોકોની પાત્રતા અને યોગ્યતા કરતાં એમને અપાર સફળતા મળી ગઈ હોય છે. પછી એ સક્સેસને હેન્ડલ કરવાની તેમની આવડત નથી હોતી. આપણે ત્યાં ચાલુ ગાડીએ ચડી જવાવાળાની કમી નથી." સાગરે બહુ ડિટેઈલમાં સમજાવ્યું.

"તો એ આ બધા ખુલાસા લોકો સામે કરી દે તો ? પબ્લિકનું માન એમના તરફ આપોઆપ વધી જશે ? તે કહ્યું એમ ચાલ માની લીધું કે આ લોકો પ્રોફેશનલ અને સ્વાર્થી હશે ? પરંતુ મને ઈન્ટરવ્યૂ આપવામાં એમને કોઈ નુકસાની તો નથી જ ને. " મને લાગતું હતું હું આ કિસ્સામાં સાગરને 'છોકરીના છપ્પા' ની જેમ ખોટો ઠેરવી શકીશ.

"તારે કશુંક જાણવા કે શીખવા માટે ઈન્ટરવ્યૂ લેવો છે. આ બધા મહાનુભાવો પોતાના વિશે એટલું જ કહેશે જેટલું એમના વિશે ઈન્ટરનેટ પર અવિલેબલ છે. આ વાતો માટે ઈન્ટરવ્યૂ લેવાનો કોઈ અર્થ નથી. તારે જે જાણવું છે એ તને કહેવા તૈયાર થશે નહી ? તું એકવાર ટ્રાય કરી જોજે. એટલે તને પડદા પાછળની અસલિયત સમજાઈ જશે." સાગર પુસ્તક હાથમાં લઈ સોફા પર લંબાવતાં બોલ્યો.

"સાગર કાકા અને પ્રો. બને કંઈ અનલીગલ કે ખરાબ કહેવાય એવા કામો કરે છે ?" મેં સીધો સવાલ પૂછી લીધો.

" આ સવાલનો જવાબ થોડા સમય પછી તને આપમેળે મળી જશે. અમુક સવાલના જવાબો સવાલ સમજાય પછી મળે એ જરૂરી હોય છે. બસ એટલું સમજી લે કાકાને સેવા કરવી હોય તો કિટલી કાફી છે. 'જલસા કલબ' ચાલુ કરવાની જરૂર નથી. એન્ડ પ્રોફેસર સાહેબને પણ સીટીવાઈસ ગ્રાન્ડ કદ્દની ફેંનચાઈઝી શું કરવા આપવી જોઈએ ? "

"સાગર... તું કહે છે એ બધી વાતોમાં મને અતિશયોક્તિ લાગે છે. એવું પણ બની શકે ને એમને ઈચ્છા હોય કે જે તે સેવા કાર્યનો લાભ વધુ લોકોને મળે. બીજું કાકા જેવા લોકોની કહું તો આર્ટિસ્ટ કે ખેલાડીઓની જેમ સોશ્યલ બ્રાન્ડ વેલ્યુ જોરદાર હોય છે. એ બધા આ વેલ્યુને આધારે આપણી પ્રાચીન રમતોનો વારસો કે બીજું ગમે તે સાચવવા પ્રયાસો કરતાં હોય તો ખોટું શું છે ? તને ખબર જ છે. દરેક કામ ભલેને એ સેવાનું હોય એના માટે પૈસાની જરૂર પડવાની જ....." મારું મન હજુ સાગરની વાતો માનવા તૈયાર નહોતું.

"તે કહ્યું એબધું ફક્ત નિસ્વાર્થ ભાવે અને સમાજને ઉપયોગી થાય એ માટે થતું હોય તો મને કોઈ પ્રોબ્લેમ નથી. પણ તું હજુ નથી સમજી રહ્યો. તમે કશુંક અચિવ કરો પછી તમે ઘણાં લોકો માટે રોલમોડેલ બની જાવ છો. એતમારી દરેક વાતો..આઈ રિપીટ દરેક વાતોમાંથી કશુંક શીખતાં હોય છે. તમે બિઝનેસમેન હોય તો હું બધું વેલીડ ગણું. પણ જ્યારે સમાજ માટે સેવાની વાત આવે ત્યારે તમે પૈસા માટે ખુદનું ઝમીર ગીરવે ના મૂકી શકો...! પબ્લિકે તમારા સિદ્ધાંતો કે મોરલવેલ્યુને લીધે તમને ટેકો આપીને અહીં સુધી પહોંચાડ્યા છે. તમે એ લોકોનો વિશ્વાસ તોડો છો ? સમાજસેવા જ્યારે પ્રોફેશનલ બને ત્યારે 'વી લોસ્ટ હ્યુમિનિટી'. આથી વધુ આપણે કશું ના ગુમાવી શકીએ." સાગરે આ બોલતાં બોલતાં થોડો ઉદાસ થઈ ગયો હોય એમ લાગ્યું.

"સાગર, તને આટલી હકીકતની જાણકારી હોય તો તું એમને ઉઘાડા કેમ નથી પાડતો ? તું જ મને 'ગ્રાન્ડ કદ્દ' કે 'જલસા કલબ' ના ઉદ્ઘાટનમાં લઈ જાય છે." મને સમજાતું નહોતું મારે શું કહેવું ?

"મને ફક્ત મોહરાઓને ઉઘાડા પાડવામાં રસ નથી. ગબ્બર ડોન જેવા પડદા પાછળના અસલી ખેલાડીઓને ખુલ્લાં પાડવામાં રસ છે. કારણ કે એમને બીજા પ્રોફેસરો કે કાકાની કમી નથી. આપણે આપણી રીતે લડી જ રહ્યા છીએ. અને કોઈ સિસ્ટમને સુધારવી હોય તો પહેલાં તેમાં સામેલ થઈ તેની ખામીઓ અને એ ખામી પાછળના કારણો જાણવા પડે. ત્યાં સુધી તમે જે પરિવર્તન માટેની ક્રાંતિ કરો એબધું ઉપરછલ્લુ પરિણામ જ આપી શકે. " સાગરે મને એક બૂક આપતાં કહ્યું. આ વહેલી તકે વાંચી લેજે.

"સાગર, એક મિનિટ તું શું બોલ્યો....? આપણે....!! તું લડી રહ્યો છે..આમાં હું ક્યાં આવ્યો ?" મેં પુસ્તક હાથમાં લેતાં કહ્યું. જોયું તો હિટરલની આત્મકથા હતી.

"કાનજી પટેલ , તું આઘરમાં રહેવા આવ્યો અને એગ્રીમેન્ટ આપ્યું ત્યારે જ કહેલું....તું નિરાંતે વાંચીને , સમજી વિચારીને સાઈન કરજે. પણ તે મારા પર ભરોસો રાખીને વગર વિચાર્યે સાઈન કરી દીધી ?" સાગર સિગારેટ સળગાવતાં કહ્યું.

" માન્યું મેં...વગરવિચાર્યે તારા પર ભરોસો રાખીને સાઈન કરેલી. મને વિશ્વાસ હતો. તું મારું ખરાબ ક્યારેય નહીં કરે. મને દરેક મુસીબતમાંથી બચાવી લઈશ. પણ આ લડાઈની વાતને એ સહી સાથે શું લાગે વળગે ?" મને કશું સમજાતું નહોતું.

"તે જ્યારે સાઈન કરેલી એ જ સેકન્ડથી મારી લડાઈ એઆપણી લડાઈ બની ગયેલી. મિન્સ તું પણ આ લડાઈનો એક હિસ્સો બની ગયેલો." સાગરે સિગારેટનો કસ ખેંચતાં કહ્યું.

" પણ એ કંઈ રીતે ?" મેં અચરજથી પૂછ્યું.

"તે એગ્રીમેન્ટમાં સહી કરી એ મુજબ હવે આ મકાન તારા નામે છે. જેને લીધે મારી અને ગબ્બરની દુશ્મની શરૂ થયેલી. સાગર ઠંડા કલેજે બોલ્યો.

સાગરની આ વાત સાંભળી મારા શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું. વગર ગરમીએ હું પરસેવે નીતરી રહ્યો હતો........હું માની નહોતો શકતો કે સાગર મારી જોડે આટલો મોટો વિશ્વાસઘાત કરી શકે.....!!

આભાર - નિહારીકા રવિયા

# ફૂલ ખીલે હૈ.. ગુલશન ગુલશન.



હું માનું છું કે બગીચાનો માળી સૌથી ખુશનસીબ માણસ છે કેમકે દરરોજ ફૂલોની વચ્ચે રેહવું કેટલું રોમાંચક લાગે. એપાર્ટમેન્ટની નાની છાજલી પર મૂકેલા કુંડામાં એકાદ ગુલાબ ખીલ્યું હોય એનો પણ રોમાંચ થઈ આવતો હોય તો વિશાળ બાગમાં રંગ વૈવિધ્યથી ભરપૂર બાગ કેવી વ્હાલી લાગે! અને ઉપરથી અતર જેવી ભીની ભીની ખુશ્બો આસપાસ તર્યા કરે. એમ લાગે કે બસ હવે જીવન પાસેથી વધુ કોઈ અપેક્ષા નથી.

પોરબંદર મેઈન રોડ પર ઘણાં વર્ષોથી ગુલાબ ઉચ્છેરતા દાદાના બાગમાં ફૂલ ખરીદવા સિવાય પણ ઘણી વખત અમથું જ લટાર મારવાનું મન થઈ આવે. દાદા છોડને દેસી ડંકીથી સીંચી સીંચીને પાણી ઉલેચી એકે એક છોડને લીલા રાખે. બગીચાની ભિનાશ એ સહેજ પણ ઓછી થવા ન દે. જ્યારે ખૂબ તડકો હોય ત્યારે બધા છોડને એક મોટા વૃક્ષ નીચે ટ્રાન્સફર કરી દે. છોડમાં સુકાઈ ગયેલું એક પાંદ પણ એ શોધી શોધીને કાઢી નાંખે. જાસૂદ, જુઈ, મોગરો, તમામ રંગના ગુલાબ, ચંપો, બારમાસી, ટગર, બોન્સાઈ ટ્રી, કેક્ટ્સ, ગલગોટા, સેવંતી અને બીજા ઘણાં ફૂલો ત્યાં મઘમઘતા હોય.

શહેર ની વચ્ચે પણ શહેરથી અલિપ્ત એક નાનકડી નોખી-અનોખી દુનિયામાં કામ કરતા દાદાને આ કામ.કરવામાં કેટલો આંનદ આવતો હશે એ તેનાં પ્રસન્ન ચહેરાને જોઈને જ અંદાજ આવી જાય. એકનું એક કામ વર્ષો સુધી કરતા રહેવાનો કંટાળો નથી આવતો એવું મારાથી પુછાઈ ગયું ત્યારે તેમણે પાણી સીંચતા જવાબ આપેલો "કામ ગમતું હોય તો બીજા ૫૦ વરહ પણ કંટાળો ન આવે "

એક ખૂણામાં પીપળાના ઝાડ નીચે ઈશ્વરની મૂર્તિઓ પણ છે. બીજી એક બાજુએ નાના તંબૂમાં વિયાએલી કૂતરી તેના છ ગલૂડિયા સાથે બગીચામાં જ રહે છે. એક ત્રાંસમાં દાદાએ તેના માટે ઘરેથી લઈ આવેલા રોટલીના ટુકડાઓ અને ગોળ ખાઈ રહેલા ગલુડિયાઓ આરોગવા માટે કેવી પડા પડી કરી રહ્યા છે.

" દાદા... આને પણ સાથે ઉચ્છેરો છો એમ ને! "

" હંધુય ભગવાનનું છે. આપણે તો એના બગીચાના ફૂલ છીએ. " દાદાએ એક ગલુડિયાને મસ્તી કરતું અટકાવ્યું. તેને પેટથી ઝાલીને ઊંચકી લીધું અને બધાં ગલુડિયા તેનું જમવાનું છોડીને દાદાને વળગી પડ્યાં. "અરે.. અરે પણ... ખાઈ તો લ્યો...." કહીને દાદાએ ઊંચકેલા ગલુડિયાને થાળમાં જમવા માટે વળગાડ્યું અને બીજા બધાં જાણે દાદાની વાત સમજી ગયા હોય એમ શાણા બચુલિયા ગોળ ચાંટવા વળગી પડ્યા.

" હું હવારે આવું એટલે તરત એના તંબુમાંથી આવી જાય... એની માં પણ એવી જ હોંશિયાર. હું ક્યાંય છેટો હોવ ત્યાંથી સાયકલનો અવાજ સાંભળી જાય અને દોડતી જાંપા પાસે આવે. રાતે તો અમે એના ભરોસે મૂકીને વયા જાયે. કોઈને અંદર નો આવવા દે. " દાદાના શબ્દોમાં વ્હાલની મહેક પ્રસરતી હતી.

" બસ.. જો આ નાનકડી દુનિયા સે અમારી." દાદાએ ઉમેર્યું.

" આજ તો ખરો વૈભવ છે. "

વાહનોના એકધારા હોર્નની વચ્ચે પણ ગલુડિયાના મીઠાં કાવકા સંભળાઈ રહ્યા હતાં. ડ્રિમ લાઈફ કેવી હોય? શહેરની વચ્ચે પણ શહેરથી અનોખું કઈ રીતે જીવી શકાય? એકનું એક કામ કરવાનો ઉત્સાહ કઈ રીતે કેળવી શકાય? માણસ ૨૪ કલાક સોલિટયૂડ એટીટ્યુડમાં કઈ રીતે રહી શકે? જીવન પાસેથી બીજી શું અપેક્ષા હોય! ક્યારેક જીવનમાં ઘણું બધું ન હોય તો પણ ઘણું ઉમદા જીવન જીવી શકાય છે. મટીરીયાલિસ્ટિક જગતનું પ્લાસ્ટિક જીવન અંદરના છોડને ક્યાં ખીલવા જ દે છે. તેનાં ગુલાબ ખીલે એ પેહલા જ શો કેશમાં મુર્જાઈ જાય છે.

ક્વોલિટી ઓફ લાઈફ એ કોઈ એવી જગ્યાએથી આવે છે જ્યાંથી આપણે હોડમાંથી અલગ રસ્તે ફંટાઈ જઈએ. ઝુંડમાં રહેતાં માણસને ઝુંડ બહારની દુનિયા પચતી નથી. ઓફિસો, મોટાં બિલ્ડીંગો, કાચના દરવાજાવાળી કેબીનો, લક્ઝુરિયસ ઘર, એ ઘરમાં મોંઘીદાટ ટીપોઈ અને એ ટીપોઈ ઉપરના કુંજામાં કાયમ એ જ અવસ્થામાં પડી રહેતા પ્લાસ્ટિકના ફૂલો ! માણસ પણ વોલ પીસની ઢીંગલી જેવો કાયમ હાથ પગ હલાવતો યંત્રવત જીવન જીવવા આકર્ષાઈ છે. તેને રસ્તે ઉગેલા બોગનવેલના ફૂલો તરફ નજર નાંખવાનો સમય નથી. રસ્તે ઉભેલી ગાયને ધાવતું વાછરડું જોવાનો રોમાંચ કરતા મોબાઈલમાં મેસેજ ફોરવર્ડ કરવા તેને વધુ ગમે છે.

પણ ક્યાંક કોઈ ખૂણે છોડને પાણી છાંટતા દાદાના જીવનમાંથી શીખ લેવા જેવી છે. આપણો છોડ મૂર્જાઈ એ પહેલાં તેને રૂટિનમાંથી નીકળીને ગમતાં કામો કરવા થોડુંક ઉત્સાહનું પાણી છાંટી લેવું. એકાદ ગલુડિયું આપણી રોટલીની રાહ જોતું હોય ક્યાંક એમ પણ બને!

# હિ.પ્રદેશમાં વિધાનસભાની બહાર રાજ્યપાલને રોકવાનો પ્રયાસ કર્યોઃ ૫ ધારાસભ્ય સસ્પેન્ડ

(જી.એન.એસ.)શિમલા,તા.૨૬

વિપક્ષના નેતા સહિત કોંગ્રેસના ચાર અન્ય ધારાસભ્યોને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ સાથે મારામારી કરવાને કારણે બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. બજેટ સત્ર ૨૦ માર્ચે ખતમ થશે.

વિપક્ષના નેતા મુકેશ અગ્નિહોત્રી, હર્ષવર્ધન ચૌહાન, સતપાલ રાયજાદા, સુંદર સિંહ ઠાકુર અને વિનય કુમાર પર આરોપ છે કે તેમણે હિમાચલ પ્રદેશના રાજ્યપાલ બંડારૂ દતાત્રેય સાથે તે સમયે હોબાળો કર્યો હતી જયારે તે વિધાનસભાથી પરત ફરી રહ્યા હતા.

આ પહેલા હિમાચલ પ્રદેશ વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે સદનમાં કોંગ્રેસના હંગામા વચ્ચે રાજયપાલ પોતાના અભિભાષણની માત્ર અંતિમ પંક્તિ વાંચી શક્યા હતા. વિધાનસભા સત્ર શરૂ થયા પહેલા જ ૧૧ વાગ્યે સદનમાં વિપક્ષના નેતા મુકેશ અગ્નિહોત્રીની આગેવાનીમાં કોંગ્રેસના સભ્ય પોતાની બેઠક પરથી ઉભા થઈ ગયા હતા અને નારેબાજી કરવા લાગ્યા હતા.

હંગામા વચ્ચે, રાજયપાલે પોતાના અભિભાષણની માત્ર અંતિમ પંક્તિ વાંચી હતી અને કહ્યુ કે અન્યનું ભાષણ વાંચેલુ માનવામાં આવે. કોંગ્રેસના સભ્યોએ આરોપ લગાવ્યો કે અભિભાષણ જૂઠથી ભરેલો હતો, તેમણે કહ્યુ કે, રસોઈ ગેસ, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારા જેવા મુદ્દાને અભિભાષણમાં સામેલ કરવામાં નથી આવ્યા. તે બાદ સોમવારે સદનની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે કોંગ્રેસના આ વ્યવહારની ટિકા કરી હતી અને કહ્યુ કે તેની કોઈ જરૂરત નહતી.

# ભાજપના પ્રમુખે મને બદનામ કરવા માટે લુધિયાણાનો વીડિયો વાયરલ કર્યોઃ અશોક વાઢેર

(જી.એન.એસ.)ભાવનગર,તા.૨૬



મહુવા નગરપાલિકાની ચૂંટણીના ત્રણ દિવસ પહેલા જ એક વાયરલ વીડિયોને લઈ રાજનીતિ ગરમાઈ છે. ગઈકાલે મહુવા શહેર ભાજપ પ્રમુખ રજની ઠાકરએ એક વીડિયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો હતો. કથિત વીડિયો વોર્ડ નંબર ૬ના વિકાસ પેનલના ઉમેદવાર અશોક વાઢેરનો હોવાના લખાણ સાથે વાયરલ થયો હતો. અશોક વાઢેરે શરૂઆતથી જ આ વીડિયો પોતાનો ના હોવાનો કહ્યું હતું અને રજની ઠાકર પોલીસમાં અરજી પણ આપી હતી.

આજે અશોક વાઢેરે કહ્યું હતું કે, કથિત વીડિયો લુધિયાણા નો છે અને મને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યો છે, કારણકે આગામી મહુવા નગરપાલિકાની ચૂંટણી માં ઉમદેવાર તરીકે ઉભો છું અને મારી જીતવાની ક્ષમતા પ્રબળ છે જેને લઈ આ ભાજપના પ્રમખુ દ્વારા વીડિયો વાયરલ કરીને મહુવાની જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

વાયરલ વીડિયો 'લુધિયાણા દ શેખ' નામની સોશિયલ સાઈટ પર હોવાનો દાવો કરાયો છે. વાયરલ વીડિયોમાં પોતે નહીં પણ પંજાબની કોઈ વ્યકિત હોવાનું અશોક વાઢેરે જણાવ્યું છે. અશોક વાઢેરે વીડિયો વાયરલ કરનાર રજની ઠાકર સામે તપાસની માગ કરી છે.

PAGE-1.pmd 2 26-Feb-21, 11:21 PM

# સંજય રાઠોડ વિરુદ્ધ પૂણેની લશ્કરી કોર્ટમાં કેસ દાખલ : પાચમીએ સુનાવણી

### બીજેપી મહિલા પાંખ ઓબીસી યુવામોર્ચો આંદોલન કરશે

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૬

પુણેની પૂજા ચૌહાણ આત્મહત્યા પ્રકરણમાં કથિત રીતે સંડોવાયેલા વનમંત્રી સંજય રાઠોડનું રાજીનામું નહીં લેવાય તો અધિવેશન નહિ ચાલવા દેવાય તેવી ચીમકી બીજેપી એ આપી છે તો રાઠોડ વિરુદ્ધ પૂણેની લશ્કરી કોર્ટમાં કેસ સિટીઝન જસ્ટીસ નામની સંસ્થાએ દાખલ કર્યો છે જેની સુનાવણી પાંચ માર્ચે થશે. બીજી બાજુ રાજ્ય મહિલાઆયોગ પણ કોર્ટમાં કેસ કરવાની છે . આમ રાઠોડની મુશ્કેલી વધી છે. બીજેપીની મહિલા પાંખ દ્વારા આવતીકાલે રાજ્યભરમાં ચક્કાજામ કરશે જ્યારે બીજેપી યુવામોરચો તેમ જ ઓબીસી દ્વારા પણ પહેલી અને ત્રીજી માર્ચે આંદોલન કરવાની જાહેરાત કરાઈ છે. દરમિયાન પૂજા ચૌહાણના પરિવારે આક્ષેપ કાર્યો છે કે દીકરીના મોતનું રાજકારણ કરો નહીં. અમને બદનામી નહિ ન્યાય આપો તેવી તેમણે માગણી કરી હતી. પૂજાની નાની બહેન ૧૦મી માં છે અને તેની પરીક્ષાની ચિંતા છે તેણે જણાવ્યું હતું કે તેની બહેન હિંમતવાળી હતી આત્મહત્યા કરે તેમાં માલ નથી. આ ઘટનામાં સંડોવાયેલા અરુણ રાઠોડને પોતે ઓળખતી ન હોવાનું પૂજાની માતાએ જણાવ્યું હતું. અરુણ રાઠોડનો મોબાઈલ કેમ પોલીસે લઈ તપાસ માટે ફોરેન્સિક લેબને મોકલ્યો નથી તેવો પ્રશ્ન બીજેપી નેતા ચિત્રા વાઘે પૂછ્યો હતો. દરમિયાન રાઠોડ અંગે અહેવાલ આવ્યા બાદ તેના રાજીનામા માટે કોંગ્રેસ વિચારશે તેમ પ્રદેશપ્રમુખ નાના પટોલે એ જણાવ્યું હતુ. જો કે વિપક્ષ બીજેપી રાઠોડના રાજીનામાં પર અડગ છે અન્યથા અધિવેશન નહિ ચાલવા દે તેવી ચીમકી આપી છે ત્યારે મુખ્યપ્રધાન ઉદ્ધવ શું પગલાં ભરશે કે દબાણ સામે ઝૂકી જશે? શિવસેનાના સિનિયર પ્રધાન સુભાષ દેસાઈને જ્યારે આ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે પત્રકારોને હાથ જોડી ચાલતી પકડી હતી.

**રાજીનામું નહીં તો અધિવેશન નહી ની ચીમકી : બદનામી નહીં ન્યાય આપો : પરિવાર**

---

એન્ટિલિયા પાસે પાર્ક કરાયેલી સ્કોર્પિયો ચોરી કરાઇ હતી : માલિકની પૂછપરછ

# નીતાભાભી આ તો ટ્રેલર છે પૂરો સમાન તૈયાર છે : પત્રમાં ધમકી

### એક મહિનાથી અંબાણી ફેમિલી અને એન્ટિલિયાની રેકી કરતી હોવાની શંકા

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૬

મુકેશ અંબાણીના બંગલા પાસે વિસ્ફોટકો અને ધમકીભર્યા પત્ર તેમ જ ચાર નંબર પ્લેટ સાથે મળી આવેલી સ્કોર્પિયો ચોરી કરી હતી. આ કારના માલિક ધનસુખ હિરેનની હાલમાં પોલીસ પુછપરછ કરી રહી છે. થાણેથી મુંબઈ આવતા ૧૭ ફેબ્રુઆરીના રોજ સ્ટિયારિંગ જામ થઈ જવાથી એરોલીનાકા પાસે કાર તેણે છોડી દીધી હતી. બીજા દિવસે તે પહોંચ્યો ત્યારે કાર ચોરી થઈ ગઈ હોવાથી વિક્રોલી પોલીસમાં તેણે ફરિયાદ નોંધાવી હતી.

આ કારમાં મળી આવેલી જિલેટીન સ્ટીકનું પગેરું નાગપુરમાં નીકળ્યું છે. સ્ટીક પર નાગપુરની કંપનીનું નામ છે. આ ઉપરાંત કારમાંથી મળી આવેલી નંબર પ્લેટનું રજિસ્ટ્રેશન રિલાયન્સ ના નામે છે. પોલીસના દાવા મુજબ આરોપીઓ એક મહિનાથી અંબાણી ફેમિલી અને એન્ટિલિયાની રેકી કરતા હશે. પાર્ક કરાયા તેના થોડા સમય પહેલા સ્કોર્પિયો હાજીઅલી જંકશન પાસે ઊભી હતી. આરોપીઓ અહી કાર પાર્ક કરાયા બાદ માસ્ક પહેરી પાછળના બારણેથી ઉતરી અને પાછળ આવતી ઈનોવા કારમાં બેસી જતા રહ્યા છે. આ ઈનોવા કાર મુંબઈ બહાર ગઈ હોવાનું કહેવાય છે.

આ કારમાં ઈંગ્લીશ અને હિન્દીમાં લખી આવેલ પત્ર મળ્યો છે. જેમા મુકેશભાઈ નીતભાભી યે તો સિર્ફ ટ્રેલર હૈ. પુરા સામાન તૈયાર હૈ તેમ કહી જાનથી પૂરી ફેમિલીને મારી નાખવાની ધમકી આપી છે. હાલમાં ક્રાઈમ બ્રાન્ચ આ ઘટનાની તપાસ કરી રહી છે અને નવ વ્યક્તિઓને તપાસ માટે અટકમાં લેવાઈ છે. મુંબઈ પોલીસની નવ ટીમ આ ઘટનાની તપાસ કરી રહી છે. દરમિયાન મુકેશ અંબાણી અને તેના કુટુંબની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.

---

# માતાના મૃત્યુથી વ્યથિત પુત્ર ટ્રેક પર સુઈ ગયો




ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

વિરાર રેલવે સ્ટેશન પર એક યુવક ટ્રેન આવવાના સમયે ચાદર પાથરી આત્મહત્યા કરવા સૂઈ ગયો હતો. જો કે આરપીએફ ના જવાનોએ ટ્રેન આવે તે પહેલાં તેને બચાવી લીધો હતો. માતાના મૃત્યુથી આ યુવાન નાસીપાસ થઈ ગયો હતો અને મરવા માટે વિરાર આવી ટ્રેક પર ટ્રેન આવે તે પહેલાં સૂઈ ગયો હતો.

---

# પોહરાદેવીના મહંત સહિત ૨૯ વ્યક્તિઓ કોરોના પોઝિટીવ આવી

### સંજય રાઠોડને શક્તી પ્રદર્શન મોંઘુ પડશે મુખ્યપ્રધાને તપાસનો આદેશ આપ્યો



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

પૂજા ચવ્હાણ આત્મહત્યા કેસમા પોતે નિર્દોષ હોવાનું ગાણુ ગાનારા વન મંત્રી સંજય રાઠોડે એકાદશીના દિવસે પોહરાદેવી ગડ ખાતે જઈ હજારો સમર્થકો સાથે શક્તીપ્રદર્શન કર્યુ હતુ.આ ઘટનામા અહિના મહંત સહિત ૨૯ વ્યક્તિઓ કોરોના પોઝીટીવ આવી છે.ત્યારે આ શક્તીપ્રદર્શનમા અંદાજે દશ હજાર જેટલા લોકો સંજય રાઠોડના સમર્થમા ઉમટી પડી કોરોના ગાઈડ લાઈનનો છડેચોક ભંગ કર્યો હતો. મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ આ શક્તીપ્રદર્શનમા હાજર રહેલા લોકોની તપાસ કરી પગલા લેવા જણાવ્યુ હતુ.પરંતુ સંજય રાઠોડ વિરુધ્ધ એક પણ શબ્દ ઉચ્ચાર્યો ન હતો.એટલું જ નહિ ગઈ કાલે વર્ષા નિવાસસ્થાને મળેલી મિટીંગમા સંજય રાઠોડ તેમજ મિનિસ્ટર એકનાથ શિંદે અને શિવસેનાના અન્ય નેતાઓ પણ ઉપસ્થિત હ્તા.. જો કે સંજય રાઠોડના રાજીનામા વિશે ચર્ચા થઈ કે નહિ તે જણાવવામા આવ્યુ નથી. પોહરાદેવી ગડ ખાતેના મહંત તેમજ અન્ય ધર્મગુરુઓએ પૂજા ચવ્હાણ આત્મહત્યા કેસમા સંજય રાઠોડને ક્લીન ચિટ આપી દીધી છે.જ્યારે ખાસ કરીને બીજેપી રાઠોડ વિરુધ્ધ વધુ આક્રમક બની છે અને તેનું રાજીનામુ લઈ કડક પગલા લેવાની માગણી કરી રહી છે.

પૂજા ચવ્હાણ આત્મહત્યા બાદ ૧૫ દિવસ સુધી સંજય રાઠોડ ભુગર્ભમા ઉતરી ગયા હતા, અને ૧૭ વાહનોના કાફલા અને હજારો સમર્થકોની સાથે સહપરિવાર કોહરાદેવી ગડ પર એકાદશીએ પહોચી માતાજીની પૂજા અર્ચના કરી હતી.આ પ્રસંગે ઉમટી પડેલા હજારો સમર્થકોને વિખેરવા પોલિસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો એનસીપી નેતા શરદ પવાર પણ આ શક્તીપ્રદર્શનથી નારાજ થયા હતા અને મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ જમા થયેલા લોકોએ સરકારી નિયમોનો ભંગ કરી કોરોનાને આમંત્રણ આપવા બદલ તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.હવે જ્યારે મહંત સહિત ૨૯ વ્યક્તિઓ કોરોના સંક્રમિત થઈ છે અને હજારો લોકો શુ ટેસ્ટ કરાવશે ? તેમજ કોરોના બોમ્બ ફાટશે અને અ બધા માટે જવાબદાર સંજય રાઠોડ પર સરકાર શુ પગલા ભરશે ? તેવી ચર્ચા લોકમુખે થઈ રહી છે.

---

# મુંબઈમાં ૮૫ ટકા પોઝિટિવ, દર્દીઓમાં કોરોનાના લક્ષણો નથી

### જિલ્લાધિકારીઓને પરિસ્થિતી મુજબ નિર્ણય લેવાની સત્તા અપાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

મુંબઈની સાથે મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ દરરોજ કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. વહીવટીતંત્રે કોરોનાના પ્રસારને રોકવા માટે વિવિધ પગલાં લીધાં છે. કોરોના દર્દીઓની આ વધતી સંખ્યાએ ફરી એકવાર નાગરિકોના મનમાં લોકડાઉનનો ભય પેદા કર્યો છે. દર્દીઓની સંખ્યામાં ઘટાડો થતો નથી, પરંતુ સરકારી મંત્રીઓએ લોકડાઉનની ચેતવણી આપી છે.

દરમિયાન, મુંબઈમાં દૈનિક મળતા પોઝિટીવ ૮૫ ટકા દર્દીઓમાં કોરોનાનાં લક્ષણો જોવા મળતા નથી. મ્યુનિસિપલ કમિશનર ઈકબાલસિંહ ચહલે આ માહિતી આપી છે. કે બુધવારે મુંબઈમાં ૧૧૦૦ થી વધુ કોરોના દર્દીઓ મળી આવ્યા હતા, પરંતુ તેમાંથી ૮૩ ટકામાં કોરોનાનાં કોઈ લક્ષણો જોવા મળ્યા નથી, એમ ચહલે જણાવ્યું હતું.મ્યુનિસિપલ કમિશનરે ખાનગી હોસ્પિટલોને નિર્દેશ કર્યા છે કે તેઓ દર્દીઓને લક્ષણો વગર દાખલ ન કરે. મહત્ત્વની વાત એ છે કે, રાજ્યની હોસ્પિટલોમાં ૭૮ ટકા એકટીવ દર્દીઓ દાખલ થાય છે, જ્યારે ૪૯ ટકા એકટીવ દર્દીઓની સારવાર મુંબઈની હોસ્પિટલોમાં કરવામાં આવે છે. એડિશનલ મ્યુનિસિપલ કમિશનર સુરેશ કાકાનીએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સપ્તાહના ડેટા વિશ્લેષણ કર્યા પછી, ૭૮ થી ૮૨ ટકા દર્દીઓ એસિમ્પ્ટમેટિક(લક્ષણો નથી) છે. બહાર ફરવા જતા માસ્ક પહેરતા નથી તેમની સામે કડક પગલા લેવામાં આવી રહ્યા છે. ૨૫ ફેબ્રુઆરીએ ૧૧૪૫ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા હતા. અને પાં દરદીઓના મોત થયા હતા. મુંબઈમા અત્યાર સુધી દરદીઓની સંખ્યા ૩,૨૨,૮૪૩ જ્યારે મરણાંક ૧૧,૪૫૮ થયો છે.હાલમા મુંબઈમા કોરોનાના એકટીવ દરદીઓની સંખ્યા ૯ હજાર જેટલી છે.ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા ત્રણ દિવસથી મુંબઈમાં દર્દીઓની સંખ્યા ઘટી રહી છે ત્યારે ગુરુવારે આ સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. મંગળવારે મુંબઈમાં કુલ ૬૪૩ નવા કોરોનાથી સંક્રમિત દર્દીઓ નોંધાયા હતા. આવનારુ સપ્તાહ મુંબઈ અને મહારાષ્ટ્ર માટે મહત્વનું બની રહેશે,મુખ્યપ્રધાને રાજ્યના તમામ જિલ્લાધિકારીઓને પરિસ્થિતી પ્રમાણે લોકડાઉન કરવુ અથવા કરફ્યુ લાગુ કરવાનો નિર્ણય લેવાની સત્તા આપી છે.ડોકટરોના મત્તે હાલની પરિસ્થિતી ચિંતાજનક છે.સાઉથ આફ્રિકા અને અન્ય દેશોમા જોવાયેલો કોરોનાનો નવો વાયરસ સ્ટ્રેન્ડનો પણ મુંબઈમા પગપેસારો થયો છે અને કોરોના પોઝિટીવની સંક્યામા ૬ ટકા વધારો થયો છે જે ચિંતાજનક હોવાનું પાલિકાના એડિશનક કમિશ્નર સુરેશ કાકાનીએ જણાવ્યુ હતુ.

---

# નાંદેડમા કંડક્ટરે એસ.ટી.માં પોતાનું જીવન સમાપ્ત કર્યું, તેની ઉપર ચાલતી તપાસમા કાર્યવાહીના ડરે આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

નાંદેડના એક એસટી કંડકટરે બસમાં જ આત્મહત્યા કરી હોવાનું ચોંકાવનારી માહિતી બહાર આવી છે. તેની સામે ચાલી રહેલી તપાસના ડરથી તેણે આત્મહત્યા કરી હોવાનું જાણવા મળે છે. આજે સવારે ૪ વાગ્યાના સુમારે સંબંધિત એસટી કંડકટરે ડેપોમાં ઉભા રહીને ગળેફાંસો ખાઈ આમહત્યા કરી લીધી હતી.. જેથી આ વિસ્તારમાં એક જ સનસનાટી મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૫૫ વર્ષીય એસટી ડ્રાઈવરની ઓળખ સંજય સંભાજી જાનકર તરીકે થઈ હતી અને તે માહુર એસટી ડેપોમાં કંડકટર તરીકે કામ કરતો હતો. ડેપોમાં ઉભેલી એસટીમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. શુક્રવારે સવારે ૪ વાગ્યાની આસપાસ તેણે ડેપોમાં પાર્ક કરતા એસ. ટી.મા આત્મહ્ત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, કંડક્ટર ત્રણ દિવસ પહેલા ૨૩ ફેબ્રુઆરીએ માહુર-નાંદેડ રૂટ પર મુસાફરી કરી રહ્યો હતો. આ વખતે તેમણે મહાગાંવના મુસાફર પાસેથી પ્રવાશ માટે સંપૂર્ણ પૈસા લીધા હતા. જો કે તપાસ ટીમે નોંધ્યુ હતુ કે હતું કે ધનોડ્યા સુધી તેમને ટિકિટ આપવામાં આવી હતી. આથી તેની સામે પોલીસ સ્ટેશનમાં કાયદેસર કેસ નોંધાયો હતો. આ મામલે વધુ તપાસ પણ ચાલી રહી હતી. સંબંધિત એસટી કંડકટરે તેના પર ચાલતી તપાસમા કોઈ કાર્યવાહી થાય તે પહેલા ડરથી પોતાનું જીવન સમાપ્ત કરી દીધું હતું. પોલીસે મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. આ ઉપરાંત મૃતક જાનકરના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી પણ મળી આવી હોવાનું જાણવા મળે છે.

---

# શાળા બંધ રાખવાના આદેશનો ભંગ કરવા બદલ ૧૩ શાળાઓ વિરુદ્ધ ગુનો

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૨૬

ગત સપ્તાહથી વસાઈ વિરાર વિસ્તારમાં કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી આદેશ સુધી ૨૪ ફેબ્રુઆરીથી ફરીથી ૫ થી ૮ ધોરણની શાળાઓ બંધ કરાઈ છે. આ છતાં, વસઈની કેટલીક ખાનગી શાળાઓએ નિયમોનું પાલન કર્યું ન હતું. આવી ૧૩ શાળાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ શાળાઓ વિરુદ્ધ મનાઈ આદેશનો ભંગ કરવા બદલ તુલીંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. વસઈ પોલીસ મથકે નિયમોના ભંગ બદલ ૧૯ ક્રિકેટ રમનારાઓ સામે ગુનો નોંધ્યો છે.

વસઈ જૂથના શિક્ષણાધિકારી માધવી ટંડેલે માહિતી આપી હતી કે, શહેરમાં કોરોનાનું પ્રમાણ વધતું હોવાથી બીજા રાઉન્ડની સંભાવના હોવાથી સરકારે આગામી ઓર્ડર સુધી તા .૨૪ મી ફેબ્રુઆરીથી થી ૫ થી ૮ ધોરણ સુધીની શાળાઓ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાઓને લેખિત આદેશો જારી કરવામાં આવ્યા છે. આ હોવા છતાં, અમને ખબર પડી કે કેટલીક શાળાઓ સરકારના આદેશોનું પાલન કર્યા વિના અનધિકૃ ત રીતે ચાલુ રાખવામાં આવી રહી છે. માહિતીના આધારે નિરીક્ષણ કરતી વખતે, અમને નાલાસોપારા વિસ્તારમાં ૧૩ શાળાઓ મળી. અમે તુલીંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે. તુલીંજ પોલીસ દ્વારા નોંધાયેલ શાળાઓમાં એન બેસન્ટ સ્કૂલ મોરેગાંવ, દિશા એકેડેમી સ્કૂલ પ્રગતિ નગર, સર્વોદય બાલ વિદ્યામંદિર મોરેગાંવ, ગુરુ ગોવિંદ શાળા મોરેગાંવ, સરસ્વતી શાળા ઓસ્વાલનાગરી, સનશાઈન સ્કૂલ મોરેગાંવ, યશવંત શાળા મોરેગાંવ, લોર્ડ ઇંગ્લિશ શાળા પ્રગતિ નગર, નવજીવન વિદ્યામંદિર પ્રગતિનગર, ધ સ્કૂલ છે. સરકારના નિયંત્રક હુકમનો ભંગ કરવા બદલ સેફિયન સ્કૂલ મોરેગાંવ, સેન્ટ જ્હોન્સ હાઈસ્કૂલ મોરેગાંવ, લાયન આદર્શ શાળા અચોલે, રાજીવ ગાંધી સ્કૂલ મોરેગાંવના સ્થાપકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. કોઈ ધરપકડ કરવામાં આવી નથી. મંગળવારે વસઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભાબોલાના મેદાનમાં મનાઈ આદેશ હોવા છતાં નેટમાં ક્રિકેટ મેચ રમાઈ રહી છે. પોલીસે ૧૯ વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે. તેના ઉપર માસ્ક ન પહેરવા, સોશ્યલ ડિસ્ટંન્ટીંગ ન રાખવા માટે ભડકાવવા અને સરકારના પ્રતિબંધ હુકમનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકાયો છે.

---

# બોગસ કોવિડ રિપોર્ટ આપી વિદેશ મોકલવાનું કૌભાંડ : એકની અટક

### ૪ દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈમા નોકરી માટે મોકલવા બોગસ કોવિડ રિપોર્ટ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

પંજાબના એક યુવકને છેલ્લા બે વર્ષથી વિડેશમા નોકરી અપાવવાની લાલચ બતાવી દોઢ લાખ રૂપિયા લેનાર કંપની દ્રારા ૪ દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈમા નોકરી માટે મોકલવા બોગસ કોવિડ રિપોર્ટ આપતા ફરિયાદીએ નયાનગર પોલિસમા ફરિયાદ કરતા એક જણની અટક કરી છે.

પંજાબના ગુરૂચરણ સિંગ (૨૭)ની મલેશિયામા ધિરજ દિનબંધુ ઝા સાથે બે વર્ષ પહેલા થઈ હતી.ઝાએ તેને વિદેશમા નોકરી આપાવવાની લાલચ આપી તેની પાસેથી ૧,૪૦,૦૦૦/- રૂપિયા લીધા હતા.મિરારોડમા કોન્ટ્રાકટ ઓફ એમ્પ્લોમેઈન્ટ એકસચેન્જનું કામ કરતી મિરારોડમા બાલ્ટીક મરીન જે યુએઈમા ડિફોલ્ટર હતી જે ધિરજ ઝા દ્રારા ચલાવવામા અવતી હતી.ધિરજે બે વર્ષ પહેલા ગુરુચરણ સિંગ પાસેથી વિદેશમા નોકરી અપાવવાનું કહી પૈસા લીધા હતા.ગુરુચરણ સિંગ પાસે કામ ન હોવાથી તે મિરારોડમા ગુરુદ્રારામા રહેતો હતો.અચાનક ધિરજે ઝાએ તેને દૂબઈની રાતની ફ્લાઈટની ટિકિટ અને ચાર દિવસના દૂબઈના તુરિસ્ટ વિઝા તેમજ કોવિડ-૧૯નો નેગેટીવ રિપોર્ટની કોપી આપી હતી. ગુરુચરણ સિંગે કોવિડ ટેસ્ટ કરાવ્યો ન હોવાથી તેને શંકા જતા નયાનગર પોલિસમા ફરિયાદ કરી હતી.નયાનગર પોલિસ સ્ટેશનના પીઆઈ કૈલાશ બવેએ માહિતી આપતા જણાવ્યુ છે કે તે કોવિડ રિપોર્ટ બીજાનો હતો,જેમા નામ બદલી બોગસ રિપોર્ટ આપવામા અવ્યો હતો.તેમજ વિઝા પણ ટુરિસ્ટ હતા,ચાર દિવસ બાદ ફરી આવવુ પડત ,તેઓએ અરોપી ધિરજ દિનબંધુ ઝાની અટક કરી કોર્ટમા રજૂ કરતા બે દિવસની પોલિસ કસ્ટડી મળી હોવાની માહિતી આપી છે.

---

# નાગપુર હચમચી, ઉઠ્યુ : ૧૬ વર્ષની બાળકી સાથે બળાત્કાર ગુજારનાર નરાધમની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

મહારાષ્ટ્રની રાજધાની નાગપુરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક ૧૬ વર્ષની બાળકીના હાથ બાંધીને બળાત્કાર ગુજારવામાં આવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે પીડિત સગીરા ગર્ભવતી થયા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

આ ઘટના નાગપુર જિલ્લાના મૌડા પોલીસ સ્ટેશનની હદમાં બની છે. પાંચ મહિના પહેલા બનેલી આ ઘટના હવે પ્રકાશમાં આવી છે. એક ૩૧ વર્ષિય વ્યક્તિએ ૧૬ વર્ષની સગીરાના હાથ-પગ બાંધી તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. પિડીતા ગર્ભવતી થયા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. આ કેસમાં મૌડા પોલીસે વિવિધ ગુનાહિત કેસ દાખલ કરીને યુવકની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા યુવકનું નામ વિશાલ મેશ્રામ છે. પાંચ મહિના પહેલા પીડિત સગીરા ઘરે એકલી હતી. આરોપી વિશાલે પીડિતાના ઘરમાં પ્રવેશ કર્યો હતો. દોરી વડે તેના હાથપગ બાંધી તેની પર અત્યાચાર ગુજાર્યો હતો. તેણે ધમકી આપી હતી કે કે આ વાતની કોઈને જાણ કરી તો જાનથી મારી નાખીશ. થોડા દિવસો પહેલા યુવતીની તબિયત લથડતી હતી. સંબંધીઓએ તેને હોસ્પિટલમાં દાખલ કરતા ડોક્ટરે તપાસીને છોકરીના સબંધીઓને તે ગર્ભવતી હોવાની જાણ કરી હતી. સંબંધીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવતા તેણે સંબંધીઓને કહ્યું કે આરોપી વિશાલે અત્યાચાર કર્યો છે. ત્યારબાદ યુવતી સાથેના સબંધીઓ મૌડા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. વિશાલે તેની સામે ફરિયાદ નોંધાવી હતી. મૌડા પોલીસે વિશાલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે અને આ મામલાની વધુ તપાસ સહાયક પોલીસ નિરીક્ષક નંદા પાટિલ ચલાવી રહ્યા છે.

---

# સતારામા છોકરીને ભુત વળગ્યાનું જણાવી ઉપચાર ન મળતા મૃત્યુ : બે ભોંદુબાબાની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

સાતારામાં એક ૧૪ વર્ષની બાળકીનું મોત ભોંદુબાબાને કારણે મોત થયુ હતુ.આ કેસ ગઈકાલે રાત્રે મેલીવિદ્યા ધારા હેઠળ દાખલ કરાયો હતો. ચોંકાવનારી ઘટના સાતારાના દાહિવાડીના શિંદી ગામે બની હતી

આ કેસમાં બંનેની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા ઉત્તમ અવગડે અને રામચંદ્ર અવગડે છે. આ કેસમાં પરિવાર સહકાર ન આપતા હોવાથી અનિશે કેસ દાખલ કર્યો હતો.

સાતારાના દહીવાડીના શિંદી ગામે એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. એક ૧૪ વર્ષની બાળકીની સારવાર ન કરાવી તેને ભુતની અસર થઈ હોવાનું જણાવતાએ તેનું મોત નિપજ્યુ હતુ.ચોંકાવનારી વાત એ છે કે મૃત્યુ બાદ માતાપિતાએ બાળકીના મૃતદેહને દહીવાડી ખાતે દફનાવ્યો હતો. આ કેસમાં દાહિવાડી પોલીસે બે ભોંદુબાબા અટક કરી છે. અટક કરાયેલા બે લોકો ઉત્તમ અવગડે અને રામચંદ્ર અવગડે છે. બાળકીને તાવ આવ્યો હતો ત્યારે માતા-પિતાએ ગોંડવલેના દેવઋશામાં બાળકીની સારવાર કરી હતી. આ સમયે તે છોકરીને ભુતબાધા થવાની વાત દેવઋષીએ જણાવી હતી

ગયા અઠવાડિયે તે બાળકીને સમયસર સારવાર ન મળતા અંધશ્રધ્ધાને લઈને મોત નીપજ્યું હતું. અંધશ્રદ્ધા વિરોધી સમિતિએ દહિવડી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. આ કિસ્સામાં, યુવતીના સબંધીઓ માહિતી આપવાનો ઈનકાર કરી રહ્યા છે. અનીસે આ અંગે સઘન તપાસની માંગ કરી છે.

---

# સોનાના વાયદામાં રૂ.૨૭૬ની વૃદ્ધિ: ગોલ્ડ-ગિનીના વાયદામાં રૂ.૩૧ અને ચાંદીમાં રૂ.૭૩૯ની નરમાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૬

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૫૬૦૬૯ સોદામાં રૂ.૧૯૧૯૦.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં મિશ્ર વલણ હતું. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૬ વધવા સામે ગોલ્ડ-ગિનીનો વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૧ ઘટ્યો હતો. ચાંદીમાં કિલોદીઠ રૂ.૭૩૯ની નરમાઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, રબરમાં પ્રત્યાઘાતી ઘટાડો થયો હતો, જ્યારે સીપઓ, મેન્થા તેલમાં સુધારાની આગેકૂચ રહી વાયદા વધુ વધ્યા હતા. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૫૩૭૩૧ સોદાઓમાં રૂ.૯૭૩૪.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૫૭૨ અને નીચામાં રૂ.૪૫૯૨૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૬ વધીને રૂ.૪૬૫૧૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૨૩૪ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૩ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૦૧ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૪ વધીને બંધમાં રૂ.૪૬૩૩૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૪૦૦ અને નીચામાં રૂ.૬૬૫૦૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૩૯ ઘટીને રૂ.૬૮૫૩૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૯૯૫ ઘટીને રૂ.૬૯૦૪૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૭૦૬ ઘટીને રૂ.૬૮૯૮૭ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૫૯૧૧ સોદાઓમાં રૂ.૩૩૦૦.૯૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૬૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૭૪ અને નીચામાં રૂ.૪૫૮૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૫ વધીને રૂ.૪૬૬૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૨૮૩ સોદાઓમાં કુલ રૂ.૫૨૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૮૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૯૦૦ અને નીચામાં રૂ.૨૧૫૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૫૦ ઘટીને રૂ.૨૧૬૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૭૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૮ વધીને બંધમાં રૂ.૧૦૭૫.૮ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૯.૮ અને નીચામાં રૂ.૯૪૬.૩ રહી, અંતે રૂ.૯૫૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૯.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫૦.૫ અને નીચામાં રૂ.૧૨૪૭.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩.૫૦ ઘટીને રૂ.૧૨૪૯ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૦૦૦ના ભાવે ખૂલી, ઊપરમાં રૂ.૧૬,૨૫૦ અને નીચામાં રૂ.૧૬,૦૦૦ના સ્તરને સ્પર્શી અંતે રૂ.૨૮૦ના ભાવઘટાડા સાથે રૂ.૧૬,૧૨૦ના સ્તરે બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૪૦૦૨૫ સોદાઓમાં કુલ રૂ.૪૭૪૩.૨૩ કરોડ ની કીમતનાં ૧૦૨૬૨.૪૨૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૩૭૦૬ સોદાઓમાં કુલ રૂ.૪૯૯૧.૧૪ કરોડ ની કીમતનાં ૭૨૦.૩૫૯ ટન, ક્રૂડ તેલમાં ૨૪૫૪૭ સોદાઓમાં રૂ.૧૬૬૨.૦૬ કરોડનાં ૩૫૯૧૬૦૦ બેરલ્સ, કોટનમાં ૯૭૫ સોદાઓમાં રૂ.૮૦.૯૧ કરોડનાં ૩૬૮૫૦ ગાંસડી.

સત્ય માટે, સત્ય સાથે સતત...
ચક્રવાત

# વાંકાનેરમાં લેન્ડ ગ્રેબિંગનો પહેલો કેસ નોંધાયો, ભુ-માફીયાઓમાં ભારે ફફડાટ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૬

ગુજરાત રાજ્યમાં લેન્ડ ગ્રેબિંગ વિધાયક ૨૦૨૦ (ગેરકાયદે જમીન-મકાન-મિલકત પચાવી પાડવા વિરુદ્ધનો કાયદો) પાસ થયા બાદ મોરબી જિલ્લામાં બીજો અને વાંકાનેર શહેરમાં આ કાયદા હેઠળ પ્રથમ કેસ નોંધાયો છે. જેમાં ૨૦૧૫ની સાલમાં જમીન ઉપર કરેલા ગેરકાયદે કબજોને લઈને જિલ્લા કલેકટરમાં થયેલી અરજી બાદ જિલ્લા કલેક્ટરે જ આ સંદર્ભે ફરિયાદ દાખલ કરવાનો પોલીસને હુકમ કરતા ભુ-માફીયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામની સીમમાં સર્વે નંબર ૧૯૩ પૈકી ૩ વાળી ૪ એકર જમીન વાંકાનેરના પંકજભાઈ મનજીભાઈ ધરોડિયાના દાદાએ વર્ષો પૂર્વે કિશોરસિંહ મુળરાજ સીંહ ઝાલા (રહે. ભાટીયા સોસાયટી, ચંદ્રપુર, તાલુકો વાંકાનેર વાળા)ના દાદા પાસેથી ખરીદ કરેલી હતી પરંતુ આમ છતાં આરોપી કિશોરસિંહ મુળરાજસીંહ ઝાલાએ ૨૦૧૫ની સાલમાં ખેતરની ઓરડીના દરવાજાના તાળા તોડી જમીનમાં પ્રવેશ કર્યો હતો અને આજ સુધી તે જમીન પર કબજો જમાવી ફરિયાદીને ટાંટિયા ભાંગી નાખવા ધમકી આપી હતી.

જેને પગલે પંકજભાઈ મનજીભાઈ ધરોડિયાએ ન્યાય મેળવવા મોરબી જિલ્લા કલેક્ટર સમક્ષ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક ૨૦૨૦ હેઠળ માથાભારે ઈસમ વિરુદ્ધ પગલાં ભરવા અરજી કરતા જિલ્લા કલેકટર મોરબી દ્વારા વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનને આ બાબતની ફરિયાદ દાખલ કરવા હુકમ કરતા પોલીસે આરોપી સામે ફરિયાદ નોંધી છે.

## ભાયંદરમા સગીરા પર બળાત્કાર : ત્રણ શખ્સની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

ભાયંદર મા ૧૭ વર્ષની છોકરી પર ઓળખિતા યુવકે તેના ઘરે બોલાવીને સાથીદારો સાથે બળાત્કાર ગુજાર્યો હતો.ભાયંદર પોલિસે ત્રણેય આરોપીઓની અટક કરી કોર્ટમા રજૂ કરતા ૪ માર્ચ સુધીની પોલિસ કસ્ટડી સોપી છે. સૂત્રો દ્રારા જાણવા મળ્યુ છે કે ભાયંદર પશ્રિમમા રહેતી ૧૭ વર્ષની પિડીતા છોકરીને પાંચ દિવસ પહેલા તેના વિસ્તારના એક ઓળખિતાએ તેને રાત્રે ૧૦ વાગે ઘરે બોલાવી હતી.તે ત્યાં જતા તેના ઓળખિતાએ અને અન્ય બે સાથીદારોએ મળી બળાત્કાર ગુજાર્યો હતો. અને આ વાતની કોઈને જાણ કરશે તો જાનથી મારવાની ધમકી આપી હતી. આ બાબતની જાણ પિડીતાના પરિવાર તેમજ સબંધીઓને જાણ થતા તેઓએ ભાયંદર પોલિસમા આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ કરી ગુનો નોંધાવ્યો હતો.પોલિસે બળાત્કારના કેસમા એક ૬૦ વર્ષનો અરોપી તેમજ ૨૦ અને ૨૨ વર્ષના આરોપીઓની તેના ઘરેથી અટક કરી હતી.આરોપી અને પિડીતા બંન્ને જણ એક જ વિસ્તારમા રહેતા હોવાથી એકબીજાને સારી રીતે ઓળખતા હતા.આરોપીઓને કોર્ટમા રજૂ કરતા પોલિસ કસ્ટડી સોપી છે.

# મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર તા. ૧ થી ૧૦ માર્ચ સુધી ચાલશે

### વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી નહીં થાય : રાજ્યનું બજેટ ૮ માર્ચે રજૂ કરવામાં આવશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૬

વિધાનસભાનું બજેટ સત્ર આ વર્ષે દસ દિવસ યોજાશે. બજેટ સત્ર ૧ થી ૧૦ માર્ચ સુધી ચાલશે. રાજ્યનું બજેટ ૮ માર્ચે રજૂ કરવામાં આવશે અને ૯ અને ૧૦ માર્ચે બજેટ પર ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ સંમેલન સમાપ્ત થશે. આ વર્ષનું અધિવેશન ફક્ત આઠ દિવસનું રહેશે..

૨૦૨૦ના બજેટ સત્ર દરમિયાન મહારાષ્ટ્રમાં પ્રથમવાર કોરોના દર્દીઓ મળી આવ્યા હતા. તેથી બજેટ રજૂ થયા બાદ સંમેલન મુલતવી રાખવામાં આવ્યું હતું. એક વર્ષ પછી, કોરોના કટોકટીએ ફરીથી સંમેલનનો સમયગાળો ઘટાડ્યો. આ બજેટ સત્રમાં મહાવીકાસ આઘાડી સરકારને ઘેરવા માટેના અનેક મુદ્દાઓ છે.. શિવસેનાના પ્રધાન સંજય રાઠોડ, વિજળી બિલ, કોરોના દર્દીઓની વધતી સંખ્યા. પણ સરકારને કામ કરવુ નથી અને કોરોનાનુ બહાનુ આગળ કરીને અધિવેશન ટૂકાવતા હોવાનો આક્ષેપ વિરોધી પક્ષોએ કર્યો છે

દરમિયાન, નાના પટોલેના રાજીનામા બાદ, આ સત્રમાં વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી નહીં લેવાય તેવું નક્કી થઈ ગયું છે. વિધાનસભાની અધ્યક્ષતા ઉપરાષ્ટ્રપતિ નરહરિ જિરવળ કરશે. ઘણા મંત્રીઓ અને વિધાનસભ્યો કોરોના સંક્રમિત છે. પરિણામે, તેઓ સંમેલનમાં ભાગ લઈ શકશે નહિ.. તેથી, જો અધ્યક્ષપદની ચૂંટણી યોજાય છે, તો તેઓ મતદાન કરી શકશે નહીં. આથી જ જાણવા મળ્યું છે કે વિધાનસભા અધ્યક્ષ પદ માટેની ચૂંટણી આ સત્રમાં લીધા વિના આવતા સત્રમાં યોજાશે. દરમિયાન સંમેલનના કાર્યકાળને લઈને આજે કાર્યકારી સલાહકાર સમિતિની બેઠક મળી હતી. બેઠકમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે તીવ્ર બોલાચાલી જોવા મળી હતી.વિરોધી જૂથોએ બેઠકનો બહિષ્કાર કરવાની હાકલ કરી હતી. બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ×રાજ્યમાં ઘણાં મુદ્દાઓ પેન્ડિંગ છે. સરકારને કોઈ ચર્ચામાં રસ નથી. સરકાર કોરોનાના ડરથી સંમેલન લપેટવાનો પ્રયાસ કરી રહી છે.

## ધોરાજી ચૂંટણી મામલે ઉચ્ચ અધિકારીઓએ સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લીધી



ચક્રવાત ટીમ ધોરાજી, તા.૨૬

ધોરાજી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચૂંટણીજને લઈ રાજકોટ જિલ્લા કલેકટર અને રાજકોટ ગ્રામ્યના પોલીસ વડાની ધોરાજીના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લીધી હતી.

જિલ્લા કલેકટર રમૈયા મોહન અને રાજકોટ જિલ્લાના ગ્રામ્ય પોલીસ વડા બલરામ મીણા સહિતના અધિકારીઓએ સ્ટ્રોંગ રૂમ અને સંવેદનશીલ મતદાન મથકો નું કર્યું નિરીક્ષણ કર્યું હતું. જીલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાએ લોકોને મતદાન કરવા કરી અપીલ કરી. સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસનો બંદોબસ્ત અને વિડિયો ગ્રાફી કરવામાં આવશે. ચૂંટણીના દિવસે શાંતિ ભર્યા માહોલમાં ચૂંટણી યોજાઈ માટે તંત્ર એલર્ટ, ૧૪૧ મતદાન મથકો પર તા ૨૮ ફેબ્રુઆરીના યોજાશે મતદાન.

# જૂનાગઢ શાપુરના ટીનુંભાઈ ફળદુએ બહોળી સંખ્યાની ઉપસ્થિતીમાં 'મનકીબાત' કાર્યક્રમ યોજ્યો



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૬

દર વર્ષે ચૂંટણી આવે છે ત્યારે શાપુર તેમજ આસ પાસ ના ગામ લોકો વચ્ચે ટીનુભાઈ ફળદુ હિસાબ આપતા હોય છે ત્યારે હાલના સમય માં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જ ભાજપ થી નારાજ થઈ પોતાના કાર્ય કરતો સાથે કોંગ્રેસ નો સાથ આપી .તાલુકા જિલ્લા પંચાયત માં શાપુર વિસ્તાર ના ઉમેદવારો ને જીતાડવા અને રાજકારણ મા પરિવર્તન લાવવા ' મન કી બાત ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બહોળી સંખ્યા મા આજુ-બાજુ ના ગામના લોકો ઉમેદવારો ને પોતે કરેલા કામ નો હિસાબ આપ્યો હતો .અને જણાવ્યું હતુ કે સરકાર તરફ થી અત્યાર સુધી કોઈ ગ્રાન્ટ મળી નથી. અને માત્ર વ્હાલા દવલા ની નીતિ નો ભોગ આ વિસ્તાર ને બનવું પડ્યું છે.અને આ વાત ને લઈ પોતે ભાજપ ના મહામંત્રી પદે થી રાજીનામું આપ્યું હતું.જ્યારે જ્યારે ચૂંટણી આવે છે.

ત્યારે ત્યારે ટીનુભાઈ ફળદુ 'મન કી બાત' કાર્યક્રમ યોજી હિસાબો રજૂ કરે છે. શાપુર પટેલ સમાજ માં બહોળી સંખ્યામાં આજુ બાજુ ના ગામો માંથી લોકો ટીનુંભાઈ ફળદુ ને સાંભળવા આવ્યા હતા.અને આવેલા લોકો પણ ટીનુભાઈ ફળદુ ની વાત સાથે સહમતી દર્શાવી હતી. માત્ર વાયદા કે ખોટી વાતો નહિ પણ વાસ્તવિકતા થી કામો કરી લોકોમાં ચાહના મેળવનાર આ વ્યક્તિ એ વધુ મા જણાવ્યું હતું કે પોતે જ્યારે પોતાના ગ્રામ પંચાયત ના જ ના દસ વર્ષ પૂરા કર્યા ત્યારે ૯૫ લાખ રૂપિયા ભંડોળ એકઠું થયેલુ જણાવ્યું હતું. સ્થાનિક સ્વરાજ ની ચુંટણીમાં પોતાના મોટા ભાઈ શરદ ફળદુ અને તે વિસ્તાર ના ઉમેદવારો એ કોંગ્રેસમા ઉમેદવારી નોંધવી છે તેમને મત આપી વિજય બનાવવા પણ હાકલ કરી હતી. અને આવનાર દિવસોમાં આ વિસ્તાર ના વધુ મા વધુ કામો થશે એવી પણ લોકોને બાહેંધરી આપી હતી.

## રાજકોટમાં બિલ્ડરના વિધવા ભાભી પાસેથી ૭૨ કરોડ ખંડણી માંગનાર ઝડપાયો

(જી.એન.એસ.)રાજકોટ, તા.૨૬

રાજકોટની ભક્તિનગર સોસાયટીમાં રહેતા બિલ્ડર કિશોરભાઈ હંસરાજભાઈ પરસાણાના વિધવા ભાભી સંગીતાબેનને અજાણ્યા નંબર પરથી સોશિયલ મીડિયામાં ધમકી મળી હતી. મેસેજમાં લખ્યું હતું કે ૭૨ કરોડ આપો, નહીંતર તમારી ત્રણેય પુત્રીને જીવવા નહીં દઉં અને જાનથી મારી નાખીશું. આ મેસેજથી ડરી ગયેલા પરિવારે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી, આથી પોલીસે તપાસ કરતાં ખંડણીખોર પારસ મોણપરાની ધરપકડ કરી છે.

બિલ્ડર કિશોરભાઈ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અમે ત્રણ ભાઈઓ છીએ, સૌથી મોટા ગોવિંદભાઈ છે, તે મારી સાથે રહે છે. મારી પત્નીનું નામ મંજુલાબેન છે, સંતાનમાં એક પુત્ર કેવિન અને પુત્રી માનસી છે. બીજા નંબરના ભાઈ ભરતભાઈનું ૨૦૦૨માં અવસાન થઈ ગયું હતું. તેમનાં પત્ની અને મારાં ભાભી સંગીતાબેન પણ મારી સાથે રહે છે. મારા ભાઈ ભરતભાઈને સંતાનમાં બે પુત્રી ડેનિશા અને દૃષ્ટિ છે.

ગત ૨૨ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭.૧૫ વાગ્યે મારા ભાભી સંગીતાબેને પોતાનો મોબાઈલ બતાવી કહ્યું, એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો છે, જેમાં ૭૨ કરોડ આપવાની ધમકી અપાઈ હોવાનું લખ્યું હતું. પૈસા નહીં આપો તો ત્રણેય દીકરીને જીવવા નહીં દેવાય, એમ જણાવાયું હતું.

# ફાયર સેફટીનું પાલન કરો અથવા હોસ્પિટલ બંધ કરો : ગુજરાત હાઈકોર્ટ

(જી.એન.એસ.)અમદાવાદ, તા.૨૬

શ્રેય હોસ્પિટલમાં અગ્નિકાંડ બાદ ફાયર સેફટીની અમલવારી મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી મુદ્દે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ એસસોશિએશનને નિર્દેશ આપતા કહ્યું કે ફાયર સેફટીનું પાલન કરો અથવા હોસ્પિટલ બંધ કરો. ગુજરાત હાઈકોર્ટે મૌખિક અવલોકન કરતાં રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાયર સેફટી વગરની ઈમારતો, ફેકટરીઓ, શાળાઓ અને હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે. શ્રેય હોસ્પિટલ ફરીવાર શરૂ કરવાની રજૂઆત પણ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે. રાજ્યમાં ૫૦ હજારથી વધુ ઈમારતો પાસે ફાયર સેફટી ન હોવાના આંકડા પર હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. અગાઉની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે અમદાવાદમાં ફાયર ર્દ્રઝ ન ધરાવનાર ૧૫૧ હોસ્પિટલોને નોટિસ પાઠવવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આદેશ કર્યો હતો કોર્ટે કહ્યું હતું કે જો આ આદેશ પછી પણ હોસ્પિટલો ફાયર એનઓસી ન મેળવે અને નિયમોનું પાલન ન કરે તો આ હોસ્પિટલોમાં દર્દીઓને પણ દાખલ કરી શકાશે નહી. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૫મી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ આપવામાં આવેલા નિર્દેશો પ્રમાણે ક્યાં પ્રકારના પગલાં લેવામાં આવ્યા તેનો સ્ટેટ્સ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. અમદાવાદ શહેરમાં કુલ ૨૨૪૯ હોસ્પિટલો આવેલા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત ૩૧મી ડિસેમ્બરના રોજ તમામ હોસ્પિટલોને ફાયર એનઓસી અને નિયમોનું પાલન કરવા માટે જાહેર નોટિસ પણ આપવામાં આવી હતી. જે મુજબ ૧૫ દિવસમાં નિયમોનું પાલન કરવાનું હતું. અમદાવાદ શ્રેય કોવિડ હોસ્પિટલમાં થયેલા અગ્નિકાંડ બાદ ફાયર એનઓસીનું પાલન ન કરનાર હોસ્પિટલો સામે કાર્યવાહીની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. શ્રેય હોસ્પિટલમાં આગની દુર્ઘટનાને લીધે ૮ લોકોના મોત નીપજ્યાં હતા.

# ગુજરાતમાં વધી રહેલા કોરોના કેસો શાળાઓ માટે તકલીફ તો નહી સર્જે ને.....?

(જી.એન.એસ., હર્ષદ કામદાર)

દેશના કેટલાક રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂરી થયા બાદ કોરોના કેસોમાં વધારો થવા લાગ્યો છે જો કે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કેરળ,મધ્ય પ્રદેશમાં કે દિલ્હીમાં ચૂંટણીઓ યોજાઈ નહીં હોવા છતાં કોરોના કેસોની સંખ્યામાં વધારોથઈ જતા આ રાજ્યોમા કોરોના નિયમોનો કડકાઈથી અમલ કરવા સાથે જરૂરી પગલા લીધા છે. ગુજરાતમાં પણ છ મહાનગરપાલિકાઓની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ કોરોના સંક્રમિતો વધવા લાગ્યા છે જેમાં અમદાવાદ શહેરના ૧૬ વિસ્તારો માઈક્રો કન્ટેઈનમેન્ટ કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોના કેસોનો અંત થવા તરફ જઈ રહ્યો હતો જે કારણે સરકારે વિવિધ ક્ષેત્રોને અનલોક છૂટછાટ આપી દીધી જેમાં દેશનું ભવિષ્ય એવા બાળકોનું ભવિષ્ય શિક્ષણના અભાવે ધુધળુ ન બની જાય તે માટે સરકારે જાન્યુઆરી ૨૦૨૧ના પ્રારંભે પ્રથમ તબક્કામાં કેટલીક શરતોને આધીન ધોરણ-૧૧ અને ૧૨ ના શાળામાં વર્ગો શરૂ કરાવ્યા હતા... ત્યારબાદ ફેબ્રુઆરી માસના પ્રારંભે ધોરણ ૯ અને ૧૨ ના અભ્યાસક્રમો શરૂ કર્યા તે સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ના વર્ગો નિયમિત શરૂ થયા બાદ ફેબ્રુઆરીના પ્રારંભે ધોરણ ૬ થી ૮ માટે પ્રાથમિક શાળાઓ શરૂ કરવામા આવી. ટૂંકમાં સરકારી રાગીની ૩૨,૦૦૦ પ્રાથમિક શાળા અને ૧૨ હજાર જેટલી હાઈસ્કૂલોમાં શિક્ષણકાર્ય શરૂ કરાવીને વિદ્યાર્થી વાલીઓઓને શિક્ષણ બાબતે ચિંતા મુક્ત કરી દીધા છે હવે ધોરણ ૩ થી ૮ ના ૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો નિર્ણય લેવાઈ ગયો છે. ત્યારે અત્યારના સમયમાં દેશમાં કોરોના સંક્રમિત કેસોમાં ઉછાળો આવ્યો છે તેની સાથે નવા બ્રિટન-બ્રાઝિલ સ્ટ્રેન કેસો પણ સામે આવ્યા છે. ગુજરાતમાં પણ કોરોનાના નવા કેસો સામે આવી રહ્યા છે જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૪ થી વધુ નવા કેસ સામે આવી ગયા છે. ત્યારે જો કોરોના કેસો વધે તો તેની સાંકળ તોડવા કરવામાં આવે તે કરશો જાહેર લોકડાઉન કે કર્ફ્યુ નાખવા જેવું પગલું ભરવામા આવે તો પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રશ્ન ઉભો નહીં થાયને....? તેવી સવાલી ચર્ચા લોકોમા ફરી વળી છે! દેશભરમા કોરોના કેસોમાં ઉછાળો આવી ગયો છે અને એક જ દિવસમાં ૧૬,૭૩૮ નવા કેસ સામે આવ્યા છે,૧૩૮ ના મૃત્યુ થયા છે. સરકાર દ્વારા ૬,૫૮,૬૭૪ લોકોને વેક્સિન આપી દેવામા આવી છે. કેટલાક રાજ્યોમાં કોરોના કેસો વધતા રાજધાની દિલ્હીમાં મહારાષ્ટ્ર, પંજાબ, છત્તીસગઢ, મધ્યપ્રદેશમાથી આવનારાએ કોરોના નેગેટીવ આરટીઓ પીસીઆર રિપોર્ટ કે જે ૭૨ કલાકની અંદર સમયનો હોય તે બતાવે તો જ પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે. તો પશ્ચિમ બંગાળે પણ આવોજ નિર્ણય કર્યો છે પરંતુ મહારાષ્ટ્ર, કર્ણાટક,કેરળ,તલંગણાથી આવનાર પૂરતો છે. મહારાષ્ટ્રમા×વાશિમ× હોસ્ટેલમાં ૨૨૯ વિદ્યાર્થીઓ અને તેના ત્રણ સ્ટાફને પોઝીટીવ આવતા સમગ્ર હોસ્ટેલ ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવી છે,લાતુરમાં બે દિવસ માટે જનતા કર્ફ્યુ, અમરાવતીમાં એક અઠવાડિયા માટે લોકડાઉન, નાગપુરમાં શાળા-કોલેજો માટે પાબંધી તથા ૩ માર્ચ સુધી કર્ફ્યુ,પૂણેમા શાળા-કોલેજો,કોચીગ ક્લાસો પર પાબંધી તથા રાત્રી કર્ફ્યુ, મુંબઈમાં ૨૪ કલાકમાં ૧૧૦૦ થી વધુ નવા કેસ સામે આવ્યા છે. તેમજ ૧૪૦૦ જેવી બિલ્ડિંગો સીલ કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમા એક દિવસમાં ૮૮૦૭ કેસો સામે આવતા નિયમોનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે તે સાથે મધ્ય પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ, કેરલ,દિલ્હી વગેરે રાજ્યોએ પણ નિયમોનો કડક અમલ શરૂ કર્યો છે. ગુજરાતમાં ૩૮૦ નવા કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે તો અમદાવાદમાં ૮૪, વડોદરામાં ૮૦, રાજકોટમાં ૫૫, જામનગરમાં ૧૬, ગાંધીનગરમાં ૧૦ કેસ નોંધાયા છે. અમદાવાદના થલતેજની એક શાળામાં ૧૩ વિદ્યાર્થી કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા અને થોડા દિવસ પહેલા ડીસાની રામસન હાઈસ્કુલમા શિક્ષકો સહિત ૧૧ વિદ્યાર્થીઓ કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા.

## તાલાલા પાલિકા ભાજપના ઉમેદવાર સામે જાગૃત નાગરિક દ્વારા ભ્રષ્ટાચારની રાવ

ચક્રવાત ટીમ તાલાલા, તા.૨૬

જ્યારે ચૂંટણીમાં મતદાનને માત્ર બે દિવસની વાર છે ત્યારે તાલાલા શહેરની નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવામાં ભાજપ પક્ષમાં એવા ઉમેદવારોને ટીકીટ અપાઈ જે છેલ્લા ૧૫ વર્ષોથી ભ્રષ્ટાચાર કરી તાલુકાની જનતાના હિસ્સાની ગ્રાંટો પોતાના મળતીયાઓ અને મોજ શોખ પાછળ ખર્ચ કરતા અને લોક ડાઉન દરમિયાન તેમની જ ગાડીઓમાં મોટા મોટા સેટિંગ પડી હોદાઓના દુરુપયોગ કરી કાળા બજારનો બેફામ મારો ચલાવ્યો હતો અને જ્યારે જાગૃત નાગરિકો દ્વારા જ્યારે વિરોધ કરવામાં આવ્યો ત્યારે તે જ લોકો પર ખોટા કેસો અને ધાક ધમકી થી દબાવી દેવામાં આવ્યા,

જ્યારે ચૂંટણીઓ જાહેર થઈ ત્યારે તેમનો વિરોધ સામાન્ય નાગરિકો દ્વારા પત્રો અને પેમ્પ્લેટ સ્વરૂપે તાલાલા શહેરમાં ફરતી થઈ. તેમના કુકર્મો થી જ્યારે આવા વિરોધ થઈ રહ્યા છે ત્યારે તેમની ચાપલૂસી કરનાર લોકો પણ ઓછા નથી રૂપિયા અને તાકાતના જોર પર ગમે તેમ તડજોડ કરી ચૂંટણી જીતવા કિમિયા ઘડી રહ્યા છે.

ત્યારે તાલાલાનાં નાગરિક તરીકે હું મારો મત લડાયક, પ્રમાણિક અને સ્વચ્છ વહીવટ કરતા પ્રતિનિધિઓ ને આપીશ અને મારી આસપાસના તમામ મતદારોને પણ આગ્રહ કરીશ કે આં સ્થાનિક પ્રતિનિધિઓ ચૂંટવાની વાત છે તો કોઈ લોભ લાલચ કે દબાણ વિના ધ્યાનથી મતદાન કરે, સમાજ, દોસ્તી, સંબંધ આં બધું પરે રાખી વિચારે. જ્યારે ઘરમાં બાળકો માટે કૂતરો પાળવો હોઈ ત્યારે પણ આપડે તેનો સ્વભાવ, આદતો જોઈ સારી બ્રીડનો કૂતરો લઈએ છીએ તો આજ તો આપડે પાંચ વર્ષ સુધી આપડા પ્રતિનિધિ ચૂંટવાની વાત છે.

# મોટેરા સ્ટેડિયમનો ઈતિહાસ

ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૨૬

અમદાવાદના નગર શ્રેષ્ઠી,અને મેયર એવા જયકૃષ્ણ હરિવલ્લભના પુત્ર મૃગેશ જયકૃષ્ણ ૧૯૮૩માં BCCIના વાઈસ પ્રેસિડેન્ટ હતા અને અમદાવાદની Sprots Clubતેમજ ય્ઝછના પ્રેસિડેન્ટ હતા ત્યારે તેઓએ ગુજરાતના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી પાસે નવું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવા માટે અમદાવાદ પાસેના મોટેરા ગામની ઉજ્જડ જમીન મેળવી હતી અને ઘણા વિરોધ વચ્ચે દેશના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહના હસ્તે ખાતમુહર્ત કરાવી, તેમના દેશી વિદેશી મિત્રો પાસેથી ફંડફાળા મેળવીને તેમજ બેંકની લોન મેળવીને માત્ર આઠ માસમાં મોટેરા- સ્ટેડિયમ બનાવી દીધું હતું અને નવેમ્બર ૧૯૮૩માં ભારત વિરુધ્ધ વેસ્ટ ઈન્ડિઝની ટેસ્ટ -મેચ જોવાનો લાભ અમદાવાદીઓને આપ્યો હતો !

આ સ્ટેડિયમની સલાહકાર સમિતીમાં મૃગેશ જયકૃષ્ણએ પોલી ઉમરીગર,સુનિલ ગાવસ્કર,બિશનસિંહ બેદી,પ્રસન્ના,ચંદ્રશેખર જેવા ક્રિકેટરો અને રાજસિંહ ડુંગરપુરને સ્થાન આપ્યું હતું,અને તેમની સલાહ મુજબ સ્ટેડિયમ બનાવ્યું હતું ! શરુઆતમાં આ સ્ટેડિયમની પીચે -ધુળ ઉડાડતી પીચની - નામના પામી હતી પરતું આ પીચ પર ૧૯૮૬માં પાકિસ્તાનની ટીમ સામે રમતા ગાવસ્કરે પોતાના રનનો સ્કોર દસ હજારે પહોંચાડ્યો હતો,અને ન્યુઝિલેન્ડ સામે રમતા કપિલ દેવે પોતાની ૪૩૨મી વિકેટ લઈને સર રિચાર્ડ હેટલીનો રેકોર્ડ તોડ્યો હતો ! ૨૦૦૯ના વરસે સચીન તેડુંલકરે પોતાની કારકિર્દીની વીસમી તિથી મનાવીને પોતાના રન સ્કોરને આંક ૩૦,૦૦૦ રને પહોંચાડ્યો હતો ! આજે ૩૮ વરસ પછી મોટેરા સ્ટેડિયમના પ્રણેતા એવા ૭૬ વરસના મૃગેશ જયકૃષ્ણને રિનોવેટ થયેલા મોટેરા સ્ટેડિયમના ઉધ્ધાટન અને તેના નવા નામકરણ પ્રસંગે હાજર રહેવાનું નિમંત્રણ આપવામાં આવ્યું નથી તે બાબતે પત્રકારના સવાલનો જવાબ આપતાં મૃગેશ જયકૃષ્ણ જણાવે છે કે આમંત્રણ મળ્યું નથી પરતું અમદાવાદનું નાનકડું સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ બની ગયું તેની બેહદ ખુશી છે !

મૃગેશ જયકૃષ્ણ જ્યારે આ સ્ટેડિયમ બનાવી રહ્યા હતા ત્યારે શહેરીજનોએ તેની મજાક કરતા કહેતા હતા કે શહેરથી આટલે દુર ક્રિકેટની મેચ જોવા કોણ જશે,બિચારા ક્રિકેટરો એકલા એકલા રમ્યા કરશે, આજે આ સ્ટેડિયમના કારણે ક્રિકેટ જગતમાં અમદાવાદનું નામ લેવાતું રહેશે ! તમામ ગુજરાતી અને ખાસ કરીને પ્રત્યેક અમદાવાદીએ મોટેરા - સ્ટેડિયમની સૌપ્રથમ પરિકલ્પના કરનાર મૃગેશ જયકૃષ્ણને ધન્યવાદ પાઠવવા જોઈએ !

## રણુજાના પેટ્રોલપંપમાં તસ્કરો દ્વારા રૂા.ત્રીસ હજારનો હાથફેરો

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૬

કાલાવડ નજીકના રણુજા પાસે આવેલા પેટ્રોલપંપમાં બુધવારની રાત્રે આખા દિવસના વકરાની ટેબલના ખાનામાં રાખેલી રૂા. ૩૦ હજાર ઉપરાંતની રકમ એક તસ્કર ઉઠાવી ગયો છે. મોડીરાત્રે ચૂપકીદીથી પંપની ઓફિસમાં બારી વાટે ઘુસેલા તસ્કરનું કારસ્તાન સીસીટીવી કેમેરામાં કેદ થયું છે. કાલાવડ નજીકના રણુજા (દેવપુર) ગામમાં રહેતા અને ત્યાં જ આવેલા સમર્પણ પેટ્રોલપંપમાં મેનેજરની ફરજ બજાવતા ચેતનભાઈ વેલજીભાઈ ચીખલીયા બુધવારની રાત્રે પોતાના પંપ પર હાજર હતાં. તેઓએ નિત્યક્રમ મુજબ બારેક વાગ્યે પેટ્રોલપંપના ફીલરો પાસેથી હિસાબ મેળવ્યા પછી જુદા જુદા દરની ચલણી નોટો એકઠી કરી કુલ રૂા. ૩૦,૪૦૦ની રકમ ઓફિસના ટેબલના ખાનામાં મૂકી હતી.

ત્યારપછી રાત્રે સવા ત્રણ વાગ્યાથી પોણા ચાર વાગ્યાના સમય દરમ્યાન પેટ્રોલપંપ પર જીજે-૧૦-સીડી-૩૭૯૯ નંબરનું હીરો મોટરસાયકલ આવ્યું હતું. આ વાહનના ચાલકે નિદ્રાધીન રહેલાં કર્મચારીઓને ખબર ન પડે તે રીતે ઓફિસ પાસે આવી તેની બારીનો કાચ ખોલી નાખ્યો હતો અને બિલ્લીપગે ઓફિસમાં પ્રવેશ કર્યો હતો.

તે શખ્સે ટેબલનું ખાનું ખોલી તેમાંથી ઉપરોકત રકમ ઉઠાવી લીધી હતી અને પછી આવ્યો હતો તે રીતે જ પલાયન થઈ ગયો હતો. ચોરીની સવારે ફરજ પર આવેલા ચેતનભાઈને જાણ થતાં તેઓએ પેટ્રોલપંપમાં મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા અને તેમાં ઉપરોકત બનાવનો ભાંડો ફૂટ્યો હતો. તેઓએ ગઈકાલે રાત્રે કાલાવડ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## વાંકાનેર બસ સ્ટેન્ડમાંથી મોટર સાયકલની ચોરી

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૬

વાંકાનેર બસ સ્ટેન્ડની અંદર પાર્ક કરેલા બાઈકની ચોરી કરી થયાનો બનાવ સામે આવ્યો છે જેમાં આ બનાવની પોલીસ ફરિયાદ થતાં વાંકાનેર પોલીસે આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી અજયભાઈ ત્રિભુવનભાઈ વોરા (ઉ.વ. ૨૫, રહે.રાતીદેવરી)એ વાંકાનેર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા-૨૨/૦૨/૨૦૨૧ રોજ સવારના સમયે વાંકાનેર એસ.ટી બસ સ્ટેન્ડની અંદર ખુલ્લી પાર્કીગની જગ્યામા તેમણે પોતાના મોટર સાયકલ હીરો હોન્ડા કંપની સ્પ્લેન્ડર નં. GJ 03 EF ૩૪૩૩ પાર્ક કરેલ હોય, જે બાઈકને કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને છનન થઈ ગયો હતો. આ બનાવની ફરિયાદ પરથી વાંકાનેર શહેર પોલીસે અજાણ્યા શખ્સ સામે વાહન ચોરીની ફરિયાદ નોંધી આરોપીને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# મોદી સ્ટેડિયમની પીચથી આઇસીસી ખફા: કાર્યવાહી કરશે?

(જી.એન.એસ.)અમદાવાદ/ દુબઇ,તા.૨૬





અમદાવાદ ટેસ્ટમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦ વિકેટથી માત આપી છે. જોકે, ભારતની જીત કરતાં પિચના વિવાદને લઈને વધારે ચર્ચા થઈ રહી છે.. રમતના બીજા દિવસે ૧૭ વિકેટ પડી હતી. સમગ્ર ટેસ્ટ મેચમાં ૩૦માંથી ૨૮ વિકેટ સ્પિન બોલરોને મળી. મેચ ખતમ થયા બાદ અનેક દિગ્ગજ ખેલાડીઓએ આ પિચ પર સવાલ ઊભા કર્યા છે. યુવરાજ સિંહ, હરભજન સિંહ, વીવીએસ લક્ષ્મણે આ પિચને ખરાબ ગણાવી. બીજી તરફ પુર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર અને ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ આ પિચ પર બેટ્સમેનોના ખરાબ પ્રદર્શનને દોષ આપ્યો. ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટએ કહ્યું કે અમદાવાદની પિચ બરાબર હતી કે ખરાબ હતી તે આઈસીસી નક્કી કરશે. આવો આપને જણાવીએ કે આઈસીસીના પિચને લઈ શું નિયમ છે. કેવી પિચને ખરાબ ગણવામાં આવે છે? જો પિચ ખરાબ હોય તો શું સજા ફટકારવામાં આવે છે?

આઈસીસીના વેબસાઈટ મુજબ પિચ એક એવો ટ્રેક હોય છે જ્યાં બોલ અને બેટની વચ્ચે સંતુલિત મુકાબલો ન હોય. વેબસાઈટ મુજબ, જો પિચ બેટ્સમેનોને વધુ મદદગાર હોય અને બોલરોને જરા પણ મદદ ન મળી રહી હોય કે પછી પિચમાં વધુ સ્પિન કે સીમ હોય અને બેટ્સમેનોને રન કરવાની તક ન મળી રહી હોય તો તેને ખરાબ પિચ કહેવામાં આવે છે. જો પિચમાં સ્પિનર્સને વધારે પડતી મદદ મળી રહી હોય તો પણ ખરાબ પિચની શ્રેણીમાં આવે છે. ભારતીય ઉપમહાદ્વિપમાં પહેલા દિવસે થોડાક ડિગ્રી સુધી બોલ ફરવા લાગે છે પરંતુ તેની સાથે અસમાન ઉછાળ મંજૂર નથી.

વર્ષ ૨૦૧૮માં ભારત અને દક્ષિણ આફ્રિકાની વચ્ચે જોહનસબર્ગ ટેસ્ટ મેચની પિચને ખરાબ શ્રેણીમાં રાખવામાં આવી હતી. રમતના ત્રીજા દિવસે અસમાન ઉછાળના કારણે આ પિચ પર સવાલ ઊભા થયા હતા અને રમતને રોકવી પણ પડી હતી. વર્ષ ૨૦૧૭માં ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે પુણે ટેસ્ટમાં ઉપયોગમાં લેવાયેલી પિચને પણ ખરાબ કરાર કરવામાં આવી હતી જ્યારે તેની પર સ્ટીવ સ્મિથે સદી પણ ફટકારી હતી અને ફાસ્ટ બોલર ઉમેશ યાદવે ચાર વિકેટ પણ ઝડપી હતી. જો અમદાવાદ ટેસ્ટની વાત કરીએ તો અહીં ફાસ્ટ બોલરોને ૩૦માંથી ૨ વિકેટ મળી. ૨૮ વિકેટ સ્પિનર્સે લીધી અને ૧૭ વિકેટ તો એક જ દિવસમાં પડી ગઈ. હવે આઈસીસી તેને ખરાબ પિચ કરાર કરે છે કે નહીં એ તો ટૂંક સમયમાં જાણવા મળશે.

ખરાબ પિચ પુરવાર થાય છે તો મેજબાન સ્થળ પર બે વર્ષ સુધીનો પ્રતિબંધ લાગી શકે છે. જો કોઈ સ્ટેડિયમ પાંચ ડીમેરિટ પોઈન્ટ સુધી પહોંચી જાય છે તો આઈસીસી તેની માન્યતા ૧૨ મહિના એટલે કે એક વર્ષ સુધી રદ કરે છે. બીજી તરફ ૧૦ ડીમેરિટ પોઈન્ટ પર બે વર્ષ સુધી તે સ્ટેડિયમમાં મેચ નથી યોજાતી.

# મોદી સ્ટેડિયમની પીચ બકવાસ, ભારતીય ટીમના પોઇન્ટ કાપવા જોઇએ: ઇંગ્લીશ મીડિયા

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૬



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવામાં આવેલ ત્રીજી ટેસ્ટ મેચ બે દિવસમાં પૂર્ણ થઈ ગઈ. મેચ બે દિવસમાં પૂર્ણ થવા પર ભારતીય કેપ્ટન વિરાટ કોહલી અને ઈંગ્લિશ કેપ્ટન જો રૂટએ સીધો પિચને દોષ આપ્યો નથી. ઈંગ્લિશ ટીમ હારની સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ રેસથી બહાર થઈ ગઈ છે. ચાર મેચની સીરિઝમાં ભારતીય ટીમ ૨-૧થી આગળ છે. અંતિમ મેચ ૪ માર્ચથી આ મેદાન પર જ રમવામાં આવશે. ભારતીય ટીમને ફાઈનલમાં પહોંચવા માટે અંતિમ ટેસ્ટને માત્ર ડ્રો કરવાની જરૂર છે.

ઈંગ્લિશ મીડિયા આ હારને સ્વીકારી નથી શકતી અને પિચને દોષ આપી રહ્યું છે. ટેલીગ્રાફે લખ્યું કે આ પિચ રમવા માટે અનફિટ હતી. મેચ બે દિવસમાં પૂર્ણ થઈ ગઈ. ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના પોઈન્ટ કાપી લેવા જોઈએ અને પિચ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. ટેલીગ્રાફે વધુમાં કહ્યું કે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ કદાચ જ પિચને લઈને આઈસીસીને કોઈ અધિકૃત ફરિયાદ કરશે.

બીજી તરફ, ગાર્ડિયને પિચથી વધુ મેનેજમેન્ટ પર સવાલ ઊભા કર્યા છે. ન્યુઝ પેપરે લખ્યું છે કે ટીમ તે પહેલા ચેન્નઈની પિચ પર પણ સ્પિન બોલરોનો પણ સારી રીતે સામનો કરી ન શકી હતી. જે સિવાય ટીમના ચયનમાં પણ ગરબડ થઈ. ભારતીય ટીમે ત્રણ સ્પિન બોલરોને ઉતાર્યા તો ઈંગ્લેન્ડ માત્ર એક સ્પિન બોલર સાથે આવી. અમારા બેટ્સમેનોએ સ્પિન બોલર સામે બેટીંગ કરવી શીખવી પડશે.

આ ઉપરાંત બીબીસીએ લખ્યું કે ભારતીય ટીમે બે દિવસમાં જ ઈંગ્લેન્ડ સામે સહેલાઈથી જીત મેળવી. પરંતુ બંને ટીમ સારુ ન રમી શકી. ભારતીય ટીમ પણ પ્રથમ વખતમાં માત્ર ૧૪૫ રન કરી શકી. ઈંગ્લેન્ડ ટોસ જીતીને પ્રથમ વખતમાં વધુ સ્કોર ન કરી શકી, જે એક મુખ્ય કારણ રહ્યા.

# ભારત-ઇંગ્લેન્ડની ત્રીજી ટેસ્ટ લોટરી જેવી હતી: ડેવિડ લોઇડ

(જી.એન.એસ.) અમદાવાદ,તા.૨૬

અમદાવાદના નવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ બે દિવસમાં જ પૂરી થઈ ગયા બાદ પીચને લઈને ક્રિકેટ જગતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

ઈંગ્લેન્ડમાં પણ આ મેચ ચર્ચાનો વિષય બની ચુકી છે. ઈંગ્લિશ કોમેન્ટેટર ડેવિડ લોઈડે પોતાની અખબારી કોલમમાં પીચની આકરી ટીકા કરીને લખ્યુ છે કે, આ મેચ એક લોટરી જેવી હતી. અહીંયા કોણ જીત્યુ અને કોણ હાર્યુ તે મહત્વનુ નથી. હા બેટ્સમેનોની ટેકનિક ખરાબ રહી હશે પણ જો આ પ્રકારની પીચ આઈસીસી(ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ને સ્વીકાર્ય હોય તો આ પ્રકારની વધુને વધુ પીચો આગામી મેચોમાં જોવા મળશે અને ટેસ્ટ ક્રિકેટ પર તેની ગંભીર અસર પડશે. ક્રિકેટ બોર્ડને ટેસ્ટ મેચ લાંબી ચાલે તેનાથી કમાણી થતી હોય છે અને ટેસ્ટ મેચ જો ટૂંકી બની જાય તો આર્થિક રીતે નુકસાન થતુ હોય છે.

લોઈડે કહ્યુ હતુ કે, પહેલાની ટેસ્ટની પીચને મેં બેનિફિટ ઓફ ડાઉટ આપ્યો હતો પણ આ પિચ પણ પહેલાની પિચ જેટલી જ ખરાબ હતી. આ માટે ફરી આઈસીસીને સવાલ પૂછાવો જોઈએ, શું આઈસીસી આ પ્રકારે ટેસ્ટ મેચ રમાય તેવુ જોવા માંગે છે, ટેસ્ટ મેચ સમય પહેલા પૂરી થઈ જાય તે આઈસીસીને સ્વીકાર્ય છે ? આ મેચ તો બે દિવસ પણ ચાલી નહોતી.જોકે મન ખબર છે કે, આઈસીસી કોઈ જવાબ નહીં આપે.

ઉલ્લેખનીય છે કે, મોટેરા ટેસ્ટના બીજા જ દિવસે ઈંગ્લેન્ડનો ભૂંડો પરાજય થયો હતો અને ભારતે આ ટેસ્ટ ૧૦ વિકેટથી જીતી લીધી હતી.

# ભારતીય ટીમના ઓલ રાઉન્ડર યુસુફ પઠાણની ક્રિકેટની દુનિયાને અલવિદા: નિવૃત્તિની જાહેરાત

(જી.એન.એસ.)વડોદરા,તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમના ઓલ-રાઉન્ડર યુસુફ પઠાણે શુક્રવારે તમામ પ્રકારના ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. યુસુફ પઠાણે ભારત માટે ૫૭ વન-ડે અને ૨૨ ટી૨૦ મેચ રમી હતી. ૨૦૧૧ની વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમનો ભાગ રહેલો વડોદરાના વિસ્ફોટક ઓલ-રાઉન્ડર યુસુફ પઠાણ ઘણા લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર રહ્યો હતો. ૨૦૧૨થી તે એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો ન હતો. જોકે, આ દરમિયાન તે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં પોતાની વિસ્ફોટક બેટિંગ વડે ક્રિકેટપ્રેમીઓનું મનોરંજન કરતો રહ્યો હતો.



યુસુફ પઠાણે મુંબઈ ઈન્ડિયન્સ વિરુદ્ધ ૩૭ બોલમાં સદી ફટકારી હતી જે આઈપીએલની બીજી સૌથી ઝડપી સદી છે.

આઈપીએલ-૨૦૧૦મા ... આઈપીએલમાં છેલ્લે તે ૨૦૧૯મા સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રમ્યો હતો પરંતુ ફ્રેન્ચાઈઝીએ તેને રિલીઝ કરી દીધા બાદ ૨૦૨૦ની સિઝન માટે યોજાયેલી હરાજીમાં તેને કોઈ ખરીદદાર મળ્યો ન હતો.

યુસુફ પઠાણે શુક્રવારે પોતાના ટ્વિટર પેજ પર નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે કહ્યું હતુ કે, હું મારા પરિવાર, મિત્રો, ચાહકો, ટીમો, કોચ અને સમગ્ર દેશનો આભાર માનું છું જેમણે હંમેશા મને પ્રેમ આપ્યો અને મારો સપોર્ટ કર્યો. તેણે આ પોસ્ટ સાથે એક લેટર પણ અપલોડ કર્યો છે જેમાં તેણે પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે.

યુસુફ પઠાણે ભારત માટે ૪૧ વન-ડે રમતા ૮૧૦ રન નોંધાવ્યા છે જેમાં મોટા ભાગે તેણે ફિનિશરની ભૂમિકા ભજવી છે. તેણે ત્રણ અડધી સદી અને બે સદી ફટકારવા ઉપરાંત ૩૩ વિકેટ પણ ઝડપી હતી. ૧૮ ટી૨૦ ઈનિંગ્સમાં તેણે ૧૪૬.૫૮ની સ્ટ્રાઈક રેટ સાથે ૨૩૬ રન નોંધાવ્યા છે અને ૧૩ વિકેટ ઝડપી હતી.

આઈપીએલમાં યુસુફ પઠાણે કુલ ૧૭૪ મેચ રમી છે જેમાં તેણે ૩૨૦૪ રન નોંધાવ્યા હતા. જેમાં તેની સ્ટ્રાઈક રેટ ૧૪૩ની નજીક રહી છે. આઈપીએલમાં તેણે ૧૩ અડધી સદી અને ૧ સદી ફટકારી છે. આ ઉપરાંત તેણે ૪૨ વિકેટ પણ પોતાના નામે કરી હતી. યુસુફ પઠાણે ત્રણ વખત આઈપીએલ ટ્રોફી જીતી છે. ૨૦૦૭મા તેણે રાજસ્થાન રોયલ્સ માટે પ્રથમ ટ્રોફી જીતી હતી. ત્યારબાદ ૨૦૨૧ અને ૨૦૧૪મા કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે તેણે ટ્રોફી જીતી હતી.

# હાર માટે પીચને જવાબદાર ઠેરવવી યોગ્ય નથી: ઇંગ્લેન્ડનું પ્રદર્શન જ ખરાબ

(જી.એન.એસ.) લંડન,તા.૨૬

અમદાવાદમાં રમાયેલી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડની કારમી હાર બાદ પીચની ગુણવત્તા અંગે સવાલ ઉઠી રહ્યા છે.

જોકે આ મુદ્દે ઈંગ્લેન્ડનુ ક્રિકેટ જગત બે છાવણીમાં વહેંચાઈ ગયુ હોય તેમ લાગે છે.કારણકે ઈંગ્લેન્ડ ટીમના પૂર્વ કેપ્ટન નાસિર હુસેને પીચ પર સવાલ ઉઠાવવા પર આકરા પ્રત્યાઘાત આપ્યા છે.નાસિર હુસેનનુ કહેવુ છે કે, ઈંગ્લેન્ડની ટીમનુ પ્રદર્શન ખરાબ રહ્યુ હતુ.આ માટે પીચને જવાબદાર ઠેરવી શકાય નહીં.

પોતાની અખબારી કોલમમાં તેમણે લખ્યુ હતુ કે, મને નથી લાગતુ કે, અમદાવાદની પીચ બેટસમેન માટે મદદગાર હતી પણ ટેસ્ટ હારવા માટે ઈંગ્લેન્ડની ટીમ પીચને જવાબદાર ઠેરવી શકે નહીં.ભારતના બોલરો અક્ષર પટેલ અને અશ્વિને પીચની સ્થિતિનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો.અક્ષર પટેલે સચોટ લાઈન લેન્થ પર બોલિંગ કરી હતી અને અશ્વિનની બોલિંગમાં વિવિધતા નજરે પડી હતી.

હુસૈને આગળ લખ્યુ હતુ કે, ભારતીય ટીમ પણ આ પીચ પર ૧૪૫ રનમાં ઓલ આઉટ થઈ હતી તે ભૂલવાની જરુર નથી.જો રુટ જો પાંચ વિકેટ આ પિચ પર લેતો હોય તો તેનો મતલબ એ છે કે, પીચમાં કોઈ ખરાબી નહોતી.ટોસ જિત્યા બાદ ઈંગ્લેન્ડની ટીમે સારી બેટિંગ કરવાની જરુર હતી.આ મેચના પરિણામે બતાવ્યુ છે કે, આ પ્રકારની સ્થિતિ હોય ત્યારે ઈંગ્લેન્ડની ટીમની સ્થિતિ શું હોય છે. પીચ અને થર્ડ અમ્પાયરિંગ અંગે ચર્ચા થશે પણ હકીકત એ છે કે, ટોસ જીત્યા બાદ ઈંગ્લેન્ડની ટીમ ૭૪ રન પર બે વિકેટ ગુમાવ્યા બાદ માત્ર ૧૧૨ પર ઓલઆઉટ પર ઓલઆઉટ થઈ હતી.

# સન્નીની દિકરી નિશા પિતાને જોઇ એવી વળગી પડી કે જાણે જન્મોથી દૂર, વીડિયો વાઇરલ

(જી.એન.એસ.)તિરુવનંતપુરમ,તા.૨૬



સની લિયોનીની દીકરી નિશા કૌરનો એક સૌથી પ્રેમાળ વીડિયો અત્યારે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો એરપોર્ટનો છે. જ્યાં નિશા પોતાના પપ્પા ડેનિયલ વેબરને જોઇ દોડીને ગળે વળગી જાય છે. આ દરમ્યાન પાછળ સની લિયોનીના બંને દીકરા નોહ અને અશરનું એક્સાઈમેંટ પણ જોવા જેવું હોય છે. સની લિયોની 'એમટીવી સ્પ્લિટસવિલા ૧૩'નું શુટિંગ કેરળમાં કરી રહી હતી અને સાંજે મુંબઇ પાછી આવી. ત્યારબાદ એરપોર્ટ પર જે નજારો જોવા મળ્યો તે પાપારાઝીઓએ કેમેરામાં કેદ કરી લીધો. સનીની સાથે તેના ત્રણ બાળકો પણ શુટિંગમાં સાથે ગયા હતા. સનીનો પતિ ડેનિયલ પહેલેથી જ એરપોર્ટ પર પોતાના ફેમિલીની પાછા ફરવાની રાહ જોઇ રહ્યો હતો.

પપ્પા-દીકરીનો આ વીડિયો ઈન્ટરનેટ પર ફેન્સના ખૂબ દિલ જીતી રહ્યું છે. ડેનિયલ પોતાના બાળકોને ગળે લગાવવા માટે ઘૂંટણિયે બેસી જાય છે અને પછી ત્રણેય બાળકો તેની તરફ દોડી પડે છે. આ વીડિયોમાં પપ્પા ડેનિયલને જોઇ નિશા સૌથી ઝડપથી દોડવા લાગે છે અને પપ્પાને ગળે લગાવીને ખુશીથી ઉછળી પડે છે. પાછળ નિશાના બંને ભાઇ પણ પોતાના પિતા ડેનિયલને ગળે લાગે છે. નિશાની ખુશી એવી છે કે દરેક લોકોના દિલ જીતી લે છે. વીડિયોના અંતમાં ડેનિયલ અને સની લિયોની માસ્ક ઉતારીને એકબીજાને કિસ કરતાં દેખાય છે.

ફેન્સ નિશા અને ડેનિયલના આ વીડિયો પર ખૂબ કોમેન્ટ કરી રહ્યા છે. કોઇ તેને અનકંડિશનલ અને સાચ્ચો પ્રેમ કહ્યો તો કોઇએ સની લિયોની અને ડેનિયલ દ્વારા બાળકીને દત્તક લીધાના વખાણ કર્યા. આપને જણાવી દઇએ કે ૨૦૧૭માં સની લિયોની અને તેના પતિ ડેનિયલ વેબરે નિશાને લાતૂર (મહારાષ્ટ્ર)ના ચાઇલ્ડ હોમમાંથી દત્તક લીધી હતી. જ્યારે નોહ અને અશર સરોગેસીથી જન્મયા છે. સની અને ડેનિયલ પોતાના ત્રણ બાળકોની સાથે ખુશાલ જિંદગીને એન્જોય કરી રહ્યા છે.

# કંગના-રિતિક ઇમેલ વિવાદ: ક્રાઇમ ઇન્ટેજિલન્સ યુનિટે રીતિકને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૬

કંગના રનૌત સાથે જોડાયેલા ઈમેલ કેસના સંદર્ભમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચની 'ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટ'એ રીતિક રોશનને સમન્સ પાઠવ્યું છે. રીતિક ૨૭ ફેબ્રુઆરી, શનિવારના રોજ સીઆઈયુની ઓફિસમાં જઈને નિવેદન નોંધાવશે. માનવામાં આવે છે કે રીતિકનું નિવેદન લીધા બાદ કંગનાનું સ્ટેટમેન્ટ પણ રેકોર્ડ કરવામાં આવશે. રીતિક તથા કંગના વચ્ચે ચાલતા આ પાંચ વર્ષ જૂના કેસને ડિસેમ્બર, ૨૦૨૦માં સીઆઈયુને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ પહેલાં કેસની તપાસ સાયબર પોલીસ કરતી હતી. રીતિકની એફઆઈઆર પ્રમાણે, તેને ૨૦૧૩થી ૨૦૧૪ સુધી અનેક ઈમેલ મળ્યા હતા. ત્યારબાદ ૨૦૧૬માં તેણે સાયબર સેલમાં ફરિયાદ કરી હતી.

આ તમામ મેલ કંગનાના આઈડીથી મોકલવામાં આવ્યા હતા. રીતિક તરફથી આ કેસ કોઈ અજાણી વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવ્યો હતો. આ કેસ આઈપીસી આર/ડબલ્યુ ૬૬ સી અને ડીની કલમ ૪૧૯ હેઠળ કરવામાં આવ્યો હતો. એક અહેવાલ પ્રમાણે, સીનિયર એડવોકેટ મહેશ જેઠમલાણીએ મુંબઈ પોલીસ કમિશ્નર પરમબીર સિંહને પત્ર લખીને ડિમાન્ડ કરી હતી કે આ કેસની તપાસમાં હજી સુધી કંઈ પ્રોસેસ થઈ નથી. ત્યારે કમિશ્નરે કેસ સાયબર સેલમાંથી સીઆઈયુને ટ્રાન્સફર કરી દીધો હતો.

# ભીડમાંથી કોઇએ દિપીકા પાદુકોણનું પર્સ ખેંચવાની કૌશિષ કરી: વીડિયો વાઇરલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૬



દીપિકા પાદુકોણ રાત્રે ભીડની વચ્ચે કંઇક એવી રીતે ફસાય ગઇ કે તેને ત્યાંથી નીકળવું મુશ્કેલ થઇ ગયું હતું. આમ તો ફિલ્મ સ્ટાર્સ માટે ફેન્સનું ગાંડપણ મોટાભાગે કેમેરામાં કેદ થઇ જાય છે અને આ વખતે પણ નજારો કંઇક જુદો હતો. હદ તો ત્યારે થઇ ગઇ જયારે ભીડમાંથી કોઇએ દીપિકાનું પર્સ ખેંચવાની કોશિશ કરી. દીપિકા પાદુકોણનો આ વીડિયો અત્યારે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઇ રહ્યો છે. જો કે દીપિકા એક રેસ્ટોરાંમાં ડિનર માટે પહોંચી હતી, ત્યાં લોકોને ખબર પડી તો બહાર ફેન્સની ભીડ ભેગી થવા લાગી. જ્યારે જમ્યા બાદ દીપિકા બહાર નીકળવા ગઇ તો ત્યાં હાજર ભીડનું ગાંડપણ જોઇ ખૂબ ગભરાય ગઇ.

જેમ-તેમ કરીને ધીમે-ધીમે ભીડની વચ્ચેથી નીકળી કારણ કે તેણે પોતાની ગાડી સુધી પહોંચવાનું હતું. આ વીડિયોમાં કેટલાંક ટિશ્યૂ પેપર વેચતી મહિલાઓ પણ દીપિકાની નજીક આવી રહી છે. આ મહિલાઓ તેને ટિશ્યૂ પેપર ખરીદવા માટે કહેતી દેખાય છે. જેમ-તેમ કરીને તેના ગાર્ડસ તેને ભીડથી બચાવાની કોશિષમાં લાગી ગયા હતા ત્યારે કોઇએ તેની હેન્ડ બેગ ખેંચવાની કોશિશ કરી, પરંતુ દીપિકાની પકડ મજબૂત હતી.

સિક્યોરિટી આ જોઇ તરત જ હરકતમાં આવી ગયું. વર્કફ્રન્ટની વાત કરીએ તો ફિલ્મ '૮૩'માં તેઓ રણવીર સિંહની સાથે નાનકડી ભૂમિકા સિવાય શકુન બત્રાની અનટાઇટલ્ડ ફિલ્મમાં દેખાશે. તેના ફિલ્મમાં તેની સાથે અનન્યા પાંડે અને સિદ્ધાંત ચતુર્વેદી દેખાશે. આ ફિલ્મો સિવાય તેની બીજી એક ફિલ્મ 'પઠાન' છે, જેમાં શાહરૂખ ખાન અને જૉન અબ્રાહમ પણ દેખાશે. તેના શુટિંગ માટે દીપિકા ટૂંક સમયમાં જ દુબઇ રવાના થશે. દીપિકાની બીજી એક ફિલ્મ આવવાની છે જે સિદ્ધાર્થ આનંદની 'ફાઇટર' છે, જેમાં તેની સાથે રિતિક રોશન દેખાવાનો છે.

# ગુજરાત સરકાર નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ પાછુ લઇ ભૂલ સુધારે: સુબ્રમણ્યમ્ સ્વામી

(જી.એન.એસ.) ન્યુ દિલ્હી,તા.૨૬

ગુજરાતના અમદાવાદમાં આવેલા દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ 'મોટેરાનું નામ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવાના સરકારના નિર્ણય અંગે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સુબ્રહ્મણ્યમ સ્વામીએ વાંધો ઉઠાવ્યો છે. સ્વામીએ સલાહ આપતાં કહ્યું હતું કે ગુજરાતની સરકારે નરેન્દ્ર મોદીનું નામ પાછું લઈ લેવું જોઈએ અને કહેવું જોઈએ કે આવું કરતાં પહેલાં અમે તેમની સલાહ નહોતી લીધી.

સુબ્રહ્મણ્યમ સ્વામીએ ટ્વીટ કરીને લખ્યું છે કે ગુજરાતના એક જમાઈના રૂપમાં રાજ્યના ઘણા લોકોએ મને સ્ટેડિયમથી સરદાર પટેલનું નામ હટાવવા અંગેની વાત જણાવી હતી. મારું સૂચન એટલું છે કે ગુજરાત સરકારે ભૂલ સુધારવી જોઈએ અને નરેન્દ્ર મોદીનું નામ પાછું લેવું જોઈએ. આવું કરતાં તેમણે કહેવું જોઈએ કે નામ બદલતી વખતે મોદી પાસેથી સલાહ નહોતી લીધી; એટલા માટે એને પાછું લઈ રહ્યા છીએ. આવું પહેલી વખત નથી બન્યું, જ્યારે સ્ટેડિયમ પર સુબ્રહ્મણ્યમ સ્વામીએ આવું કોઈ નિવેદન આપ્યું છે.

આ પહેલાં સ્વામીએ નામ બદલવા અંગે કટાક્ષ પણ કર્યો હતો. સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમને માત્ર મોટેરા સ્ટેડિયમ કહેવા અંગે તેમણે કહ્યું હતું કે આવું કહેવું ખોટું છે. તેમણે ટ્વીટ કર્યું છે કે જ્યારે કોઈ આવું કહે છે કે મોદી સ્ટેડિયમનું પૂરું નામ મોટેરા સ્ટેડિયમ હતું તો ખોટું બોલે છે. શું સરદાર પટેલ સ્ટેડિયમનું નામ ન હતું? મળતી માહિતી પ્રમાણે, ટીકાઓ અંગે ઘણી વખત સમાચારોમાં રહેતા સુબ્રહ્મણ્યમ સ્વામી છેલ્લાં ઘણાં વર્ષોથી ભાજપના નેતૃત્વથી નારાજ છે.

# શૂટિંગ દરમિયાન ધડામથી પડી પ્રિયા પ્રકાશ વોરિયર, વિડીયો વાયરલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૬

પ્રિયા પ્રકાશ વારિયર આ દિવસોમાં ચર્ચામાં છે. તે તેલુગૂ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'ક્રેક'ની સાથે ડેબ્યૂ કરવા જઇ રહી છે. તે નીતિનની સાથે જોવા મળશે. તેનું આ ફિલ્મનું પહેલું ગીત પણ રિલીઝ કરવામાં આવ્યું છે અને તેની સ્ટાઇલ પણ ચાહકોને ખૂબ પસંદ પણ આવી રહી છે. પરંતુ પ્રિયા પ્રકાશ વોરિયરે તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે ફિલ્મ 'ક્રેક' માટેનાં ગીતનું શૂટિંગ કરી રહી છે. તે આ વીડિયોમાં દોડતી આવે છે અને નીતિનની પીઠ પર ચઢે છે. પરંતુ નિતીન તેને યોગ્ય રીતે પકડી શક્યો નહી અને પ્રિયા પ્રકાશ વોરિયર પણ પોતાનો બેલેન્સ રાખી શકી નહી.

પ્રિયા પ્રકાશ વોરિયરે આ વીડિયોને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરતાં લખ્યું છે કે, આ જીંદગી મને કેવી રીતે ધરાસાઇ કરી રહી છે, તેની એક ઝલક છે, અને હું દર વખતે ઉભી થઇ જાઉ છું અને સંપૂર્ણ વિશ્વાસ સાથે આગળ વધું છું. આ રીતે, પ્રિયા પ્રકાશ વોરિયરે આ વીડિયોને તેના જીવન સાથે જોડી દીધો છે. પરંતુ પ્રિયા પ્રકાશ જેવી ધડામથી જમીન પર પડી, સેટ પર હંગામો મચી જાય છે.

# ખેતિમાં વપરાતા રાસાયણિક ખાતરોના ભાવમાં થેલી દીઠ રૂા.૩૦૦ સુધોની વધારો

## ખેતિના સાધનોના સતત વધતા ભાવોથી ઉત્પાદન ખર્ચ વધતાં આપોઆપ ખેડૂતોની આવક બમણી થઈ !

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૬

દેશમાં એક તરફ ખેડૂનોને તેનાં ઉત્પાદનોના પુરતા ભાવો વચેટીયાઓ તથા સંગ્રહાખોરોના કારણે મળતા નથી ત્યારે સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાની વાતો સતત દોહરાવવામાં આવી રહી છે. તેવા સમયે સખત વધી મોંઘવારીના કારણે ખેડૂતોના ઉત્પાદનોનાં બિયારણ, મજૂરી ખાતરનાં અને પેટ્રોલ-ડિઝલનાં સતત વધતા ભાવોનાં કારણે ઉત્પાદનોની પડતર કિંમત વર્તમાનમાં જ દોઢાથી બમણી જેવી થઈ જવા પામેલ છે. ‘‘એક તરફ દેશની કેન્દ્રની હોય કે રાજ્યની સરકાર ખેડૂતોના કલ્યાણની વાતો પટારા-ખટારા ભરાય તેટલી કરે છે. પરંતુ તેનો લાભ ફૂટેલી વ્યવસ્થાના કારણે સાચા લાભાર્થી સુધી પહોંચતો નથી. આ લાણી કેટલાક લેભાગુ-લાગવગીઓ સુધી પહોંચી જાય છે. પરિણામે ખેડૂતની હાલત સતત કથળતી રહે છે. દેશમાં નવા ખેડૂત કાયદા મામલે સર્જાયેલ ગૂંચવડાના ઉકેલની કોઈ તક નજરે ચડતી નથી ત્યારે જ સરકાર અને



ખાતર ઉત્પાદક કંપનીઓ દ્વારા ખેતિમાં વપરાતા કેટલીક પ્રકારના ખાતરનાં દરોમાં ૨૦ થી ૩૫ ટકા જેવો ભાવ વધારો ૧ લી માર્ચથી અમલી બનાવી ખેડૂતો માટે પડ્યા પર પાટુ સમાન નિર્ણય જાહેર કરેલ છે. ‘‘આગામી તા.૧ માર્ચથી સરકારે અને ખાતર ઉત્પાદકો દ્વારા જે નવો ભાવવધારો જાહેર કરાયો છે તેમાં ખેતિમાં વપરાતા રાસાયણિક ખાતરની જુદી જુદી જાતમાં રૂા.૧૭૫ થી રૂા.૩૦૦ સુધીનો વધારો અમલી બનાવેલ છે. જેમાં ડી.એ.પી. ખાતરની પ્રત્યેક થેલી દીઠ રૂા.૩૦૦, એન.એ.પી. ખાતરની થેલીમાં રૂા. ૨૨ણ અને એ.એસ.પી. ખાતરની થેલી થેલી દીઠ રૂા.૧૭૫નો સીધો વધારો ઝીંકવામાં આવતાં ખેડૂતોના ઉત્પાદનનો ખર્ચ અંદાજે ૨૦ થી ૩૦ ટકા વધશે. આમ પેટ્રોલ-ડિઝલ, વિજળી, મજૂરી, બિયારણ અને ખાતરનાં દર સતત વધતા રહેતા ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ વધતાં તેની આવક અત્યારે પાંચ વર્ષ પહેલાની સરખામણીએ બમણી થઈ જવા પામી છે પણ ખર્ચ તેનાથી વધુ વધ્યો છે.

# ઉમેશ યાદવ અને યુસુફ પઠાણે ક્રિકેટક્ષેત્રે સન્યાસ જાહેર કર્યો

ચક્વાત ટીમ ગાંધીનગર તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમમા અનેક ટેસ્ટ, વનડે તેમજ ટી-૨૦ મેચમાં પોતાની ઘાતક બોલીંગ અને બેટના પ્રહારથી હરીફ ટીમના બોલરના છક્કા છોડાવનાર યુસુફ પઠાણ તથા ઉમેશ યાદવ બન્ને ક્રિકેટરોએ આજે ક્રિકેટરોએ આજે ક્રિકેટમાંથી પોતાના સન્યાસની જાહેરાત કરેલ છે. ‘‘ઉમેશ યાદવે તેની મધ્યમ તેજ ઝડપની બોલીંગ તથા સ્વીંગની કળાથી અનેક ધુરંધર બેટસમેનોને મુંઝવ્યા હતા તેમજ યુસુફ પઠાણની વિખ્યાતી ફાફડા ફટકાબાજ તરીકે થતી હતી. ભૂતકાળમાં યુસુફ પઠાણની ફટકાબાજીનાં કારણે ભારતની ટીમે હરીફ ટીમોને પરાસ્ત કરેલ હતી. તો કેટલાક મેચમાં યુસુફે શાનદાર બોલીંગનું પ્રદર્શન પણ કરેલ હતું.

# પાકિસ્તાન મરિન્સ દ્વારા ભારતની ૩ બોટ તથા ૧૧ માચ્છીમારનું અપહરણ

## તાજેતરમાં પાકિસ્તાની જેલમાં કેદ પૈકી ૩૦૦થી વધુ માચ્છીમારોને મુક્ત કરવાની વાત બાદ આજનું પરાક્રમ

રાજકોટ, તા.૨૬

રાજ્યમાં જીલ્લા-તાલુકા પંચાયતોની તેમજ નાગરપાલિકાના મતદાનની ઘડીઓ ગણાય રહી છે ત્યારે હજુ બે દિવસ પહેલા પાકિસ્તાની જેલમાં કેદ ભારતીય માચ્છીમારો પૈકી ૩૦૦થી વધુ માચ્છીમારોને ત્રણ તબકકામાં મુક્ત કરવા અંગેની વાતો બહાર આવેલ હતી, દરમ્યાન બુધવારે રાત્રીના ભારતીય જળસીમા નજીકથી પાકિસ્તાન મરિન્સે માચ્છીમારી કરી રહેલ ૩ બોટ સાથે ૧૮ માચ્છીમારોનું અપહરણ કરી કરાંચી તરફ ઉઠાવી જવાયા હતા.



બુધવારે સર્જાયેલ આ ઘટના બાદ માચ્છીમાર સમાજના વર્તુળોમાંથી જાણવા મળતી વિગતો અનુસાર પાકિસ્તાન મરિન્સ દ્વારા અંધાધૂંધ ગોળીબાર ચલાવી ભારતની સીમામાં માચ્છીમારી કરી રહેલ બોટો પર આતંક વર્તાવી ૩ બોટ તથા ૧૮ માચ્છીમારોનું બંદુકના નાળચે અપહરણ કરી કરાંચી તરફ ઉઠાવી જવામાં આવેલ.

પાકિસ્તાન મરિન્સ દ્વારા અપહૃત કરાયેલ ૩ બોટમાં ૨ ઓખાની તથા ૧ પોરબંદરની હોવાનું આધારભૂત સુત્રો જણાવી રહેલ છે. બીજી તરફ માચ્છીમાર વર્તુળોમાંથી પ્રાપ્ત થતા અહેવાલો અનુસાર પાકિસ્તાન મરિન્સ દ્વારા અપહરણ કરી કરાંચી તરફ ઉઠાવી જવાયેલ ૩ બોટ તથા ૧૮ માચ્છીમારો પૈકી એક બોટ તથા ૬ થી ૭ વૃદ્ધ-અશકત અને બાળકને મુક્ત કરી ભારતની સરહદ તરફ રવાના કરાયેલ છે પરંતુ આ બાબતને સતાવાર કે કોઈ ચોક્કસ સમર્થન હજુ સુધી મળેલ નથી.

# રાજ્યમાં કોરોનાના કેસમાં ઉછાળો નોંધાતા હાઈકોર્ટ સરકાર-તંત્રની ઝાટકણી કાઢી

## કેસ વધી રહ્યા છે તો સરકાર-તંત્ર શું કરે છે કેસ ઘટાડવા શું પગલા લેવાયા? માર્ગદર્શિકાનું પાલન કયાં?

રાજકોટ, તા.૨૬

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આખરી તબકકામાં પ્રવેશી રહી છે ત્યારે છેલ્લા એકાદ માસના સમયગાળા દરમિયાન સરકારી દાવાઓ મુજબ સતત નિયંત્રણમાં રહેલા કોરોનાના કેસો મહાનગરના પરિણામો બાદ અચાનક જ અચરજ પમાડે તેવો ઉછાળો થવા લાગ્યો છે. કોરોનાના વધતા કેસો મામલે રાજયની વડી અદાલતે જાતે જ નોંધ લઈ અરજી દાખલ કરી કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યો સરકાર તંત્રની નબળી કામગીરીની આકરી ઝાટકણી કાઢી સરકાર શું કરે છે તેવો પ્રશ્ન એડવોકેટ જનરલને કર્યો હતો.

### વડી અદાલતે સુઓમોટોની (સંજ્ઞાન લઈ) સુનાવણી હાથ ધરી



રાજયમાં ચૂટણી સમયે બેફામ બનેલા નેતાઓએ મત મેળવવા એક નહીં અનેક સ્થળોએ કોરોનાની માર્ગદર્શિકના જાહેરમાં લીરા ઉડાડયા હતા ત્યારે અમલદારોએ જે અસરથી પગલા લેવા જોઈએ તેમાં લાજ કાઢી હતી, ચૂંટણી સમાપ્ત થવા આવી ત્યારે હવે ફરી કોરોનાના કેસોમાં સતત ઉછાળો નોંધાય રહયો છે આ બાબત રાજયની વડી અદાલતના ધ્યાને આવતા અદાવતને સુઓ મોટો દાખલ કરી સરકાર તથા તંત્રની કામગીરી સામે આક્રોશ દર્શાવતા તુરંત જ પોલીસ મહાનિર્દશ આશિષ ભાટીયાએ પત્રકારો સમક્ષ આવી કોરોનાની માર્ગદર્શિકા ફરજીયત માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સનું ચૂસ્ત પાલન કરાવવાના બણગા ફુંકયા પરંતુ ચૂંટણી સમયે યોજાયેલ જાહેરસભાઓ-રેલીઓમાં ધજાગરા ઉડયા ત્યારે ક્યાં હતાં...

કોરોના ગાઈડલાઈનના ભંગના એકાદ-બે કિસ્સામાં કોઈપણ સમયે બચાવ કરવામાં ઉપયોગી થાય તેવા આશયથી તંત્રએ કામગીરી કરેલ છે. પરંતુ આ કામગીરી ભંગ થતાં કિસ્સાની સરખામણીએ માત્ર બે થી ત્રણ ટકા માંડ હશે! અહીં કરે કોઈ ભરે કોઈ સ્થિતીનું સર્જન થવા પામેલી છે. તેથી જ અદાલતે સરકાર તથા તંત્રનો ઉઘડો લેવાની ફરજ પડેલ છે. ‘‘ચૂંટણી કાર્યક્રમ દરમ્યાન ટેસ્ટીંગની સંખ્યા સતત ઘટાડવામાં આવી તદ ઉપરાંત રાજકીય પક્ષનાં નેતાઓ-કાર્યકરો કોરોના જેવું કાંઈ નથી તેવું સમજી બે લગામ બની ગયા હતા. હાલ રાજ્યમાં કોરોનાના કેસોની સંખ્યામાં ૪૫ થી ૪૭ ટકાનો વધારો થઈ રહ્યો છે. આ તમામ મામલે સરકાર બની અદાલતમાં હાજર રહેલ એડવોકેટ જનરલને અદાલતે અણીયાર સવાલો કર્યા હતા.

### બોટાદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસને ફટકો

# ૧૪ ઉમેદવારોના ફોર્મ રદ કરવાના આદેશને રદ કરવાની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી



(જી.એન.એસ.)બોટાદ,તા.૨૬

બોટાદ જિલ્લા પંચાયતના ચૂંટણી અધિકારી દ્વારા ૧૪ ઉમેદવારોના નોમિનેશન ફોર્મ રદ કરવાના આદેશને રદ કરવા માટે દાખલ કરવામાં આવેલી અરજી પર શુક્રવારે ગુજરાત હાઈકોર્ટે ચૂંટણી પંચના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈક્રાર કરી દીધો છે. અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ૧૫મી ફેબ્રુઆરીના રોજ નોમિનેશન ફોર્મમાં ભૂલ સુધારા કર્યા બાદ ફોર્મનું ઈનવર્ડ કરવામાં આવ્યું હતું.

જે બાદ ચૂંટણી અધિકારીએ અરજદારોને (ઉમેદવારોને) આ મુદ્દે ચિંતા ન કરવા કહ્યું હતું અને હવે ફોર્મનું કાયદાને આધીન સ્ક્રુતિની કરવામાં આવશે. જોકે બોપોરે ૩ વાગ્યે ચૂંટણી અધિકારીએ અરજદારોને તેમના નોમિનેશન ફોર્મ રદ કરવામાં આવે તેવું જણાવ્યું હતું.અરજદારો તરફે આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, બોટાદના ધારાસભ્ય સૌરભ પટેલે ચૂંટણી અધિકારીની કચેરીની મુલાકાત લીધી હતી.

અરજદારો દ્વારા બોટાદ જિલ્લા પંચાયતના ચૂંટણી અધિકારીને તેમના ફોર્મ રદ કરવાના નિણર્ય પર ફેર-વિચારણા કરવા મુદ્દે રજુઆત કરી હતી. અગાઉ હાઈકોર્ટે આ મુદ્દે રાજ્યના ચૂંટણી પંચને નોટિસ પાઠવીને ખુલાસો માંગ્યો હતો.

### પેસેન્જર ટ્રેનમાંથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક મળતા હડકંપ

# કેરળના કોઝીકોડમાં પેસેન્જર ટ્રેનમાંથી જિલેટિનની ૧૦૦ સ્ટીક, ૩૫૦ ડિટોનેટર કરાયા જપ્ત

(જી.એન.એસ.)કોઝિકોડ,તા.૨૬

દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીના નિવાસસ્થાન આગળથી વિસ્ફોટક એવા જિલેટિન ભરેલી સ્કોર્પિયો ગાડી મળી આવતા દેશભરમાં સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાની હજી તપાસ આરંભાઈ જ છે ત્યાં કેરળમાંથી એક ટ્રેનમાંથી મહિલા પાસેથી જિલેટીન રોડ અને ડિટોનેટરનો જથ્થો મળી આવતા હડકંપ મચી જવા પામ્યો છે.

કેરળના કોઝીકોડ રેલવે સ્ટેશન પરથી એક પેસેન્જર ટ્રેનમાં વિસ્ફોટકોનો આખો જથ્થો મળી આવ્યો છે. રેલવે સુરક્ષા બળોએ ટ્રેનમાંથી એક મહિલા પાસેથી અધધ ૧૦૦થી પણ વધારે જિલેટિન રોડ અને ૩૫૦ જેટલા ડિટોનેટર્સ જપ્ત કર્યા છે.



ગઈ કાલે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના મુંબઈના માલાબાર હિલ ખાતે આવેલા ઘરની નજીકથી જ એક ૨૦ જિલેટિન રોડ ભરેલી એક શંકાસ્પદ સ્કોર્પિયો કાર મળી આવતા સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાના પડઘા હજી શાંત પણ નથી પડ્યાં ત્યાં કેરળના કોઝિકોડ ખાતેથી એક મહિલા ૧૦૦ જિલેટિન રોડ અને ૩૫૦ ડિટોનેટર્સ સાથે ઝડપાઈ છે. કોઝિકોડ રેલવે સ્ટેશન પર ચેન્નઈ-મંગલાપુર એક્સપ્રેસ – ૦૨૬૮૫માંથી વિસ્ફોટકોનો આખો જથ્થો મળી આવ્યો છે.

ટ્રેનમાં આટલી મોટી માત્રમાં વિસ્ફોટકો મળી આવતા પોલીસે મહિલાની ધરપકડ કરી છે. મહિલા તમિળનાડૂ જઈ રહી હતી. ટ્રેનમાં મહિલાની સીટ નીચેથી આ વિસ્ફોટકો મળી આવ્યા હતાં. મહિલા આ વિસ્ફોટકો કુવો ખોદવા માટે લીધા હોવાનું જણાવ્યું હતું. રેલવે પોલીસને મહિલાની આ વાત પર વિશ્વાસ નથી. જેથી મહિલાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.




# ધોલેરામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ૯૮૭ કરોડનું ટેન્ડર પડાયું બહાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૬

એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ ગુરુવારે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટની કામગીરી માટે ૯૮૭ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડ્યું છે. વિશ્વભરની કન્સ્ટ્રકશન એજન્સીઓ આ એરપોર્ટ નિર્માણના કાર્ય માટે બીડ કરી શકશે. આ એરપોર્ટના મુખ્ય બિલ્ડિંગ ઉપરાંત અન્ય સુવિધાઓ તેમજ સાડા ત્રણ કિલોમીટર લાંબો રન-વે બનાવવા માટેનું કામ આ ટેન્ડરમાં શામેલ છે. આ એરપોર્ટ સાથે કેટેગરી-૯નું ફાયર સ્ટેશન, ૪ઈ પ્રકારના એરક્રાફ્ટનું લેન્ડિંગ તથા ઉડ્ડયન થઈ શકે તેવી ક્ષમતાની સુવિધા તથા



કાર્ગો તેમજ પેસેન્જરના ટ્રાન્સપોર્ટની તમામ સગવડો ધરાવતું હશે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયન તથા સિટીને સંલગ્ન આ એરપોર્ટ વિશ્વકક્ષાના એરપોર્ટની તુલના કરી શકે તેવું હશે.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ કુમાર દાસે જણાવ્યું કે, આ એરપોર્ટને કારણે ધોલેરા તથા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયન માટેની ઘણી જરૂરિયાતો પૂરી પાડનારું હશે. આ એરપોર્ટને કારણે અમદાવાદના એરપોર્ટ પરનું ભારણ ઘટશે તથા એરપોર્ટ આધારિત અર્થતંત્રને તેના કારણે વેગ મળશે. ગુજરાતમાં આવનારા સમયમાં એરોસ્પેસ ઈકોસિસ્ટમને આ એરપોર્ટથી વેગ મળશે. ધોલેરા એસઆઈઆરના એમડી હારિત શુક્લાએ જણાવ્યું કે આ ગુજરાતનું સૌથી મોટું એરપોર્ટ બની રહેશે .

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)